પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૬-૧૨-૨૦૨૫, મંગળવાર
વર્ષ: ૧૪, અંક : ૨૩૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

એક વ્યક્તિ તેની વિચાર સરણી બદલીને પોતાના ભવિષ્યને બદલી શકે છે...

**પ્રદેશ ભાજપ મહામંત્રી પદ માટે સૌરાષ્ટ્રના ત્રણ નેતાઓના નામ ચર્ચામાં**

(વાંચો છેલ્લા પાને)

# દિલ્હી-આગ્રા એક્સપ્રેસ વે પર ધુમ્મસથી અનેક બસ આગના ગોળામાં ફેરવાઈ: ૧૩ના મોત, ૬૦થી વધુ ઘાયલ

## ધુમ્મસના કારણે હાઈવે પર ગાડીઓના થપ્પા, અકસ્માત બાદ ૮ બસો અને ૩ કારમાં આગ



### ૧૭ બેગમાં મૃતદેહોના અવશેષો પહોંચ્યા, ડીએનએ ટેસ્ટથી ઓળખ થશે

**અબતક, નવી દિલ્હી**

મથુરામાં યમુના એક્સપ્રેસ-વે પર ધુમ્મસના કારણે ૮ બસો અને ૩ કારો અથડાઈ. ટક્કર થતાં જ ગાડીઓમાં આગ લાગી ગઈ. ૧૩ લોકો જીવતા બળી ગયા. ૬૬ લોકો ઘાયલ છે. મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે, કારણ કે બસોમાંથી કપાયેલા અંગો મળ્યા છે. પોલીસે તેમને ૧૭ પોલિથીન બેગમાં ભરીને લઈ ગઈ છે. હવે ડીએનએ ટેસ્ટથી તેમની ઓળખ કરવામાં આવશે. દુર્ઘટના થાણા બલદેવ વિસ્તારમાં માઈલસ્ટોન ૧૨૭ પર થઈ. પોલીસ, ફાયર બ્રિગેડ અને એસડીઆરએફ ૫૦ જવાનો અને ૯ પોલીસ સ્ટેશનોની પોલીસે ૬ કલાકમાં બચાવ કામગીરી પૂરી કરી. દુર્ઘટનાના કારણે એક્સપ્રેસ-વે પર ૩ કિમી લાંબો જામ લાગી ગયો હતો.

### સીએમ યોગીએ મૃતકોના પરિવારજનો માટે ૨-૨ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી

ટક્કર પછી રાહદારીએ પોલીસને ફોન કરીને જાણ કરી. પોલીસ પહોંચે તે પહેલા આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રત્યક્ષદર્શી ભગવાન દાસે જણાવ્યું કે ટક્કર (અનુ. આઠમા પાને)

### દિલ્હીમાં ધુમ્મસને કારણે ૨૨૮ ફ્લાઈટ રદ, ૮૦થી વધુ ડીલે!

ગાઢ ધુમ્મસને કારણે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ ઓપરેશન પ્રભાવિત રહ્યું. સોમવારે દિલ્હી એરપોર્ટ પરથી ઘણી એરલાઈન્સે ૨૨૮ ફ્લાઈટ્સ રદ કરી દીધી અને ૫ને અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરી દીધી. ૨૫૦ ફ્લાઈટ્સ મોડી પડી. પ્રદૂષણને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે શાળાઓમાં ધોરણ પાંચ સુધીના વર્ગો ફક્ત ઓનલાઈન ચલાવવાના આદેશો જારી કર્યા છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે વકીલો અને પક્ષકારોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાઈબ્રિડ મોડ દ્વારા હાજર રહેવાની સલાહ આપી છે. સુપ્રીમ કોર્ટ દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ સંબંધિત અરજી પર કાલે સુનાવણી કરશે.

**ટ્રમ્પ - સોરી... ટેરિફ કી ઐસી કી તૈસી**


# નવેમ્બરમાં અમેરિકા સહિતના દેશોમાં થયેલી નિકાસમાં ૧૯ ટકાનો વધારો: નિકાસ-આયાત ખાધ ઘટી

## નવેમ્બરમાં મહિનામાં નિકાસ ૩૮.૧૩ બિલિયન ડોલર રહી, જે છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ માસિક નિકાસ: આયાતમાં પણ ૧.૮૦ ટકાનો ઘટાડો રહ્યો

**અબતક, નવી દિલ્હી**

અમેરિકામાં નિકાસ પર અસરને કારણે, આ વર્ષે ઓક્ટોબરમાં નિકાસમાં ૧૨ ટકાનો ઘટાડો થયો હતો, પરંતુ આ ઘટાડો નવેમ્બરમાં સરભર થયો હોય તેવું લાગે છે. નવેમ્બરમાં વેપારી માલની નિકાસ ગયા વર્ષના નવેમ્બરની તુલનામાં ૧૯.૩૭ ટકા વધી છે. નવેમ્બરમાં નિકાસ ૩૮.૧૩ બિલિયન ડોલર થઈ હતી, જે છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ માસિક નિકાસ છે. બીજી તરફ, નવેમ્બરમાં આયાતમાં ૧.૮૮ ટકાનો ઘટાડો થયો હતો. નવેમ્બરમાં આયાત ૬૨.૬૬ બિલિયન ડોલર થઈ હતી, જે ગયા વર્ષના નવેમ્બરમાં ૬૩.૮ બિલિયન ડોલર હતી.

આયાતમાં ઘટાડાને કારણે નવેમ્બરમાં વેપાર ખાધ ૩૧.૯૨ બિલિયન ડોલર હતી. નવેમ્બરમાં નિકાસમાં આ નોંધપાત્ર વધારો મુખ્યત્વે એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ, રત્નો અને ઝવેરાત, દવાઓ અને (અનુ. આઠમા પાને)



**નવેમ્બરમાં કઈ ચીજવસ્તુઓની નિકાસ થઈ?**

| | |
|---|---|
| એન્જિનિયરિંગ ગુડ્સ - ૨૩.૭૬% | તૈયાર વસ્ત્રો - ૧૧.૨૭% |
| ઈલેક્ટ્રોનિક્સ - ૩૮.૯૬% | દવાઓ અને ફાર્મા - ૨૧% |
| રત્નો અને ઘરેણાં - ૨૭.૮૦% | ચા - ૧૭.૪૨% |
| હસ્તકલા - ૨૯% | કોફી - ૩૪.૩% |

**નવેમ્બરમાં ક્યાં દેશોમાં નિકાસ થઈ?**

| | |
|---|---|
| યુએસએ - ૨૨.૬૧% | યુકે - ૧૫.૩૫% |
| ચીન - ૯૦.૧૨% | જર્મની - ૨૫% |
| યુએઈ - ૧૩.૧૬% | હોંગકોંગ - ૩૫% |
| | બ્રાઝિલ - ૨૧% |

**વસુધૈવ કુટુંબકમ: મોદીની જોર્ડન, ઈથોપિયા અને ઓમાનનો પ્રવાસ**

# પશ્ચિમ એશિયામાં ગાઝાની શાંતિ, આતંકવાદનો ખાત્મો અને વેપાર વૃદ્ધિ માટે દિશાસૂચક

## મોદીની આતંકવાદ સામે લડત અને 'ટ્રમ્પ પીસ પ્લાન'માં ભારતની સક્રિય ભૂમિકા

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જોર્ડન, ઈથોપિયા અને ઓમાનનો ત્રિ-રાષ્ટ્રીય પ્રવાસ પશ્ચિમ એશિયામાં બદલાતા ભૌગોલિક રાજકીય સમીકરણો વચ્ચે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તાજેતરમાં ગાઝામાં યુદ્ધવિરામ, સીરિયામાં અસદ શાસનનું પતન અને સાઉદી-પાકિસ્તાન-અમેરિકા વચ્ચેના નવા ગઠબંધન જેવી ઘટનાઓ વચ્ચે ભારત પોતાની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવી રાખવા માટે 'સ્ટ્રેટેજિક હેજિંગ' (વ્યૂહાત્મક સંતુલન) ની નીતિ અપનાવી રહ્યું છે.

**જોર્ડન (શાંતિ અને ખેતી):** ગાઝામાં શાંતિ સ્થાપવા અને આતંકવાદ રોકવા માટે જોર્ડન મહત્વનું છે. ભારત અહીંથી ખેતી માટે જરૂરી ખાતર (ફોસ્ફેટ) મેળવશે અને ગાઝાના (અનુ. આઠમા પાને)

**પીએમ મોદીની જોર્ડન મુલાકાતના મુખ્ય નિર્ણયો**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમ્માનમાં કિંગ અબ્દુલ્લા દ્વિતીય સાથે મુલાકાત કરી. ૩૭ વર્ષ બાદ કોઈ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ દ્વિપક્ષીય યાત્રા છે, જે ભારત-જોર્ડન સંબંધોના ૭૫ વર્ષની ઉજવણી સમાન છે.

**૧. ગાઝા અને આતંકવાદ:** બંને નેતાઓએ ગાઝામાં શાંતિ અને આતંકવાદ સામેની લડાઈ પર ચર્ચા કરી. મોદીએ કિંગ અબ્દુલ્લાના શાંતિ પ્રયાસોના વખાણ કર્યા.


**૨. ૮-પોઈન્ટ વિઝન :** સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા મોદીએ ૮ ક્ષેત્રો નક્કી કર્યા: (૧) વેપાર (૨) ખાતર અને કૃષિ (૩) આઈટી (૪) હેલ્થકેર (૫) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (૬) ખનિજો (૭) નાગરિક પરમાણુ સહયોગ અને (૮) જનસંપર્ક.

**૩. વ્યાપારી મહત્વ:** ભારત જોર્ડનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે. ભારતની ખેતી માટે મહત્વના ફોસ્ફેટ અને પોટાશ ખાતરો જોર્ડનથી આવે છે, જેનો પુરવઠો આ મુલાકાતથી વધુ સુનિશ્ચિત થશે

# ડિસેમ્બરના એડવાન્સ ટેક્સથી બજારમાં નાણાની અછત ન સર્જાઈ તે માટે રિઝર્વ બેન્ક રૂ.૧.૫ લાખ કરોડ ઠાલવશે

## એડવાન્સ ટેક્સ અને જીએસટી વસૂલીથી માર્કેટમાંથી રૂ.૨ લાખ કરોડથી વધુ પૈસા નીકળી જવાના હોવાથી આરબીઆઈએ લિક્વિડિટી વધારવા માટે યોજના બમણી કરી

**અબતક, નવી દિલ્હી**



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એડવાન્સ ટેક્સ વસૂલીના સમયે બજારમાં પૈસાની ઉપલબ્ધતા જાળવવા માટે તેની લિક્વિડિટી ઈન્જેક્શન યોજનાને બમણી કરી દીધી છે. હવે આરબીઆઈ વેરિયેબલ રિપો રેટ ઓક્શન (વીઆરઆર) દ્વારા ૧.૫ લાખ કરોડ રૂપિયા બજારમાં મોકલશે. અગાઉ આ માત્ર ૭૫,૦૦૦ કરોડ રૂપિયા હતું. બેંક ઓફ બારોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે કહ્યું કે, ''આ પગલું એડવાન્સ કર વસૂલીને કારણે પૈસાનો અભાવ થતા અટકાવવા માટે છે.'' એ જ સમયે, આરબીઆઈ મંગળવારે ડોલર-રૂપિયા બાય-સેલ સ્વેપ ઓપરેશન પણ કરશે, જેથી રૂપિયાની મજબૂત પુષ્કળતા મળે. આ પગલાંથી એડવાન્સ કર અને જીએસટી વસૂલીને કારણે થનારી અસ્થાયી તંગીને રોકી શકાશે.

આઈડીએફસી ફર્સ્ટ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી ગૌરા સેંગુપ્તાએ કહ્યું કે, ''અગ્રિમ કર અને જીએસટી વસૂલીથી ૨ લાખ કરોડથી વધુ પૈસું બજારમાંથી નીકળી જશે. વીઆરઆરથી રાત્રિના વ્યાજદર રિપો રેટની નજીક રહેશે. મહિનાના (અનુ. આઠમા પાને)

# ઈંડાઓમાં પ્રતિબંધિત એન્ટીબાયોટિક? દેશભરમાં તપાસનો આદેશ આપતું ફૂડ સેફ્ટી વિભાગ

## બ્રાન્ડેડ અને અનબ્રાન્ડેડ ઈંડાંના નમૂનાઓને ૧૦ લેબોરેટરીમાં મોકલવાનો આદેશ

**અબતક, નવી દિલ્હી**

'સન્ડે હો યા મંડે રોજ ખાઓ અંડે'. ઈંડું વિશ્વભરમાં પ્રોટીનનો સૌથી સસ્તો અને લોકપ્રિય સ્રોત ગણાય છે. તેને 'સુપરફૂડ' તરીકે ઓળખવામાં આવે છે, જે વિટામિન્સ, ખનિજો, પ્રોટીનથી ભરપૂર હોય છે. લોકો જે પ્રોટીનના નામે ઈંડાં ખાઈ રહ્યા છે, તેમાં અનિચ્છનીય રસાયણો, ખાસ કરીને એન્ટિબાયોટિક્સ વપરાય છે, જે લોકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકશાનકારક બને છે. શું આપણે શરીરને પોષણ આપી રહ્યા છીએ કે પછી આવી એન્ટિબોયોટિક લઈને સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી રહ્યા છીએ?

અત્યારે લોકો એવું માને છે કે બેકરીમાં ઈંડા વગરની કેક મળે છે અને હેલ્થને નુકશાન થતી નથી, પણ તે લોકોના સ્વાસ્થ્યને ઘણું નુકશાન કરે છે. ભારતમાં ઈંડાંની ગુણવત્તા અને તેમાં પ્રતિબંધિત એન્ટિબાયોટિક્સના અવશેષો અંગે વિવાદ ઊભો થતાં, ફૂડ સેફ્ટી ઈન્ડિયા એ મોટો નિર્ણય લીધો છે.

તેને દેશભરની તેની પ્રાદેશિક કચેરીઓને બ્રાન્ડેડ અને અનબ્રાન્ડેડ બંને પ્રકારના ઈંડાંના નમૂનાઓ એકત્રિત કરવા અને તેને ૧૦ લેબોરેટરીમાં મોકલવાનો આદેશ આપ્યો છે. તેમાં એન્ટિબાયોટિક્સ જેનો ઉપયોગ ખોરાક ઉત્પાદક પ્રાણીઓમાં કરવા પર પ્રતિબંધ છે. લોકપ્રિય ઈંડાની બ્રાન્ડ આ બાબતમાં ચર્ચામાં આવતા હવે લોકોએ હવે વધુ ધ્યાન આપવાની જરૂર છે.

મરઘાં ઉછેરમાં એન્ટિબાયોટિક્સનો દુરુપયોગ એ એક ગંભીર જાહેર આરોગ્યની ચિંતા છે. નાઈટ્રોફ્યુરાન્સ વિશ્વભરમાં પ્રતિબંધિત છે કારણ કે તેના અવશેષો ઈંડાંને રાંધ્યા પછી પણ તેમાં રહી શકે છે. આવા દૂષિત ઈંડાંનું લાંબા ગાળાનું સેવન જિનેટિક નુકસાન અને કેન્સરનું (અનુ. આઠમા પાને)



# દિલીપભાઈ જેવો માથા ફરેલ જ ગંગા જેવા નીરને આપણા આંગણે લાવી શકે છેઃ ડો.કુમાર વિશ્વાસ

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટ આયોજીત ડો.કુમાર વિશ્વાસની જલકથામાં રામ અવતાર અને કૃષ્ણ અવતારની તુલના વિવિધ પ્રસંગોમાં શ્રોતાઓ થયા ભાવ વિભોર

**અબતક, રાજકોટ**

'વિશ્વમાં નદીઓને માત્ર પાણીના સ્રોત તરીકે જ જોવામાં અને મૂલવવામાં આવે છે જ્યારે ભારતમાં નદીને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે. દુનિયા પ્રકૃતિને સબસ્ટેન માને છે ત્યારે ભારત પ્રકૃતિને દૈવત્વ માને છે', તેમ કથા મર્મજ્ઞ અને તત્વચિંતક ડો. કુમાર વિશ્વાસે 'જલકથા : અપને અપને શ્યામ કી'ના પ્રથમ દિવસે જણાવ્યું હતું.

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જળસંચય અને જળસંવર્ધન માટે ૧,૧૧,૧૧૧ જળ સ્ટ્રકચર કાર્યાન્વિત કરવા માટે કાર્યરત સંસ્થા ગીરગંગા પરિવાર ટ્રસ્ટના ઉપક્રમે રાજકોટના રેસકોર્સ મેદાનમાં વિખ્યાત તત્વચિંતક, વિશ્લેષક, કથાકાર અને કવિ ડો. કુમાર વિશ્વાસની વિશ્વમાં સૌથી પહેલી એવી અનોખી 'જલકથા : અપને અપને શ્યામ કી'નો દબદબાભેર મંગલ પ્રારંભ થયો હતો.



આ પ્રસંગે બોલતા ડો. કુમાર વિશ્વાસે જણાવ્યું હતું કે, પૃથ્વી પર પ્રથમ જીવનો પ્રારંભ જ જળમાંથી મત્સ્ય અવતાર સ્વરૂપે થયો હતો. ત્યારબાદ વિવિધ અવતારો થયા અને અંતે મનુષ્યનું સર્જન થયું. જીવનનો મૂળ આધાર અને સ્રોત જળ છે આથી જળ એ જ જીવન છે તેમ જણાવી



તસવીરઃ શૈલેષ વાડોલિયા




ડો. કુમાર વિશ્વાસે જલકથામાં રામ અવતાર અને કૃષ્ણ અવતારની તુલના વિવિધ પ્રસંગોના માધ્યમથી કરીને શ્રોતાઓને ભાવવિભોર બનાવી દીધા હતા.

ઉલ્લેખનીય છે કે, આ જલકથા પૂર્વે જળસંચય વિશે લોકોમાં જાગૃતતા આવે અને જન ભાગીદારી સુદ્રઢ બને એ માટે છેલ્લા ઘણાં દિવસોથી શ્રેણીબધ્ધ કાર્યક્રમોની શૃંખલા રચવામાં આવી હતી. ભાવિ પેઢી અને ભવિષ્યના પાણીદાર સૌરાષ્ટ્ર અને ગુજરાતની પરિકલ્પના સાકાર કરવા ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ડો. કુમાર વિશ્વાસની આ જલકથા દ્વારા સમુચા દેશ અને દુનિયાનું ધ્યાન પણ રાજકોટ અને સૌરાષ્ટ્ર તરફ ખેંચાયું છે. આ ભવ્ય અને સંગીતમય જલકથાના પ્રથમ દિવસે ડો. કુમાર વિશ્વાસે રામાયણ, મહાભારત અને ભગવત ગીતના વિવિધ પ્રસંગોની પોતીકી અનોખી શૈલીમાં વિસ્તૃત અને સરળ છણાવટ કરતાં ઉપસ્થિત શ્રોતાઓ આફરીન પોકારી ઉઠ્યા હતા. પોતાના આગવા અંદાજમાં ડો. કુમાર વિશ્વાસ પૂર્ણપણે ખીલ્યાં હતા અને સાંપ્રત સમયની સમસ્યાઓ અને તેના ઉકેલમાં ભારતની ભૂમિકા વિશે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો.

(અનુ. આઠમા પાને)

### જળ સંરક્ષણ માટેની જલકથાની વૈશ્વિક લેવલે લેવાશે નોંધ

જળસંરક્ષણ અને પર્યાવરણીય જાગૃતિના એક અનોખા અને ભવ્ય પ્રયાસના ભાગરૂપે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ ૧૫, ૧૬ અને ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન ડો. કુમાર વિશ્વાસની 'જલકથા : અપને અપને શ્યામ કી'નું આયોજન કરવામાં આવ્યું છે. જળસંચયના સંદેશને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક માધ્યમથી વૈશ્વિક સ્તરે પહોંચાડવાના ઉદેશ સાથે યોજાઈ રહેલી આ જલકથામાં નવો વૈશ્વિક વિક્રમ સ્થાપિત કરવામાં આવશે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટની આ જલકથાને 'ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' સહિતની વિશ્વની રેકોર્ડ એજન્સીઓ "વિશ્વની પ્રથમ વૈશ્વિક જલકથા - સૌથી મોટા વૈશ્વિક જળ-વિશ્વાસ મેળાવડા" તરીકે વર્લ્ડ રેકોર્ડ નોંધશે. આ રેકોર્ડ ૧૬મી ડિસેમ્બરના રોજ આજે રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે નોંધવામાં આવશે અને તેને "જળ સંરક્ષણ માટે સૌથી મોટો અને પ્રથમ આધ્યાત્મિક-સાંસ્કૃતિક મેળાવડો" તરીકે માન્યતા અપાશે.

આ ઐતિહાસિક પ્રયાસને પ્રમાણિત કરવા માટે, દેશ-વિદેશની પ્રતિષ્ઠિત વર્લ્ડ રેકોર્ડ એજન્સીઓના અધિકારીઓ અને નિરીક્ષકો રાજકોટ આવેલા છે, જેમાં IEA (IEA બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ) કન્સલ્ટિંગ ફર્મ તરીકે સમગ્ર રેકોર્ડ પ્રક્રિયાનું સંકલન કરશે.

આ વર્લ્ડ રેકોર્ડમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ-આંતરરાષ્ટ્રીય, એશિયા સ્પેસિફિક બુક ઓફ રેકોર્ડ્સ - એશિયા લેવલ, ઈંઉિઅ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ-ઈન્ટરનેશનલ/નેશનલ, ઓએમજી બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ-ઈન્ટરનેશનલ, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ-ભારત, ગ્લોબલ બુક ઓફ રેકોર્ડ્સ-ઈન્ટરનેશનલ, અને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ-ભારતનો સમાવેશ થાય છે.

### જલ કથામાં પ્રથમ દિવસે મહાનુભાવો મેળાવડો

પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજ્યના માજી કેન્દ્રીય કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, અનિલભાઈ પટેલ, રક્ષાદળના કેપ્ટન હેમંત વ્યાસ, રમેશભાઈ રાણીપા, અમેરિકાના ગીરગંગાના કન્વીનર હરીશભાઈ માલાણી, રસિકભાઈ ફળદુ, અગ્રણી બિલ્ડર ઉમેશભાઈ માલાણી, ગૌતમભાઈ ધમસાણીયા, સયાજી હોટેલ વાળા દિગ્વિજયસિંહ જાડેજા, એન્જલ પંપવાળા શિવાભાઈ પટેલ, ભવનાથ આશ્રમ, ભાયાસરવાળા વશિષ્ઠ નાથજીબાપુ, કાલાવડના કલ્પેશગીરીબાપુ ગીરગંગા સુરતના કન્વીનર રામજીભાઈ જેતાણી, કચ્છ -ગ્લોબલનના ગોવીંદભાઈ ભાનુશાલી, ડેકોરા બિલ્ડરવાળા નિખિલભાઈ પટેલ, અગ્રણી બિલ્ડર બાકીરભાઈ ગાંધી, કાનજીભાઈ ભાલાળા, સવજીભાઈ વેકરીયા, ભવાનભાઈ સહિતની સુરતની ટીમ, ડો. સુધીરભાઈ ભીમાણી, પ્રફુલભાઈ ફુલતેરા, રાજકોટના પૂર્વ ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, ગોવિંદભાઈ કાકડિયા, કચ્છી ભાનુશાલી ટ્રસ્ટ રાજકોટના વાલજીભાઈ નંદા, પ્રેમજી વાલજી એન્ડ સન્સના હરીશભાઈ, રાધિકા જ્વેલર્સવાળા અશોકભાઈ, સનાતન ગ્રુપ બિલ્ડર્સ, પ્રખ્યાત કથાકાર જગતભાઈ તારૈયા, રાજકોટના માજી મેયર અશોકભાઈ ડાંગર, મહેશભાઈ ચૌહાણ, રાજકોટ જિલ્લા ભાજપના અગ્રેસર રાજુભાઈ ધારૈયા સહિતનાએ લ્હાવો લીધો

### આગામી સદી કૃષ્ણનીતિ પર ચાલવામાં જ દેશનું હિત

જલ કથાના પ્રારંભે કુમાર વિશ્વાસે શ્રીકૃષ્ણના જીવનને વર્ણવતા કહ્યું હતું કે ભારતને ૧૦૦ વર્ષ સુધી કૃષ્ણનીતિને અનુસરવાની જરૂર છે તેમણે કહ્યું હતું કે વિશ્વભરમાં ભારતના પ્રાચીન સાંસ્કૃતિક વારસાના વિસ્તાર માટે કૃષ્ણનીતિ જ ચાલશે તેમણે રામ અને કૃષ્ણ વિશે કહ્યું કે વિભીષણનું સ્વાભિમાન ચોરાયુ સુગ્રીવનું પદ ચોરાયું એ બધું જ રામે પરત અપાવ્યું જ્યારે કૃષ્ણએ માખણ ચોર્યું લોકોની આંખોની નિંદ્રા ચોરી કૃષ્ણ રાગી પણ છે વૈરાગી પણ છે. પ્રથમ દિવસે જ કુમાર વિશ્વાસે ભગવાન શ્રીરામ અને કૃષ્ણ વિશે વિસ્તૃત વર્ણન કરતા કહ્યું હતું કે કૃષ્ણ વિવિધતાથી સભર છે તેના કારણે લોકો તેને આભૂષણની જેમ પહેરે છે.

### જલકથામાં દાતાઓનો ઉમળકોઃ જળસંચય કાર્ય માટે આર્થિક સહાયનો ધોધ

રાજકોટમાં યોજાયેલ ભવ્ય અને દિવ્ય 'જલકથા'માં દાતાઓએ અભૂતપૂર્વ ઉદારતા દાખવીને આર્થિક સહાયનો ધોધ વરસાવ્યો હતો. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચયના થઈ રહેલા આ ઐશ્વરિક કાર્યમાં સહાયભૂત બનવાના ઉમદા હેતુ માટે દાતાઓ આગળ આવ્યા હતા.

ડો. કુમાર વિશ્વાસની જલકથાના આજે પ્રથમ દિવસે અગ્રણી ઉદ્યોગપતિઓ અને વેપારીઓ સર્વ મનીષભાઈ બધેકા, મુકેશભાઈ પાબારી, ધીરુભાઈ ગોંડલીયા, ગીરગંગા પરિવારના આગેવાન અને ઉદ્યોગપતિ જે. કે. સરધારા, માથુરભાઈ અણદાણી, વિનુભાઈ પટેલ, મનોજભાઈ અને કેતનભાઈ કોટક, પ્રકાશભાઈ બેચરભાઈ સખીયા વગેરેએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના જળસંચયના કાર્યોની સરાહના કરી આર્થિક સહયોગ માટે જાહેરાત કરી હતી. આ પ્રસંગે સામાન્ય નાગરિકોએ પણ પોતાની ક્ષમતા અનુસાર રાષ્ટ્રના આ ધર્મકાર્યમાં પોતાનો સહકાર નોંધાવ્યો હતો.


ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ એક નિવેદનમાં દાતાઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જલકથાને મળેલો આ પ્રતિસાદ માત્ર આર્થિક મદદ પૂરતો સીમિત નથી, પરંતુ માનવતા અને સહિયારી ભાવનાનો પુરાવો છે. જલકથામાં એકત્રિત થયેલી રકમનો ઉપયોગ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના જળસંચય અને સંવર્ધનના કાર્યો પાછળ સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવશે.

# કોર્પોરેશન દ્વારા ક્રિસમસના દિવસે સ્વદેશી સાયકલોથોનઃ ૨૮મીએ સ્વદેશી રન યોજાશે

## કોર્પોરેશનની વેબસાઈટ www.rmc.gov.in પર આજથી રજીસ્ટ્રેશનનો આરંભ







**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી ૨૫મી ડિસેમ્બરના રોજ સ્વદેશી સાયકલોથોન અને ૨૮મી ડિસેમ્બરના રોજ સ્વદેશી રનનું આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે આજથી જ રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપતા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, ઈ.ચા. મ્યુનિસિપલ કમિશનર ડો. ઓમ પ્રકાશ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા વર્ષઃ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. સ્થાનિક કારોગરોને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશ્યથી સ્થાનિક ઉત્પાદનો, સેવાઓ, કલાકૃતિઓ, આર્ટિફેક્ટ્સ તેમજ અન્ય સ્વદેશી ઉત્પાદકોને પ્રોત્સાહન આપી 'લોકલ ફોર વોકલ'ની વિભાવનાને પ્રાધાન્ય આપી, 'મેક ઈન ઈન્ડિયા' તેમજ 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' જેવી પહેલને આગળ વધારી 'આત્મનિર્ભર ભારત થકી વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરવા શહેરીજનોમાં 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ની ભાવનાને પ્રોત્સાહિત કરી, દેશદાઝને પ્રગટ કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૫ને ગુરૂવારના રોજ સ્વદેશી સાઈકલોથોન અને તા.૨૮ ને રવિવાર રોજ સ્વદેશી રનનું આયોજન કરવામાં આવેલ છે. સ્વદેશી સાઈકલોથોન અને સ્વદેશી રન રાજકોટ શહેરના નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા, પરંપરાગત વાનગીઓ અને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાનો અનોખો પ્રયત્ન છે.

ઉપરોક્ત આ બન્ને કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક શહેરીજનોના ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેનું ફોર્મ નીચેની વિગતો સાથે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ મારફત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

ઓનલાઈન રજીસ્ટ્રેશન આજથી શરૂ કરાયું છે. રજીસ્ટ્રેશન www.rmc.gov.in વેબસાઈટ પર કરાવી શકાશે.

સ્વદેશી સાઈકલોથોનનો રૂટ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ - જીલ્લા પંચાયત ચોક - ડો. યાજ્ઞીક રોડ -ડી.એચ. કોલેજ - મ્યુનિસિપલ કમિશનર બંગ્લો રોડ - ગાર્ડન રોડ -વિરાણી હાઈસ્કુલ - ટાગોર રોડ - શ્રી હેમુ ગઢવી નાટ્યગૃહ - એસ્ટ્રોન ચોક - મહિલા કોલેજ ચોક - કિશાનપરા ચોક - મેયર બંગ્લો - પોલીસ હેડ ક્વાર્ટર - શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ રહેશે. અંતરઃ- ૫ કિલોમીટર, રજીસ્ટ્રેશન ફ્રી છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત છે. ભાગલેનારએ સાયકલ જાતે લાવવાની રહેશે. ભાગ લેનારએ સ્વયં શિસ્તબધ્ધ રીતે સાયકલ ચલાવવાની રહેશે. આ સાયકલોથોન સ્વદેશીને પ્રોત્સાહન આપવા માટે આયોજીત કરેલ હોઈ, અગ્રતાક્રમે આવનારને વિજેતા જાહેર કરવામાં આવશે નહિ.



જ્યારે સ્વદેશી રન ૨૮મી ડિસેમ્બરે યોજાશે. જેનો રૂટ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ - જીલ્લા પંચાયત ચોક - ડો. યાજ્ઞીક રોડ -ડી.એચ. કોલેજ - મ્યુનિસિપલ કમિશનર બંગ્લો રોડ - ગાર્ડન રોડ -વિરાણી હાઈસ્કુલ - ટાગોર રોડ -શ્રી હેમુ ગઢવી નાટ્યગૃહ -એસ્ટ્રોન ચોક - મહિલા કોલેજ ચોક -કિશાનપરા ચોક - મેયર બંગ્લો - પોલીસ હેડ ક્વાર્ટર - શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ રહેશે. જેનું અંતરઃ- ૫ કિલોમીટર, રજીસ્ટ્રેશન ફ્રી છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજિયાત છે. ભાગલેનારએ શિસ્તબધ્ધ રીતે દોડવાનું રહેશે. આ રન સ્વદેશીને પ્રોત્સાહન આપવા માટે આયોજીત કરેલ હોઈ, અગ્રતાક્રમે આવનારને વિજેતા જાહેર કરવામાં આવશે નહિ.

# આજી અને ન્યારી ડુકયાંઃ ૧ જાન્યુઆરીથી નર્મદાના નીર ઠાલવવા કોર્પોરેશનની માંગ

## ચોમાસા સુધી નિયમિત ૨૦ મિનિટ પાણી વિતરણ માટે રાજ્ય સરકાર પાસે તબક્કાવાર સૌની યોજના અંતર્ગત ૩૧૫૦ એમએલડી પાણી આપવા લેટર લેટર લખી રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટની જળ જરૂરિયાત સંતોષતા બંને મુખ્ય જળાશયો હવે ૧૫ દિવસમાં ડુકી જાય તેવી દહેશત જણાય રહી છે.શહેરીજનોને ચોમાસાં સુધી દરરોજ ૨૦ મિનિટ પાણી વિતરણ થઈ શકે તે માટે આગામી તા.૧ જાન્યુઆરીથી આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં સૌની યોજનાનું ૩૧૫૦ એમસીએફટી નર્મદાનીર ઠાલવવા કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારના ન સમક્ષ માંગણી કરાઈ છે.

શહેરની દૈનિક જળ જરૂરિયાત ૪૫૦ એમએલડી હોય તે સૌની યોજનાના નર્મદાનીર વિના પૂર્ણ થઈ શકે તેમ નથી. આજી-૧ ડેમમાં જાન્યુઆરી સુધીનો અને ન્યારી-૧ ડેમમાં માર્ચ મહિના સુધીનો જ જળ જથ્થો ઉપલબ્ધ છે. શહેરમાં દૈનિક ૨૦ મીનીટ પાણી વિતરણ કરવા માટે ૪૫૦ એમએલડી જરૂરિયાત રહે છે. તે પૈકી ૧૩૫ એમએલડી પાણી નર્મદા પાઈપલાઈન યોજના દ્વારા મેળવવામાં આવે છે. ૩૧૫ એમએલડી ઉકત સ્થાનિક જળાશયોમાંથી મેળવવામાં આવે



છે.આજી ડેમમાં ૮૬૨.૫૬ એમસીએફટી જળ જથ્થો ઉપલબ્ધ છે, જે હાલનાં ઉપાડ અનુસાર તા.૩૧.૧.૨૦૨૬નાં રોજ અંદાજે માત્ર ૨૮૪ એમસીએફટી ઉપલબ્ધ હશે, જ્યારે હાલ ન્યારી-૧ ડેમમાં ૯૯૫.૦૯ એમ.સી.એફ.ટી. જથ્થો ઉપલબ્ધ છે, જે તા.૩૧.૩.૨૦૨૬નાં રોજ અંદાજે માત્ર ૧૧૧ એમસીએફટી ઉપલબ્ધ હશે.

આજી તથા ન્યારી ડેમમાં ૨૬૦૦ એમસીએફટી જળ જથ્થાની આવશ્યકતા રહે. પરંતુ આગામી એપ્રિલ-મે ૨૦૨૬ દરમ્યાન સૌરાષ્ટ્ર શાખા નહેરને મેન્ટેનન્સ માટે બંધ કરવાનું આયોજન હોવાથી પૂર્વ આયોજનના ભાગ રૂપે પાણીની જરૂરીયાત મુજબ સંગ્રહ વ્યવસ્થા કરવા મુખ્ય ઈજનેર, જીયુડીએમ દ્વારા પત્ર મારફતે જાણ કરાઈ છે. જેથી આ સમયગાળા દરમ્યાન આજી તથા ન્યારી ડેમમાંથી મહત્તમ પાણીનો ઉપાડ કરવો અત્યંત જરૂરી બને. જે કારણોસર વિશેષ ૫૫૦ એમસીએફટી જળ જથ્થાની જરૂરીયાત પણ ઉપસ્થિત થશે.

ઉપરોક્ત તમામ બાબતો

(અનુ. આઠમા પાને)

### આર.બી. કોઠારીના મેનેજીંગ ટ્રસ્ટી તથા જૈન અગ્રણી રમણિકભાઈ જસાણીના પત્ની

## ધર્માનુરાગી રશ્મિબેન જસાણી અવસાનઃ ગુરૂવારે પ્રાર્થના સભા



રાજકોટના જૈન અગ્રણી, આર.બી. કોઠારી નિદાન કેન્દ્રના મેનેજીંગ ટ્રસ્ટી, ધર્માનુરાગી રમણિકભાઈ લક્ષ્મીચંદ જસાણીના પત્ની ધર્માનુરાગી રશ્મિબેન જસાણી (ઉ.૮૪) તા.૧૫ના અવસાન થયું છે. આજે સવારે તેમની અંતિમ યાત્રા નીકળી ત્યારે રાજકોટ જૈન સંઘોના અગ્રણીઓ, અન્ય સમાજના આગેવાનો જોડાયા હતા. સ્વ. રશ્મિબેન રમણિકલાલ જસાણી તે જતીનભાઈ, હિતેનભાઈના માતુશ્રી, મનીષા તથા કૃતિના સાસુ તથા રમણિકભાઈ જેચંદ પારેખના પુત્રી હતા. તેઓ ભક્તિનગર જૈન મહિલા મંડળના પ્રમુખ તરીકે તેઓ નિષ્ઠાપૂર્વક કામગીરી સંભાળતા હતા અને તેમની ભક્તિભાવના તથા સેવાભાવી સ્વભાવથી સમાજમાં વિશેષ ઓળખ બનાવી હતી. તેમની પ્રાર્થના સભા ૧૮/ ૧૨ ને ગુરુવારે સવારે ૧૦:૦૦ કલાકે જૈન બોર્ડિંગ માલવિયા ચોક ખાતે રાખેલ છે.

# ધનારક કમુરતાનો પ્રારંભ: એક મહિના સુધી શુભ કાર્યો બંધ

**કમુરતા દરમ્યાન ભગવાન વિષ્ણુની પૂજા અને સૂર્ય પૂજા કરવી : સત્યનારાયણ ભગવાનની કથા, રાંદલ, લઘુ રુદ્ર, રુદ્રી, પિતૃકાર્ય ગ્રહોની શાંતિ નવગ્રહ જાપ સહિતના ધાર્મિક કાર્યો થઈ શકે: લગ્ન, સગાઈ, વાસ્તુ, ગ્રહ પ્રવેશ જેવા કાર્યો માટે એક મહિનો બ્રેક**



**અબતક, રાજકોટ**

આજ થી કમુરતા શરૂ થઈ રહ્યા છે. ૧૬ ડિસેમ્બર મંગળવારથી લઈને જ્યારે સૂર્ય ધનુ રાશિમાં પ્રવેશ કરશે અને ૧૪મી જાન્યુઆરી ૨૦૨૬ બુધવારના દિવસે સૂર્ય ફરી મકર રાશિમાં સંક્રાંતિ સાથે આવશે ત્યારે કમુરતાનો આ એક મહિનાનો સમય પૂર્ણ થશે. સનાતન ધર્મ અને હિન્દુ પંચાંગ અનુસાર કમુરતાના આ સમયમાં શુભ અને માંગલિક કાર્યો ન થઈ શકેસનાતન ધર્મ અને હિન્દુ પંચાંગ દિવસ અને રાત્રિના ચોઘડિયા અને રાશિ પર ખૂબ જ નિર્ભર હોય છે, ત્યારે ગ્રહોના રાજા સૂર્યા આજે થી વૃશ્ચિક રાશિમાંથી તેનુ ભ્રમણ પૂર્ણ કરીને ધનુ રાશિમાં આવી રહ્યા છે. સૂર્યનું વૃશ્ચિક રાશીમાંથી ધનુ રાશિમાં આવવાની આ પ્રક્રિયાને ધનુ સંક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આવતી કાલથી સૂર્ય ધનુ રાશીના લગ્ન ભાવમાં ગોચર કરશે અને આ સ્થિતિમાં સૂર્ય એક મહિના સુધી ત્યાં રહેશે. જેને કમુરતા તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમિયાન ગ્રહોના રાજા સૂર્ય, ધનુ અને મીન રાશિમાં પ્રવેશ કરે છે. જેથી ગુરુનો પ્રભાવ પણ એકદમ ઓછો થાય છે, તો બીજી તરફ ગુરુને શુભ ઘટનાઓના કારક તરીકે માનવામાં આવે છે. જેથી લગ્ન માટે શુક્ર અને ગુરુ બંનેનો ઉદય એકદમ જરૂરી માનવામાં આવે છે, ગુરુ અને શુક્ર બંને ગ્રહમાંથી કોઈ એક ગ્રહનો પ્રભાવ ઓછો હોય તો આવી સ્થિતિમાં શુભ અને માંગલિક કાર્યો થઈ શકતા નથી.જ્યોતિષ અને સનાતન ધર્મમાં ધનુર માસ દરમિયાન કેટલાક શુભ કાર્યો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ સમય દરમિયાન માર્ગશીર્ષ અને પોસ મહિનાની વચ્ચે આવે છે.

વધુમા ચાર મહિનાના લાંબા ચતુર્માસ દેવઉઠી એકાદશી સાથે સમાપ્ત થયા હતા. જેથી લગ્ન જેવા શુભ કાર્યોની શરૂઆત થઈ હતી, પરંતુ આવતી કાલથી ફરી એક વખત ધનારક કમુરતા શરૂ થતા શુભ અને માંગલિક કાર્યો માટે ભાગે બંધ થતા જાવા મળતા હોય છે ધનારક કમુરતા દરમિયાન ભગવાન સૂર્યની પૂજા અને આરાધના થઈ શકે છે. આ સમય દરમિયાન પવિત્ર સ્થળો અને સરોવરોમાં સ્નાન કરવાની સાથે દીપક પ્રજીવલી કરીને જરૂરિયાતમંદ લોકોને ઉપયોગી ચીજ વસ્તુઓનું દાન કરવામાં આવે તો તેને શુભ માનવામાં આવે છે, ધનારક કે કમુરતાના સમયમાં શાક્તિ વિધિમાં દર્શાવ્યા અનુસાર પ્રત્યેક વ્યકિતએ નવા કપડા પહેરવાની સાથે ઉપનયન અને નામકરણ વિધિ પણ કરી શકે છે. નવા રત્નો ધારણ કરવા

(અનુ. આઠમા પાને)

## કમુરતામાં આવનાર તહેવારો

- ૨૧ ડિસેમ્બર ઉતરાયનની શરૂઆત શિશિર ઋતુ પ્રારંભ
- તા.૨૮ ડિસેમ્બર શાકંભરી નવરાત્રી પ્રારંભ
- ૩૦ ડિસેમ્બર પુત્રદા એકાદશી,
- ૩ જાન્યુઆરી શાંકભરી નવરાત્રી સમાપ્ત તથા મા અંબાજી પ્રાકટયોત્સવ પોશી પૂનમ,
- તા.૬ જાન્યુઆરી-અંગારકી ચોથ, તા.૧૪ જાન્યુઆરી ષટતિલા એકાદશી મકરસંક્રાંતિ છે.

## :: લગ્નના મુહૂર્ત ::

- **ફેબ્રુઆરી:** ૫,૬,૭,૮,૯,૧૦,૧૨,૧૩, ૨૦, ૨૧, ૨૨,
- **માર્ચ:** ૫, ૬૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૪
- **એપ્રિલ:** ૨૧, ૨૭, ૨૮, ૨૯, ૩૦
- **મે:** ૧, ૩, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૪
- **જૂન:** ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૯, ૧, ૩, ૪, ૭, ૮, ૯

# નર્સિંગ વ્યવસાયિકોની અનન્ય સેવાને બિરદાવતાં બી.ટી. સવાણી કિડની હોસ્પિટલના ચેરમેન જયંતિભાઈ ફળદુ

**નર્સિંગ સ્ટાફની કુશળતા વધારવા માટે આયોજીત નર્સિંગ એકસેલેન્સ કોન્ફરન્સમાં ૫૦૦ નસિંગ વ્યવસાયિકોએ ભાગ લીધો**



**અબતક, રાજકોટ**

બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ દ્વારા દર વર્ષે નસિંગ વ્યવસાય સાથે સંકળાયેલા નસિંગ સ્ટાફને નવી ટેકનોલોજી, તેમની કુશળતા વધારવા અને નવી અપડેટ્સની માહિતી આપવાના હેતુથી નસિંગ એકસેલન્સ કોન્ફરન્સનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. જેમાં ગુજરાતભરમાંથી બહોળી સંખ્યામાં નસિંગ ક્ષેત્રના વ્યવસાયિકોએ લાભ લેતા હોય છે.

કોન્ફરન્સ રાજકોટ ખાતે કરવામાં આવ્યું. જેમાં સૌરાષ્ટ્રભરના નસિંગ વ્યવસાય સાથે સકળયેલ ૫૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો. જેમાં વિવિધ વિષયો પર નિષ્ણાતોના વકતવ્યો રાખવામાં આવેલ અને નસિંગ પ્રોફેશનલોને તેમના વ્યવસાયને લગતી આધુનિકતા અને કાર્ય કુશળતા કવિશે માહિતગાર કરવામાં આવ્યા. આ કોન્ફરન્સ સફળ અને જ્ઞાનવર્ધક રહી.

ઉપરોક્ત કોન્ફરન્સમાં બી. ટી.સવાણી કિડની હોસ્પિટલના ચેરમેન જયંતીભાઈ ફળદુએ નસિંગ વ્યવસાયિકોને સેવાઓને બિરદાવી હતી તેમજ નસિંગ સેવાઓનું મહત્વ સમજાવી તેમની કદર કરેલ.

(અનુ. આઠમા પાને)

# બાલભવનની સંગીત ખુરશી સ્પર્ધામાં કિલકિલાટ સાથે નટખટોની ધમાલ



**બાલભવન આયોજીત બાલમહોત્સવની સંગીત-ખુરશી સ્પર્ધામાં ૮૦૦ બાળકોએ ભાગ લીધો**

**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૨૪ દરમ્યાન ૫ થી ૧૬ વર્ષ સુધીનાં બાળકો માટે શારીરિક તેમજ માનસીક વિકાસને વેગ મળે તે હેતુસર દર વર્ષની જેમ આ વર્ષે પણ રમત-ગમત તથા સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન કરી બાલમહોત્સવ ઉજવાઈ રહ્યો છે. એચકેજી થી ર નાં બાળકો માટે સંગીત ખુરશી સ્પર્ધા યોજાઈ હતી.

જેમાં બોયઝ અને ગર્લ્સ બન્નેમાં પાંચ પાંચ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. સંગીત ખુરશી સ્પર્ધા બોયઝમાં મોક્ષિત ગોહેલ - પ્રથમ, ધરમ ભરડવા દ્વિતિય, મીત સભાડ તૃતિય, અવધ મરંઢ - ચતુર્થ તેમજ ગોપાલ ઝાપડા - પાંચમાં સ્થાને વિજેતા થયેલ જ્યારે ગર્લ્સમાં નિયતી વાળા - પ્રથમ, યશ્વી જોગાણા-દ્વિતિય, ઈશ્વા ભૈસદળીયા-તૃતિય,ધ્યાની પરસાણા - ચતુર્થ અને ધાન્વી પાટડીયા - પાંચમાં સ્થાને વિજેતા જાહેર થયા હતા.

સ્પર્ધામાં ભાગ લીધેલ ૮૦૦ જેટલા બાળકોનો ઉત્સાહ વધારવા સેન્ટ ગાર્ગી સ્કૂલનાં સંચાલક રમાબેન હેરભા રેલ્વે ડિપાર્ટમેન્ટ નાં સી.ટી.આઈ. સી. બી. જાડેજા, ધર્મિષ્ઠાબા ઝાલા સાથે બાલભવન રાજકોટનાં યજ્ઞેશભાઈ જોષી અને બાળકો દ્વારા હાર્ટશેઈપ બલુન આકાશમાં ઉડાડી સ્પર્ધાની શરૂઆત કરવામા આવી. તેમજ ઉપસ્થિત

(અનુ. આઠમા પાને)

# બાળકોમાં માનવમૂલ્યોને પ્રસ્થાપિત કરવા આત્મન પ્રિ-સ્કુલનો શુભારંભ

**સંતો દ્વારા પૂજા-વિધી બાદ અપૂર્વમુનિ સ્વામીના હસ્તે આત્મન પ્રિ-સ્કુલનો શુભારંભ કરવામાં આવ્યો: પ્લેહાઉસ, નર્સરી, એલકેજી અને એચકેજી સહિતનું શિક્ષણ અપાશે**





**અબતક, રાજકોટ**

રાજકોટના ક્રિસ્ટલ મોલ પાછળ જ્યોતિનગર મેન રોડ, શિલ્પન બંગ્લોઝની સામે, મલુમંગલ સોસાયટીમાં આત્મન પ્રિ-સ્કૂલનું ભવ્ય શુભારંભ અપૂર્વમુનિ સ્વામીજીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ સંતો અને મહેમાનો દ્વારા રીબીન કટ કરી પ્રિ-સ્કૂલને ખુલી મુકવામાં આવી હતી ત્યારબાદ સંતો દ્વારા પૂજાવિધિ સંપન્ન કરવામા આવી હતી. અપૂર્વમુનિ સ્વામીએ આર્શીવચનમાં બાળકોમાં શિક્ષણમાં માનવીય મૂલ્યો પ્રસ્થાપિત કરવાનું કાર્ય, બાળકના પ્રારંભિક શિક્ષણ એટલે કે પ્લેહાઉસ,નર્સરી,એલકેજી,એચકેજી જેવા શિક્ષણથી જ થાય તો જ બાળકને આપણે પ્રેમ,આત્મીયતાથી હર્યા-ભર્યા અને ભેદભાવ વગરના સમાજની સંકલ્પના સાકાર કરી શકીએ. આવા ઉદ્દેશ્યને સાર્થક કરવા, આ શિક્ષણરૂપી બીજનું શુભારંભ આપના વિસ્તારમાં થવા જઈ રહ્યો છે.ત્યારબાદ રાજકોટ પશ્ચિમના ધારાસભ્યની ડો દર્શિતાબેન શાહ, ચેરમેન હરિવંદના કોલેજ ડો. મહેશભાઈ ચૌહાણ, અગ્રણી બિલ્ડર શ્યામલ ગ્રુપ પરેશ ગોહેલ, સંચાલક પુષ્પદીપસિંહ જાડેજા, ઈસ્માઈલ લોખંડવાલા દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ

(અનુ. આઠમા પાને)

# વોર્ડ નં.૨માં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત કરતા સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૨માં આવેલ સર્કિટ હાઉસ મેઈન રોડ થી ફૂલછાબ ચોક થી આઈસીઆઈસીઆઈ બેંક સુધી ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, પ્રમુખ ભાવેશ ટોયટા, મહામંત્રી ધૈર્યભાઈ પારેખ, મહામંત્રી હર્ષવર્ધનભાઈ કહોર, નીલેશભાઈ તેરૈયા, અજયસિંહ જાડેજા, જે.ડી.ઉપાધ્યાય, ભરતભાઈ વીરડા, જયસુખભાઈ પરમાર, જેન્તીભાઈ બુધેલીયા, ડો.સંજયભાઈ જીવરાજાણી, રાજુભાઈ પારેખ, પુષ્પકભાઈ જૈન, નીતિનભાઈ વાઘેલા, મિલીદભાઈ વાઘેલા, જસુમતીબેન, દક્ષાબેન વાઘેલા, તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

## વિશ્વ મનોદિવ્યાંગ દિવસ નિમિતે

# ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા મનોદિવ્યાંગ બાળકોને સ્વેટર વિતરણ કરાયું



**અબતક, રાજકોટ**

રાજકોટ ની અગ્રીમ હરોળ ની સેવા સંસ્થા ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા શિયાળા ની ઠંડી માં ફૂટપાથ તથા ઝૂંપડપટી માં રહેતા પરિવારજનો ને હૂંફ અને રક્ષણ આપવા રાજકોટ શહેર તથા આસપાસ ના ગ્રામ્ય વિસ્તારો માં અંતરિયાળ સુધી જરૂરતમંદ પરિવારો ને શોધી અને લગભગ ૧૨૦૦ જેટલા લોકો ને ધાબળા આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે વિશ્વ મનોદિવ્યાંગ દિવસ નિમીતે ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા ચાલતા ‘‘કંબલ અભિયાન‘‘ અંતર્ગત શહેર ના મનોદિવ્યાંગ બાળકો ને શિયાળા ની ઠંડી માં હૂંફ અને રક્ષણ મળી રહે તે માટે સ્વેટર જેકેટ નુ વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવેલ હતુ, જેમાં સંસ્થા ના સંસ્થાપક ભાગ્યેશ વોરા, પ્રવીણ ચાવડા, સંજય પારેખ, સાવન ભાડલીયા, રાજન સુરૂ, જીગ્નેશ આહિર સહિત ના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સત્કાર્ય મા આપ પણ સંસ્થા ને ધાબળા નોંધાવી શકો છો એક ધાબળાસ્વેટર ની કિંમત રૂ.૧૩૦/- છે જેમાં આપ યથા શક્તિ ધાબળા નોંધાવી સહભાગી બનવા બેંક એકાઉન્ટ કરંટ એકાઉન્ટ નં.૧૧૭૭૮૭૦૦૦૦૨૬૩ IFSC, YESB ૦૦૦૧૧૭૭YES BANK, સાધુ વાસવાણી બ્રાન્ચનો સંપર્ક કરવા જણાવેલ છે.

# આત્મનિર્ભરતા સાથે ભારતનું ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર તરફ પ્રયાણ: ધારાસભ્ય રમેશ ટીલાળા

**આત્મ નિર્ભર ભારતના સંકલ્પ સાથે વેપાર - ઉદ્યોગ સંમેલન યોજાયું**



**અબતક, રાજકોટ**

દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વ્યાપારીક અને ઔદ્યોગિક ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનીજરૂરિયાત ઉપર સતત ભારત આપી રહ્યા છે. દેશભરમાં વિવિધ પાસાઓમાં આત્મનિર્ભરતા માટે તેમના આહવાનની નોંધ લેવાઈ રહી છે. ‘‘વોકલ ફોર લોકલ‘‘ તથા ’’હર ઘર સ્વદેશી ઘર-ઘર સ્વદેશી’’ના આહવાન અંગેના વડાપ્રધાનના સતત પ્રયાસો દેશભરમાં ગુંજી રહ્યા છે. નીતિ અને આર્થિક ક્ષેત્ર અંગેની વિવિધ ચર્ચાઓમાં આત્મનિર્ભરતા એ મુખ્ય વિષય રહ્યો છે. પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીના માર્ગદર્શન અનુસાર તા. ૨૫ ડીસેમ્બર, ૨૦૨૫ દરમિયાન મહાનગરમાં વેપાર-ઉદ્યોગ સંમેલનો કરવા નકકી કરવામાં આવેલ, જે મુજબ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલાની સુચના અનુસાર રાજકોટના ચારેય વિધાનસભામાં આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત ’’વેપાર-ઉદ્યોગ સંમેલન’’ વિધાનસભાના ધારાસભ્યોની આગેવાનીમાં યોજવા સુચના આપેલ. જે અંતર્ગત રાજકોટ દક્ષિણ વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની આગેવાનીમાં કોરાટ ચોક ખાતે આવેલ સીતારામ ફાર્મમાં ’’વેપાર-ઉદ્યોગ સંમેલન’’યોજાઈ ગયું.

વેપાર ઉદ્યોગ સંમેલનના પ્રારંભિક સમયે હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના વ્યાપક પ્રચાર પ્રસાર માટે સંમેલન સ્થળે આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાનના બેનર ઉપર હસ્તાક્ષર અભિયાન કરવામાં આવેલ જેમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે,રાજકોટ દક્ષિણ વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ મેયર અને કોર્પોરેટર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ ઉપપ્રમુખ અને કાર્યાલય મંત્રી હિતેષભાઈ ઢોલરીયા, વોર્ડ નં.૧૪ ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોષી સહિતનાઓએ હસ્તાક્ષર

(અનુ. આઠમા પાને)

તંત્રી લેખ

# પ્રદૂષણથી પાયમાલી દિલ્હી દૂર નથી!


માનવ જાતે પોતાના સ્વાર્થ માટે પર્યાવરણનું નખ્ખોદવાળી દીધું છે. પ્રદૂષણે હવે પાયમાલી નોંતરી છે. દેશની રાજધાની દિલ્હીની હાલત સૌથી વધુ ખરાબ થઈ જવા પામી છે. શાળા-કોલેજો બંધ છે. એટલું જ નહિં સુપ્રિમ કોર્ટે પણ વર્ચ્યુઅલ સુનાવણી કરવી પડે તેવી નોબત આવીને ઉભી રહી ગઈ છે. દેશના અન્ય શહેરો પણ હવે પ્રદૂષણનો શિકાર બની રહ્યા છે. માનવ જાત પાસે હજુ સમય છે. પર્યાવરણને પારાવાર નુકશાની અટકાવી જતન કરવા માટેની સામુહિક જવાબદારી લેવાની આવશ્યકતા છે.

દિલ્હીમાં હવાનું પ્રદૂષણ એટલી હદે વધી ગયું છે કે લોકો માટે શ્વાસ લેવો મુશ્કેલ બની ગયો છે. અક્ષરધામ મંદિર અને ઈન્ડિયા ગેઈટ પ્રદૂષણના કારણે હવે દેખાતા બંધ થઈ ગયા છે. તેવી ભયાનક સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. સ્થિતિ દિનપ્રતિદિન સતત કથળી રહી છે. દેશનું ભાવિ ગણાતા બાળકો પોતાના જીવન ઘડતર માટે શાળાએ પણ જઈ શકતા નથી.

સ્થિતિ એટલી હદે ખરાબ થઈ જવા પામી છે. રાજકોટમાં પણ પ્રતિદિન હવા ઝેરી બની રહી છે. આ સ્થિતિ એક ચેતવણીરૂપ મનાઈ રહી છે. જો હવે આપણે પર્યાવરણના રખોપા કરવા માટે પૂરતા જાગૃત્ત નહિં બન્યે તો એવી સ્થિતિ આવીને ઉભી રહી જશે જ્યારે આપણી પાસે લાચારી સિવાય કશું જ નહિં હોય કુદરત સાથે બાથ ભીડવાનું છોડી માનવે હવે તમામ જીવસૃષ્ટિને ધ્યાનમાં રાખી પર્યાવરણની રક્ષા કરવાની સમયની માંગ છે.

જે સ્થિતિ હાલ દેશની રાજધાની દિલ્હીની છે. તેવી જ સ્થિતિ થોડા વર્ષોમાં દેશના અન્ય શહેરોની પણ બની જશે. નદીઓના કે ભૂગર્ભ જળ હવે પીવાલાયક રહ્યા નથી. ખેતીની જમીન પણ બંજર બની રહી છે. માનવી પોતાની ભાવિ પેઢી સાથે રિતસર રાજ રમત રમી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

## ભારત વિકાસ પરિષદનાં ટ્રસ્ટી જાણીતા બિલ્ડર નીતિનભાઈ મહેતાનો જન્મદિવસ



ભારત વિકાસ પરિષદના ટ્રસ્ટી નિતીનભાઈ મહેતાનો આજે જન્મદિવસ છે. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સ્વયંસેવક છે. વ્યવસાયે તેઓ બીલ્ડરતેમજ અંકુર રેફ્રિજરેશન ના પ્રોપરાઈટર છે. રાજકોટ નાગરિક સહકારી બેન્ક શાખા સમિતિ અને સહકાર ભારતી રાજકોટ શહેર કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. શહેરની જાણીતી જૈન સંસ્થા જૈન વીઝનમાં તેઓ ટ્રસ્ટી છે. ૩૧૬ ટેનામેન્ટ ધરાવતી વિશાળ રવિ રેસીડેન્સીમાં તેઓ પ્રમુખ પદે ફરજ બજાવી ચૂકયા છે. રાજકોટ ની સુપ્રસિદ્ધ સંસ્થા સત્કાર્ય સેવા સમિતિ મા માનદમંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. સેવાકીય ક્ષેત્રે સમગ્ર સમાજમાં તેઓનું અનેરૂ યોગદાન રહેલ છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનીમલ હેલ્પલાઈન, રાજકોટ મહાજનની પાંજરાપોળ નાં કાર્ય માં પણ એક યા બીજી રીતે મદદરૂપ થઈ રહયા છે. ૬૩ વખત રકતદાન કરી સેવાકાર્ય દીપાવી રહ્યા છે, આ શુભદીને સમાજનાં અગ્રણીઓ તરફથી નીતીનભાઈ મહેતા મોબાઈલ નંબર ૯૨૨૭૨૧૨૦૪૫ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

## સિનિયર એડવોકેટ નિરવ કુમાર પંડ્યાનો જન્મદિવસ



રાજકોટ બાર એશોશીએશનના વકીલોના હિત માટે લડત લડતા અને હાલમાં રાજકોટ બાર એશોશીએશનની ચૂંટણીમા પ્રમુખ પદના ઉમેદવાર નિરવ કુમાર કે. પંડ્યાનો આજરોજ ૫૫ મો જન્મદિવસ છે. જેમના જન્મ દિવસ નિમિત્તે તેમની ધર્મપત્ની હર્ષા પંડયા (ભૂ.પૂ.જોઈનટ સેક્રેટરી - મહિલા બાર એશોશીએશન) એડવોકેટ પુત્ર પ્રણવ પંડયા, એડવોકેટ નેહાબેન કમલેશકુમાર રવૈયા સહિતના સિનિયર જુનિયર વકીલો અને મિત્રો દ્વારા તેમના મો.નં.૯૯૨૫૮૨૦૪૧૨ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

## જય સરદાર સેવા સમિતિ દ્વારા કાલે મહારકતદાન કેમ્પ

### ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, મેયર નયનાબેન પેઢડીયા અને પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક હાજરી આપશે

**અબતક, રાજકોટ**

થેલેસેમિયાગ્રસ્ત બાળકો અને અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર લોહી મળી રહે તેવા હેતુથી જય સરકાર સેવા સમિતિ દ્વારા સતત નવમા વર્ષે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સતત આઠ વર્ષથી આ શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે પણ આ શિબિર દ્વારા વધુમાં વધુ રક્ત એકત્ર કરવાના સેવાભાવ સાથે લાઈફ બ્લડ બેંકના સહયોગથી કાલે સવારે ૭ થી ૧ વાગ્યા સુધી વિક્રાતિ સોસાયટી કોમન પ્લોટ, હરીભાઈ ઘવા માર્ગ, નવનીત હોલની સામે રાખવામાં આવ્યું છે.

સતત નવમાં વર્ષે આયોજીત રકતદાન શિબિરમાં ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, પૂર્વ સાંસદ રમેશભાઈ ઘડુક, જેતપુર-ધોરાજીના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજકોટના મેયર નયનાબેન પેઢડિયા, ખોડલધામ ચેરમેન નરેશ પટેલ તેમજ રાજકોટ મનપાના પૂર્વ શાસક પક્ષના નેતા વિનુભાઈ ઘવા ખાસ ઉપસ્થિત રહેશે.

આ આયોજનને સફળ બનાવવા માટે ચતુરભાઈ વસાણી, દામજીભાઈ વઘાસીયા, જાગાભાઈ બારસીયા, લાલજીભાઈ વસાણી, જતીનભાઈ વઘાસીયા, સચિનભાઈ બારસિયા, ભરતભાઈ ઢોલરીયા તથા જય સરદાર સેવા સમિતિના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

### નેશનલ લીગલ સેમિનારમાં ડોનેશનના મુદ્દે થયેલા આક્ષેપને પગલે

# બાર એસોસિએશન દ્વારા હિસાબનું સરવૈયું કરાયું જાહેર

### રજીસ્ટ્રેશન ફી અને સ્વૈચ્છિક ડોનેશન મળી રૂ.૨૨,૨૫,૦૦૦ની આવક સામે રૂ.૨૦,૪૭, ૭૧૮નો ખર્ચ: રૂ.૧,૭૭,૨૮૨ની સિલક

**અબતક, રાજકોટ**

રાજકોટ બાર એસોસીએશન દ્વારા ગત તા.૮ અને ૯ નવેમ્બર ૨૦૨૫ ના બે દિવસીય નેશનલ લીગલ સેમિનારમાં કુલ ૧૦ વિષય/ટોપીક ઉપર સમગ્ર વકીલો માટે જ્ઞાનસેતુ પરમાર્થના કાર્યમાં બહોળી સંખ્યામાં વકીલઓએ લાભ લીધેલ સોશિયલ મીડિયા મારફત સફળ સેમિનારને વખોડવા થયેલ પ્રયત્ન સામે રાજકોટ બાર એસોસીએશન અને તમામ સભ્યોને પારદર્શી વહીવટ ચકાસવા હિસાબ ખુલ્લો મુકેલ.સ્વામીનારાયણ મંદિર ખાતે ૩૦૦૦ થી વધુની જાજરમાન બેઠક વ્યવસ્થા ધરાવતા ઓડીટોરીયમ ભાડે રાખી સમગ્ર રાજકોટ તથા રાજકોટ જીલ્લાના વકીલશ્રીઓ ને તજજ્ઞો મારફત જ્ઞાનની સરવાણી કેળવવા તથા વકીલોના આદર સન્માન જળવાઈ તે રીતની વ્યવસ્થા અનુરૂપ સ્વામીનારાયણ મંદિરના ભોજનાલયમાં બંને દિવસ નાસ્તો, જમણવાર તથા હાઈ-ટી ની વ્યવસ્થા રાખેલ તે હકીકતથી તમામ સેમિનારમાં હાજર વકીલશ્રીઓ માહિતગાર છે.સેમિનારમાં ભાગ લેનાર એડવોકેટઓ આમંત્રિત મહેમાનો ને સેમિનાર કીટ આપેલ તેમજ સેમિનાર પૂર્ણ થયે અનુદાન સ્વરૂપે મળેલ લેધર બેગ અને શ્રી મેજર એક્ટ આપવામાં આવ્યું હતું

સમગ્ર સેમિનાર દરમિયાન રાજકોટ બાર એસોસીએશન દ્વારા સેમિનારમાં ભાગ લેનાર વકીલો તથા આમંત્રિત મહેમાનો ની ગરિમાપૂર્ણ વ્યવસ્થા તેમજ મંદિરના ઓડીટોરીયમ, નાસ્તો-ભોજન, મંડપ સર્વિસ, ફોટોગ્રાફી તથા વિડીયો શુટિંગ,લાઈવ સ્ટ્રીમીંગ, મોમેન્ટો-ગીફ્ટ, સ્ટેશનરી તથા પ્રિન્ટીંગ, બેનર,સુશોભન વિગેરે તથા સ્પીકરને હોટેલમાં રહેણાંકના ખર્ચાઓ થયેલ, જે તમામ ખર્ચામાંથી મહતમ ખર્ચ બેંક મારફત અને રોકડ ખર્ચ વાઉચર મારફત થયેલ જે કુલ ખર્ચ રૂ.૨૦,૪૭,૭૧૮/ થયેલ જેની સામે રજીસ્ટ્રેશન ફી તથા સ્વૈચ્છિક ડોનેશન પેટે મળેલી રકમ રૂ.૨૨,૨૫,૦૦૦/ ની આવક થયેલ છે જેથી ખર્ચ બાદ કરતા વધેલ રકમ રૂ.૧,૭૭,૨૮૨/ રાજકોટ બાર એસોસીએશનના બેંક ખાતામાં જમાં સિલક છે. જે રાજકોટ બારની પુંજી તરીકે રહેલ છે.ઉપરોકત તમામ હિસાબ અન્વયે આવક જાવક નું સરવૈયું તથા બેંક સ્ટેટમેન્ટ રાજકોટ બારની કાર્યાલયમાં ઉપલબ્ધ હોય સેમિનારમાં સહભાગી થનાર તથા રાજકોટ બારના તમામ સભ્યો નેશનલ લીગલ સેમિનારના હિસાબથી વિદિત થાય તે શુભ હેતુથી રાજકોટ બાર એસોસીએશનની યાદી જાહેર કરેલ છે.

# સંગીતનો જલસો એકિટવિટી મ્યુઝિકલ ગ્રુપ દ્વારા કાલે સદાબહાર ગીતોની જમાવટ

### અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકો એ સમગ્ર માહિતી આપી



તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ એક્ટિવિટી મ્યુઝિકલ ગ્રુપ દ્વારા આવતીકાલે રાત્રે ૮:૦૦ કલાકે હેમુ ગઢવી હોલ (મીની ઓડિટોરિયમ) એક યાદગાર મ્યુઝિકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું છે.કાર્યક્રમનું શીર્ષક ''મેં જીસ દિન ભુલા તેરા પ્યાર દિલસે''છે,સદાબહાર ગીતોની સુમધુર સફર માટે રાજકોટના સંગીત કલાકારો એક મંચ પર એકઠા થશે. અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં ચંદ્રેશ ફીચડીયા, અનિલ વાઘેલા,સંજય પારેખ, વિરેન્દ્ર ગરાચ ચંદ્રેશ ચૌહાણ, નીતાબેન રાઠોડ, નયનાબેન વ્યાસ, નીતાબેન સોની, ક્ષિતિજ માત્રાવડીયાએ સમગ્ર માહિતી આપીઆ મ્યુઝિકલ નાઈટમાં જાણીતા ગાયક કલાકારો અને કલાકાર સમૂહ પોતાની ગાયકીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે, જેમાં મુખ્યત્વે ચંદ્રેશ ફિચડીયા, યોગ ભાઈ પંડ્યા, બિપીનભાઈ માંડલિયા, મહેશભાઈ આડેસરા, ચંદ્રેશભાઈ ચોહાણ, અનિલભાઈ વાઘેલા, નરેન્દ્રભાઈ , પ્રમોદભાઈ બક્ષી, વિરેન્દ્રભાઈ ગરાય, સંજયભાઈ પારેખ, નલિનભાઈ આહયા, નિલેશભાઈ ચાંદ્રાણી, પ્રકાશભાઈ નથવાણી, રોકસ્ટાર રાકેશભાઈ, અતુલભાઈ કાલરીયા, અરવિંદભાઈ દવે, ક્ષિતિજ માત્રવાડીયા, વિજયભાઈ ભોજાણી, શૈલેષભાઈ જડીયા.: નિતાસેન રાઠોડ, અલકાબેન કેસરીયા, નયનાબેન વ્યાસ, નિતાબેન સોની, આભાબેન શાહ, હિનાબેન મોકરીયા, જ્યોતિબેન ગોસ્વામી જુના નવા ગીત ની જમાવટ કરશે.આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકેજયેશભાઈ ઉપાધ્યાય (બોલબાલા ટ્રસ્ટ), સુરેશભાઈ મારું (આર.ટી એઅેસઆઈ) પૃથ્વીરાજસિંહ જાડેજા (ડીવાયએસપી), જીજ્ઞેશભાઈ વાગડીયા (પ્રમુખ સોની યુવા સોશિયલ ટ્રસ્ટ), કિશોરભાઈ ફિચડીયા (રાધે આર્ટ), હિમાંશુભાઈ પારેખ (અંકિત ગોલ્ડ)ઓલ કારાઓકે ગ્રુપ અને એન્જોય ગ્રુપના તમામ સભ્યો પણ ઉપસ્થિત રહેશે, તેમજ કાર્યક્રમમાં નિશુલ્ક એન્ટ્રી રાખવામાં આવેલ છે તો શહેરની દરેક સંગીત પ્રેમીઓને પધારવા આમંત્રણ પાઠવેલ છે.

# સાળંગપુરધામ ખાતે આજથી હનુમાન ચાલીસાના પાઠના જયયજ્ઞનો પ્રારંભ

### ઓમ નમો હનુમંતે ભયભજનાયે સુખમ કુરૂ ફટ સ્વાહાના પાઠથી પરિસર ગુંજી ઉઠશે



**અબતક, રાજકોટ**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને પવિત્ર ધનુર્માસ નિમિતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી એવં કોઠારી વિવેકસાગરદાસ સ્વામીના માર્ગદર્શનથી શ્રી કષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા ધરવામાં આવ્યા હતા તેમજ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી.

પવિત્ર ધનુર્માસ આજથી તા.૧૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન દાદાના મંદિરના પટાંગણમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધનુર્માસ નિમિત્તે પારિવારિક શાંતિ માટે તેમજ વિશ્વ કલ્યાણ અર્થે શ્રી હરિ મંદિરમાં શ્રી હનુમાન ચાલીસાના પાઠ તેમજ ૐ નમો હનુમતે ભયભંજનાય સુખમ્ કુરુ ફટ્ સ્વાહા પાઠનો જપ યજ્ઞ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) દ્વારા પૂજન -અર્ચન -આરતી કરી પ્રારંભ કરવામાં આવ્યો હતો. સવારે ૭ થી ૧૨ અને સાંજે ૩ થી ૬:૩૦ કલાક દરમિયાન દરરોજ કરવામાં આવે છે. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# ધામેલીયા પરિવાર દ્વારા ગુરૂવારે ૧૧મો વિષ્ણુયાગ મહોત્સવ અને સ્નેહમિલન કાર્યક્રમ

### અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી



તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં વસતા ધામેલીયા પરિવાર દ્વારા કુળદેવી ચામુંડા માતાજી, સુરાપુરા દાદા મકનબાપા (અમરાપુર-પાનાણી), સુરાપુરા દાદા ધરમશીબાપા, સતીમાં (મોટા ગુંદાળા), અને સતીમાં મલબાઈમા (ધામેલ ગામ)ની અસીમ કૃપાથી એક ભવ્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાના અમરાપુર (ધાનાણી) મુકામે ૧૧મો વિષ્ણુયાગ મહોત્સવ-૨૦૨૫ તથા સ્નેહમિલનનો કાર્યક્રમ ગુરુવાર, તા. ૧૮મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાશે.અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં રજનીભાઈ ધામેલીયા, લલીતભાઈ ધામેલીયા, ભીખુભાઈ ધામેલીયા, શશીકાંત ધામેલીયા, આશિષ ધામેલીયા, અમિત ધામેલીયા સહિતના અગ્રણીઓએ માહિતી આપી સમગ્ર દિવસ દરમિયાન ધાર્મિક વિધિઓ અને પૂજા કાર્યક્રમો યોજાશે, જેમાં ધામેલીયા પરિવારના સભ્યો ધર્મલાભ લેશે.આયોજક સમિતિ દ્વારા સમસ્ત ધામેલીયા કુટુંબના સભ્યો, બહેનો અને દીકરીઓને આ ધાર્મિક તેમજ કૌટુંબિક સ્નેહમિલનના કાર્યક્રમમાં સપરિવાર પધારી કાર્યક્રમને સફળ બનાવવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પંચનાથ હોસ્પિટલમાં મેડિક્લેઈમ ધારકોને મળશે કેશલેસ સારવાર

**અબતક, રાજકોટ**

પંચનાથ હોસ્પિટલ, રાજકોટ હવે જીપ્સા/ પીપીએ (પ્રિફેર્ડ પ્રોવાઈડ નેટવર્ક) સાથે પણ જોડાઈ ચૂકી છે.જીઆઈપીએસએ હેઠળની દેશમાં કાર્યરત મુખ્ય પીએસયુ ઈન્સ્યોરન્સ કંપનીઓ: યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ, નેશનલ ઈન્સ્યોરન્સ, ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ, ધ ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ દ્વારા હોસ્પિટલમા કેશલેસ સારવાર સુવિધા ઉપલબ્ધ છે.

હોસ્પિટલ હાલમાં અનેક જાણીતી વીમાઅને ટીપીએ કંપનીઓ સાથે યુનાઈટેડ હેલ્થ કેર પારેખ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લિ., મેડી અસિસ્ટ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લિ., એમ.ડી. ઈન્ડિયા હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લિ., પેરા માઉન્ટ હેલ્થ સર્વિસિસ એન્ડ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લિ., ઈ-મેડિટેક ઈન્શ્યોરન્સ ટીપીએ લિ., હેરિટેજ હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લિ., ફોકસ હેલ્થ ઈન્શ્યોરન્સ (ટીપીએ) પ્રા. લિ., ફેમિલી હેલ્થ પ્લાન ઈન્શ્યોરન્સ ટીપીએ લિ. સહિત અનેક અન્ય કંપનીઓ જોડાયેલ છે.

જે લોકો મેડિકલ / કેશલેસ સુવિધાનો ઉપયોગ કરીને સારવાર અથવાઓ પરેશન કરાવા માંગતા હોય, તેઓ આગોતરા પંચનાથ હોસ્પિટલ ખાતે કેશલેસ સંબંધિત કામગીરી સંભાળતા સીમાબેનનો સંપર્ક કરી શકે છે. જરૂરી દસ્તાવેજો પૂર્ણ કર્યા બાદ ઈન્શ્યોરન્સ કંપની પાસેથી હોસ્પિટલ ખર્ચની આગોતરી મંજૂરી મેળવી નિદાન, સારવાર અથવા ઓપરેશન કરાવી શકાય છે.

જો ઈમરજન્સી સ્થિતિમાં દાખલ થવું પડે તો સામાન્ય રીતે ખર્ચની મંજૂરી મેળવવામાં ૬ કલાકથી લઈને ૧૨ કલાક જેટલો સમય લાગી શકે છે. તેમ છતાં, પંચનાથ હોસ્પિટલ મંજૂરીની રાહ જોયા વિના દર્દીની તાત્કાલિક જરૂરિયાત મુજબ ઈમરજન્સીમાં તરત સારવાર અને દવાઓ ઉપલબ્ધ કરાવે છે.

પંચનાથ હોસ્પિટલમાં જનરલ સર્જરી, ઓર્થોપેડિક સર્જરી જેમ કે હાડકાં, લિગામેન્ટ, સાંધા અને ટેન્ડન સંબંધિત સર્જરી, અકસ્માત સંબંધિત સર્જરી, તેમજ સ્ત્રીઓના રોગો સંબંધિત અન્ય તમામ પ્રકારની સર્જરી કરવામાં આવે છે.

પંચનાથ હોસ્પિટલમાં તાવ, સર્દી - ઉધરસ, ડેન્ગ્યુ, મેલેરિયા, ટાઈફોઈડ, વિવિધ પ્રકારના ઈન્ફેક્શન, લકવો (પેરાલિસિસ), આંચકી (ફિટ્સ), વગેરે રોગોના દર્દીઓની સારવાર કરવામાં આવે છે.

# જય માઁ શકિત ગ્રુપ આયોજીત સમુહ લગ્નમાં પાંચ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા

### નામલધામ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગ થકી ૧૨૫થી વધુ વસ્તુઓનું કરીયાવર આપી દીકરીઓને સાસરે વળાવી





**અબતક, રાજકોટ**

જયમાં શકિતગૃપ તથા નામલધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દ્વિતીય સમુહ લગ્નોત્સવનુ જાજરમાન આયોજન ગોવર્ધન પાર્ટી પ્લોટ (ગીરીરાજ) ૮૦ ફુટ રોડ, જુના મોરબી રોડ, જકાતનાકા રાજકોટ ખાતે કરવામાં આવેલ હતુ દરેક દિકરીઓને ૧૨૫ થી વધુ વસ્તુઓ કરીયાવર સ્વરૂપે ભેટ આપવામાં આવેલ હતી જેમા પ્રમુખ વિપુલભાઈ વાઘેલાના માર્ગદર્શન હેઠળ બળવંતભાઈ ચૌહાણ, વિરેન્દ્રભાઈ વાઘેલા, નીરવભાઈ વ્યાસ, જીજ્ઞેશભાઈ પટેલ, જયેશભાઈ જોટાણીયા, ભરતભાઈ ચુડાસમા, નિરવભાઈ વ્યાસ, મુકેશભાઈ ઝાપડા, જયેશભાઈ પરમાર, જનકભાઈ સોલંકી સહિતના સભ્યો તેમજ દાતાઓના સાથ સહયોગ તેમજ સાધુ-સંતોના આશિર્વાદથી સફળ આયોજન કરવામાં આવેલ હતુ. જેમા ગુરૂજી કૈલાશનંદ ગીરીજી મહારાજ પંચ દશનામ અખાડા-જુનાગઢ મહંત થાનપતી હનુમાનગીરી બાપુ સીધ્ધપીઠ ચોરેશ્વર મહાદેવ મંદીર-મેંદરડા જે.ડી.બાપુ કાલભૈરવ મંદીર, બેડી ચૌકડીના સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

# ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજ ટ્રસ્ટ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું આયોજન

### તેજસ્વી તારલાઓનું સન્માન, સ્નેહ મિલન જ્ઞાતિ ભોજન કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રહ્મસમાજ રાજકોટ ટ્રસ્ટનાં પ્રમુખ પ્રફુલભાઈ જોષી, મહામંત્રી તથા હોદેદારો અને સમગ્ર કારોબારી સભ્યોની સંયુકત અખબારી યાદી જણાવે છે કે રાજકોટ શહેરમાં વસતા સર્વે ચિભડીયા બ્રહ્મ પરિવારના ધો. ૧ થી ૧૨, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનીત કરવાના હોઈ તેઓની માર્ચ-૨૦૨૫ માં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓના વાષિક પરિણામ પત્રકની ઝેરોક્ષ તથા અન્ય કોઈ અભ્યાસક્રમમાં પણ ઉતિર્ણ થયેલ હોઈ તથા રાજ્યકક્ષાએ તથા રાષ્ટ્રીય કક્ષાએ કોઈ સિધ્ધિ પ્રાપ્ત કરેલ હોઈ તેઓને રાજકોટ જ્ઞાતિની ક્રેડિટ સોસાયટી તથા રાજકોટ ટ્રસ્ટની ઓફીસ જીમ્મી ટાવર, ઓફીસ નં. ૩૪૦ ગોંડલ રોડ, રાજકોટ ખાતે પરિણામ પત્રકની ઝેરોક્ષ પહોચાડવી તથા પરિણામ પત્રકની પાછળ પિતાનું નામ, વિદ્યાર્થીનું પુરુ નામ, ધોરણ, સરનામું તથા મોબાઈલ નંબર અવશ્ય લખવા, પરિણામ પત્રકની ઝેરોક્ષ ઓફીસે રજાના દિવસો સિવાય તા. ૧૧-૧૨- થી ૧૨-૦૧-૨૦૨૬ સુધીમાં સવારે ૧૧ થી ૧ તથા સાંજે ૫ થી ૭ દરમિયાન પહોચાડી દેવાનું જણાવવામાં આવે છે.

જ્ઞાતિજનો ક્રેકિટ સોસાયટીના સભાસદ થવા ઈચ્છતા હોઈ તેઓએ આધારકાર્ડની નકલ, પાનકાર્ડની નકલ, પાસપોર્ટ સાઈઝ ફોટો-૧, રૂ. ૧૧૦૦/- સભાસદ ફી તથા ઉપરોકત ડોકયુમેન્ટમાં રાજકોટ શહેરમાં સરનામું હોવું ફરજીયાત છે.

# જિલ્લાની સુધારેલી મતદાર યાદીનો ડ્રાફ્ટ શુક્રવારે રજુ કરાશે

## કલેકટર ડો.ઓમપ્રકાશ અને જિલ્લા પ્રભારી ડો.રાહુલ ગુપ્તાએ વીડીયો કોન્ફરન્સ કરી એસઆઈઆર અંતર્ગત સુધારેલ મતદાર યાદીની સમીક્ષા કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં ૪ નવેમ્બરથી શરૂ થયેલ SIR એટલે કે, સ્પેશિયલ ઈન્સેટિવ રિવિઝનની કામગીરી હવે પૂર્ણ થવાના અંતે છે અને એસઆઈઆર બાદ તૈયાર થયેલ મતદારયાદી લોક કરવાના કાઉન્ટડાઉન વચ્ચે ૧૯મીએ સુધારેલી મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ થશે ત્યારે સમગ્ર એસઆઈઆર કામગીરીની સમીક્ષા કરવા રાજકોટના કલેકટર, અધિક કલેકટર અને રાજકીય પક્ષ સાથે આજે જિલ્લા પ્રભારી દ્વારા વીસી કરવામાં આવી હતી અને સમગ્ર કામની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.



આવા અનમેપ મતદારના દાદા-દાદી સહિતના વડીલોના નામ સાથે બીએલઓએ ડિજિટલ કસરત કરી

ઉલ્લેખનીય છે કે, જિલ્લાના કુલ મતદારના ૩૪.૦૨ ટકા સ્માર્ટ મતદારોએ ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ સેલ્ફ મેપિંગ કરી બીએલઓનું કામ આસાન કરી દીધું છે. બીજી તરફ જિલ્લામાં ૨.૬૧ લાખ મતદારનું મેપિંગ થયું ન હોવાથી મેપિંગ પ્રક્રિયા પૂર્ણ કરી અનેક મતદારના નામ મતદારયાદીમાંથી રદ થતાં બચાવી લેવાયા છે.

રાજકોટ જિલ્લામાં એસઆઈઆર અંતર્ગત જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદારયાદીમાં નોંધાયેલ કુલ ૨૩,૯૧,૦૨૭ મતદાર પૈકી ૪ નવેમ્બરથી ઘેર-ઘેર ફોર્મ વિતરણ કરી કુલ ૨૩,૯૧,૦૨૪ મતદાર સુધી એન્યુમરેશન ફોર્મ વિતરણ કર્યા હતા. જે પૈકી બીએલઓ દ્વારા મતદારોએ રજૂ કરેલા ગણતરી ફોર્મના આધારે ૨૦,૫૨,૦૦૬ મતદારનું મેપિંગ કર્યું હતું. સાથે જ રાજકોટ જિલ્લાના ૮,૧૩,૪૮૬ મતદારે ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ જાતે જ વર્ષ ૨૦૦૨ની મતદારયાદીની તુલનાએ સેલ્ફ મેપિંગ કરી ફોર્મ સબમિટ કર્યા હોય બીએલઓની મહેનત ઘટાડી હતી. જિલ્લામાં આવા ૩૪.૦૨ ટકા સ્માર્ટ મતદારોએ સેલ્ફ મેપિંગ કર્યું હોવાના આંકડા સામે આવ્યા છે.

### રાજ્યમાં ૧૦.૬ લાખ ફોર્મમાં વિસંગતતાની ચકાસણી પૂર્ણતાને આરે

ગુજરાતમાં ૨૭મી ઓક્ટોબર-૨૦૨૫થી એસઆઈઆરની ઝુંબેશની શરૂઆત કરાઈ હતી. જેમાં ૫.૦૮ કરોડ ફોર્મ મતદારોને વહેંચાયા હતા. જે પૈકી (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદી તૈયાર કરાઈ છે. જેમાં ૧૦.૬૯ લાખ વિસંગતતા સામે આવી હતી. જેની ચકાસણી પણ હવે પૂર્ણતાને આરે છે. રાજ્યના કુલ ૩૩ પૈકી ૨૬ જિલ્લાની યાદીમાં શૂન્ય વિસંગતતા છે. જ્યારે અન્ય ૭ જિલ્લામાં મળી માત્ર ૧૧ વિસંગતતાના કિસ્સામાં ખરાઈની પ્રક્રિયા પ્રગતિમાં છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મૂકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

# ડોલર સામે રૂપિયો માંયકાંગલો: ૯૧ને પાર

## રૂપિયાના સતત ધોવાણના કારણે શેરબજાર અને બૂલીયન બજારમાં પણ કડાકા

**અબતક, રાજકોટ**

અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો સતત તૂટી રહ્યો છે. આજે ડોલર સામે રૂપિયાએ ૯૧ની સપાટી ઓળંગી હતી અને ૯૧.૦૭ની નવી ઐતિહાસિક નીચલી સપાટીએ સરકી ગયો હતો. રૂપિયાના ધોવાણના કારણે શેરબજાર અને બૂલીયન બજારમાં પણ મંદી જોવા મળી રહી છે. આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં કડાકા બોલી ગયા હતા.

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ ફાઈનલ થતી નથી. બીજી તરફ મેક્સિકોએ પણ ભારત પર આકરા ટેરિફ ઝીંકતા રૂપિયાનું સતત ધોવાણ થઈ રહ્યું છે. આજે ઉઘડતી બજારે ડોલર સામે રૂપિયો ૯૧ની સપાટી કૂદાવી ૯૧.૦૭ની નીચલી સપાટીએ સરકી ગયો હતો. દિવસ દરમિયાનની ઉપરની સપાટી ૯૦.૭૫ રહેવા પામી હતી. રૂપિયાના ધોવાણના કારણે શેરબજાર પણ મંદીમાં આવી ગયું છે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સે ૮૫૦૦૦ની સપાટી તોડી હતી અને ૮૪૬૫૪.૨૫ના લેવલ સુધી



સરકી ગયો હતો. ઉપલી સપાટી ૮૫૦૫૯.૯૬ની રહેવા પામી હતી. નિફ્ટીમાં પણ ધોવાણ જોવા મળ્યું હતું. નિફ્ટી આજે ૨૫૮૪૮.૪૦ના નીચલા લેવલે પહોંચી ગઈ હતી. નિફ્ટીએ ૨૬૦૦૦ની સપાટી તોડી છે. નિફ્ટીનું આજનું ઉપલું લેવલ ૨૫૯૮૦.૮૫ રહ્યું હતું. બૂલીયન બજારમાં પણ મંદી જોવા મળી રહી છે. આજે એમસીએક્સ પર સોનાના ભાવમાં ૩૦૦ રૂપિયાનો ઘટાડો રહ્યો હતો. ભાવ રૂ.૧૩૩૮૦૦ બોલાયા હતા. જ્યારે ચાંદીના ભાવમાં ૬૦૦નું ગાબડું પડ્યું હતું. હાજરમાં સોનાના ભાવ ૧૩૬૨૯૦ અને ચાંદીના ભાવ ૧૯૮૪૪૦ બોલાઈ રહ્યા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૫૧૮ પોઈન્ટના ઘટાડા સાથે ૮૫૬૯૫ અને નિફ્ટી ૧૬૬ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૮૬૧ પર ટ્રેડ કરી રહ્યા છે. જ્યારે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૩૦ પૈસા તૂટી ૯૧.૦૩ની સપાટી પર કામકાજ કરી રહ્યો છે.

# મંજુરી વિના લગાવેલા ૨૦૩૫ બોર્ડ બેનરો ઉતારી લેતી એસ્ટેટ શાખા

### ૪૬ રેંકડી-કેબીન જપ્ત: રૂ.૧,૭૩,૩૫૫/-નો વહીવટી ચાર્જ વસુલાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન,આનંદ બંગલા ચોક,રામનાથ પરા,રૈયા રોડ,નંદનવન પાર્ક,રવિવારી આજીડેમ,કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતર રૂપ ૪૬ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

જ્યુબેલી, જામનગર રોડ, હેમુ ગઢવી હોલ, જંકશન રોડ, ગાયત્રીનગર મે. રોડ, ઢેબર રોડ, જંકશન રોડ, કૃષ્ણનગર મે.રોડ, રૈયા રોડ,૧૫૦ ફુટ રોડ, કાલાવાડ રોડ, નાણાવટી ચોક, ભીમનગર રોડ, યુનિ.રોડ, કોઠારીયા રોડ, ધરાર માર્કેટ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદીજુદી અન્ય ૭૪૧ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

જામનગર રોડ, લક્ષ્મિનગર,



જ્યુબેલી, યુનિ. રોડ, કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધીધરાર માર્કેટ, કેસરી હિન્દ પુલ, પારેવડી ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૨૭૪૯ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ.

કોઠારીયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, પુષ્કરધામ મેઈન રોડ, યુનિ.રોડ, નાણાવટી ચોક, રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક, ઢેબર રોડ, સોરઠીયાવાડી પાસે થી રૂ.૭૫,૨૫૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

૮૦ફુટ રોડ, પારેવડી ચોક, સંતકબીર રોડ, ધરાર માર્કેટ, કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ ફુટ રોડ,અર્ટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદ બંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૯૮,૧૦૫/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જામનગર રોડ,જલારામ ચોક,જંકશન પ્લોટ,રેસકોર્ષ રોડ,યુનિ.રોડ,૧૫૦ ફુટ રોડ,નાણાવટી ચોક,સાધુવાસવાણી રોડ, પટેલ કન્યા છાત્રાલય,કોઠારીયા રોડ,સેટેલાઈટ ચોક પરથી ૨૦૩૫ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

# ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશની ગુજકેટ માટે ૩૦મી સુધી રજિસ્ટ્રેશન

## રેગ્યુલર ફી સાથે ૩૦મી સુધી ફોર્મ ભરી શકાશે, ગતવર્ષે ૧.૨૬ લાખે ગુજકેટ આપી હતી: આગામી ૨૯ માર્ચે સવારે ૧૦થી ૪ વચ્ચે જિલ્લા કેન્દ્રો પરથી ગુજકેટ લેવામાં આવશે

**અબતક, અમદાવાદ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૯મી માર્ચના રોજ લેવાનારી ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ માટે આજથી ઓનલાઈન ફોર્મ ભરવાનું શરૂ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ રેગ્યુલર ફી સાથે આગામી ૩૦મી ડિસેમ્બર સુધી ફોર્મ ભરી શકશે. ગતવર્ષે કુલ ૧.૨૬ લાખ વિદ્યાર્થીઓએ ગુજકેટ આપી હતી. આ વર્ષે વિદ્યાર્થીઓનો વધારો થાય તેવી શકયતાં છે.ધો.૧૨ સાયન્સ પછી ડિગ્રી ઈજનેરી, ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ મટે જેઈઈ-મેઈનની જેમ સ્થાનિક કક્ષાએ ગુજકેટ લેવામાં આવશે. આ પરીક્ષામાં ધો.૧૨ સાયન્સમાં ગ્રુપ એ, ગ્રુપ બી અને એબી તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી શકતાં હોય છે. આગામી ૨૯મી માર્ચને રવિવારના રોજ શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ, ત્રણ માધ્યમમાં લેવનારી પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અને ગણિત એમ, ચાર વિષયની પરીક્ષા લેવામાં આવશે. બોર્ડ દ્વારા ઓનલાઈન આવેદનપત્રો આવતીકાલ તા.૧૬મીથી લઈને ૩૦મી સુધીમાં ઓનલાઈન ભરી શકાશે. વિદ્યાર્થીઓએ ગુજકેટમાં રજિસ્ટ્રેશન કરાવવા માટે રૂ.૩૫૦ ફી પણ ઓનલાઈન ભરવની રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા ગતવર્ષે ૨૩મી માર્ચના રોજ ગુજકેટ લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ૧,૨૯,૯૧૨ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ. જે પૈકી ૧,૨૬,૧૯૭ વિદ્યાર્થીઓએ ગુજકેટ આપી હતી. મહત્વની વાત એ કે, દરવર્ષે રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની મુદત પુરી થાય બાદ બોર્ડ દ્વારા એક હજાર રૂપિયા લેઈટ ફી સાથે ફોર્મ ભરવાની તક આપવામાં આવતી હોય છે. ચાલુવર્ષે રેગ્યુલેર ફી ભરવાની મુદત પુરી થાય બાદ લેઈટ ફી સાથે ફી ભરવા અંગેની જાહેરાત કરવામાં આવશે. ગુજકેટની પરીક્ષા૨૯મીને રવિવારે સવારે ૧૦થી બપોરે ૪ વાગ્યા દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષા રાજ્યના દરેક જિલ્લા કેન્દ્રો પરથી લેવામાં આવશે. શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૧૯થી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની રજિસ્ટ્રેશન થયેલી શાળાઓમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ચાર વિષયોમાં પાઠ્ય પુસ્તકનો અમલ કરવામાં આવ્યો છે.

### વોકહાર્ટ હોસ્પિટલમાં ૧૧૪ કિલો વજન ધરાવતી મહિલાની જટિલ હર્નિયા સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ

**અબતક,રાજકોટ**

૧૧૪ કિલોગ્રામ વજન ધરાવતી ૫૩ વર્ષીય મહિલા સતત પેટમાં દુખાવો, કબજિયાત અને અસ્વસ્થતા અનુભવી રહી હતી. તેમણે અગાઉ અમદાવાદમાં નાભિની હર્નિયા (સારણગાંઠ) અને ત્યારબાદ બે વાર ઈન્સિઝનલ હર્નિયા (સારણગાંઠ) માટે સર્જરી કરાવી હતી. છતાં પણ, તેમને ફરીથી મોટો ઈન્સિઝનલ હર્નિયા (સારણગાંઠ) થયો હતો, જે છ વર્ષથી હતો. જોખમ વધુ હોવાથી ઘણાં હોસ્પિટલ્સ એ તેમની સર્જરી કરવા ઈનકાર કર્યો હતો.અંતે તેઓ સારવાર માટે વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ પહોંચ્યા અને ડો. યાકુબ આર. પટેલનો સંપર્ક કર્યો. ડોક્ટરે સર્જરી દરમિયાન થનારા જોખમો જેવી કે શ્વાસમાં તકલીફ, સર્જરી બાદ આઈસીયુ અને વેન્ટિલેટર સપોર્ટની શક્યતા અંગે વિગતવાર સમજાવ્યું. પરિવાર અને દર્દીની સંમતિ બાદ સર્જરી નક્કી કરવામાં આવી.ડો. યાકુબ આર. પટેલે જટિલ અને લાંબી રીકન્સ્ટ્રક્ટિવ હર્નિયા (સારણગાંઠ) સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરી. આ સર્જરીમાં જૂના ઘા અને અલ્સર દૂર કર્યાં, અગાઉ મુકાયેલ મેશ કાઢી , પેટની દિવાલને ફરી મજબૂત બનાવી, નવી મેશ પેટના સ્નાયુની અંદર અને બહાર બંને બાજુ મૂકી અને લગભગ ૭ કિલો વધારાની પેટની ટિશ્યુ દૂર કરવામાં આવી. આ સંપૂર્ણ પ્રક્રિયા ખૂબ જ ટેકનિકલ અને જોખમી ગણાતી હતી.અનેક હોસ્પિટલ્સમાં સર્જરી માટે મનાઈ મળ્યા બાદ, વોકહાર્ટ હોસ્પિટલ્સમાં તેમને નવા જીવનની આશા મળી. આજે દર્દી સ્મિત સાથે સામાન્ય જીવન તરફ આગળવધીરહ્યાછે.

# રાજકોટ-પોરબંદર-વેરાવળ રૂટની કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર

### નવું સમયપત્રક સોમવારથી લાગુ થશે

**અબતક,રાજકોટ**

મુસાફરોની સુવિધા અને ટ્રેનોની સમયપાલન ક્ષમતા માં સુધારો કરવાના હેતુથી પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન સંબંધિત કેટલીક ટ્રેનોના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારેલી સમયસારણી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ થી અમલમાં આવશે.

રાજકોટ-પોરબંદર લોકલ ટ્રેનના રાજકોટથી ઉપડવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે તેમજ માર્ગના વિવિધ સ્ટેશનો પર આગમન/પ્રસ્થાનના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. પોરબંદર પહોંચવાનો સમય યથાવત રહેશે. આ ટ્રેન રાજકોટથી ૦૮.૩૫ કલાકને બદલે ૦૮.૫૦ કલાકે ઉપડશે.

વેરાવળ-રાજકોટ લોકલ ટ્રેનના વેરાવળથી રીબડા સ્ટેશન સુધીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. માત્ર ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનના સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેનનો ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૯.૧૭/૦૯.૧૮ ને બદલે ૦૯.૦૪/૦૯.૦૬ કલાક રહેશે.

પોરબંદર-રાજકોટ ટ્રેનના વેરાવળથી ગોંડલ સુધીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભક્તિનગર સ્ટેશન પર સમયમાં સુધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેનનો ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૧૦.૦૦/૧૦.૦૧ ને બદલે ૦૯.૫૦/૦૯.૫૨ કલાક રહેશે.

રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેનના રાજકોટથી ઉપડવાના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે અને ભક્તિનગર સ્ટેશન પર સુધારેલો સમય લાગુ થશે. આગળ વેરાવળ સુધીના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ટ્રેન રાજકોટથી ૦૮.૦૦ કલાકને બદલે ૦૭.૫૫ કલાકે ઉપડશે. આ ટ્રેનનો ભક્તિનગર સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૮.૧૨/૦૮.૧૪ ને બદલે ૦૮.૦૭/૦૮.૦૯ કલાક રહેશે.

### એચડીએફસી બેન્કનું ‘સાયબર ફ્રોડ જાગૃતિ મહા અભિયાન’

# દેશના ૨૭ હજારની વધુ નાગરિકોને સલામત ડિજિટલ બેંકિંગ વ્યવહારો અંગે કરાયા માહિતગાર

### સાયબર ફ્રોડ પર પ્રકાશ પાડવા વાસ્તવિક જીવનના ઉદાહરણો રજુ કરાયા

**અબતક, રાજકોટ**

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંકે ડિજિટલ બેંકિંગ જાગૃતિ અભિયાનના ભાગરૂપે સમગ્ર ભારતમાં સાઈબર ફ્રોડ જાગૃતિ વર્કશોપ્સની શ્રેણીનું આયોજન કર્યું હતું. એપ્રિલ ૨૦૨૫ થી બેંક ૪,૦૦૦ થી વધુ વર્ક શોપ્સનું આયોજન કરી ચૂકી છે, જેમાં ૨૭,૦૦૦ થી વધુ નાગરિકોને સલામત ડિજિટલ બેંકિંગ વ્યવહારો અંગે માહિતગાર કરવામાં આવ્યાં છે.




આ વર્ક શોપ્સનો ઉદ્દેશ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓ, સીનિયર સિટીઝન્સ, સ્વ-સહાય જૂથો, ગ્રાહકો અને કર્મચારીઓને શિક્ષિત કરવાનો છે.આ ઈન્ટરેક્ટિવ સેશન્સ દ્વારા સહભાગીઓએ સલામત ડિજિટલ બેંકિંગ વ્યવહારો અંગે મૂલ્યવાન જાણકારી મેળવી હતી,

જેથી તેઓ સાઈબર ફ્રોડનો શિકાર ન બને. આ વર્ક શોપ્સમાં વાસ્તવિક જીવનના ઉદાહરણો, વાર્તાઓ અને વીડિયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેણે સહભાગીઓને છેતરપિંડી કરનારાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી વિવિધ મોડસ ઑપરેન્ડી (કાર્યપ્રણાલી)અને આવી છેતરપિંડીથી કેવી રીતે બચવું, તેના અંગેના સૂચનો સમજવામાં મદદ કરી હતી.

આ વર્કશોપમાં છેતરપિંડી કરનારાઓની યુકિતઓને સમજવી, સલામત બેકિંગના વ્યવહારૂ સુચનો, છેતરપીંડીનો ભોગ બનવાથી બચવા માટેના માર્ગદશિકા જેવા પ્રાસંગીક વિષયોની શ્રેણીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અંગે એચડીએફસી બેંકના ક્રેડિટ ઈન્ટેલિજન્સ એન્ડ કંટ્રોલને સીનિયર એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ મનીષ અગ્રવાલે ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, ‘છેતરપિંડી કરનારાઓ ગ્રાહકોને ગેરમાર્ગે દોરવા અને તેમનું શોષણ કરવા માટે ટેકનોલોજીની સાથે સોશિયલ એન્જિનીયરિંગ યુક્તિઓનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યાં છે. આથી, નાગરિકોમાં તેમના દ્વારા ઉપયોગમાં લેવાતી વિવિધ મોડસ ઑપરેન્ડી (કાર્યપ્રણાલી)વિશે જાગૃતિ પેદા કરવી આવશ્યક છે,

જેથી તેઓ ગુપ્ત બેંકિંગ ડેટા અથવા પ્રમાણિત નહીં થયેલી લિંક્સ પર ક્લિકન કરે.

બેંક ગ્રાહકોને ડિજિટલ વ્યવહાર કરતી વખતે સાવધ રહેવા અને સલામત બેંકિંગની આદતો અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે અને તેમની ગુપ્ત બેંકિંગ માહિતી કોઈની સાથે પણ શેર કરવાનું ટાળવાની સલાહ આપે છે. જો ગ્રાહકો ઑનલાઈન ફ્રોડનો ભોગ બને, તો તેમણે તાત્કાલિક બિનઅધિકૃત ટ્રાન્ઝેક્શનની બેંકને જાણ કરવી જોઈએ અને ભવિષ્યમાં નુકસાન ન થાય તે માટે પેમેન્ટ મોડને બ્લોક કરાવી દેવો જોઈએ.ગ્રાહકોએ કેન્દ્રીય ગૃહ મંત્રાલય (એમએચએ)દ્વારા શરૂ કરવામાં આવેલા ૧૯૩૦ હેલ્પલાઈન નંબરપર કોલ કરીને પણ ફરિયાદ નોંધાવવી જોઈએ અનેનેશનલ સાઇબરક્રાઈમ રીપોર્ટિંગ પોર્ટલ https://cybercrime.gov.inપર ફરિયાદ નોંધાવી જોઈએ.

# ભારતીય ડાક વિભાગ દુરના વિસ્તારમાં સેવા પહોંચાડવામાં અગ્રેસર: પોસ્ટ માસ્ટર જનરલ

### ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં ડાક સેવાઓની સમીક્ષા કરતા પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ

**અબતક,રાજકોટ**

ભારતીય ડાક વિભાગ ‘ડાક સેવા-જન સેવા’ના મૂળ મંત્રને અનુરૂપ કાર્ય કરતાં દેશના ગ્રામ્ય તેમજ દૂરના વિસ્તારો સુધી વિશ્વસનીય સેવાઓ પહોંચાડવામાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે. નવીનતમ ટેકનોલોજી અને નવતર પહેલોના માધ્યમથી ડાક વિભાગ સમાજના તમામ વર્ગો સુધી પોતાની વ્યાપક પહોંચ સુનિશ્ચિત કરી રહ્યું છે. સુરક્ષિત રોકાણ વિકલ્પો અને આકર્ષક વ્યાજ દરોના કારણે પોસ્ટ ઓફિસની બચત યોજનાઓ આજે પણ સામાન્ય જનતા વચ્ચે અત્યંત લોકપ્રિય બની રહી છે. ઉપરોક્ત વિચાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે ‘મેઘદૂતમ’ સભાખંડ, પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ ખાતે યોજાયેલી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અત્યાર સુધી થયેલ કાર્યોની સમીક્ષા બેઠક દરમિયાન વ્યક્ત કર્યા.



આ બેઠકમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના વિવિધ મંડળોના અધ્યક્ષઓએ ભાગ લીધો હતો.

સમીક્ષા બેઠક દરમિયાન વિવિધ મંડળોના અધિકારીઓએ પોત-પોતાના ક્ષેત્રોમાં કરવામાં આવી રહેલા કાર્યો અંગે પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ સમક્ષ પ્રસ્તુતિ કરી, જેના પર વિસ્તૃત ચર્ચા તથા વિશ્લેષણ કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના ડાકઘરોમાં નાણાકીય સમાવેશ અંતર્ગત વર્તમાન નાણાકીય વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં અંદાજે ૫.૮૩ લાખ નવા બચત ખાતાં, ૧૮,૬૦૦ સુકન્યા સમૃદ્ધિ ખાતાં તેમજ ૭૫,૦૦૦ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતાં ખોલવામાં આવ્યા છે. પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સમાં ૧૬૦ કરોડ રૂપિયા અને ગ્રામીણ પોસ્ટલ લાઈફ ઈન્શ્યોરન્સમાં ૩૪ કરોડ રૂપિયાની કુલ પ્રીમિયમ રકમ જમા થઈ છે. પોસ્ટલ કામગીરીથી ૬૫ કરોડ રૂપિયાથી વધુની આવક પ્રાપ્ત થઈ છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ડાક સેવાઓમાં સતત નવીનતા આવી રહી છે. પોસ્ટ ઓફિસ આધુનિક સેવાઓ અને ડિજિટલ પહેલોના માધ્યમથી નાગરિકોને વધુ સુવિધા અને લાભ પ્રદાન કરી રહ્યા છે.

આ બેઠકમાં પ્રવર અધિક્ષક અમદાવાદ સિટી મંડળ ચિરાગ મેહતા, પ્રવર અધિક્ષક રેલ ડાક સેવા પીયૂષ રજક, તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

# શાપર(વે.)ના ધરતી ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાંથી રૂ.૮૧ હજારની મતાની ચોરી

## દિવાલ ટપીને કારખાનામાં ઘૂસેલી તસ્કર ત્રિપુટી એલ્યુમિનિયમ રોડ પીસના ત્રણ બાચકા ઉઠાવી ગઈ : સીસીટીવીના આધારે તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ શાપર(વે.) ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં આવેલ ધરતી ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાંથી તસ્કર ત્રિપુટી રૂ. ૮૧ હજારની મતા ઉઠાવી ગઈ હતી. કારખાનાની દીવાલ ટપીને આવેલી તસ્કર ત્રિપુટી ફોર્જિંગ કરવા રાખેલ એલ્યુમિનિયમ રોડ પીસના ત્રણ બાચકાની ચોરી કરી નાસી જતાં સીસીટીવી ફૂટેજમાં કેદ થયાં હતા. પોલીસે ગુનો નોંધી તસ્કર ત્રિપુટીની શોધખોળ આદરી હતી.

ચોરીના બનાવ અંગે રાજકોટ શહેરના મવડી ગામે અક્ષર પ્રાઈમ એપાર્ટમેન્ટ, સી-વિંગ, ફ્લેટ નં.-૪૦૨ માં રહેતા ૩૪ વર્ષીય કારખાનેદાર સંદિપભાઈ મનસુખભાઈ સેરસીયાએ શાપર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, શાપર મેઈન રોડ ઉપર ટીલાળા ગેઈટની અંદર આવેલ સોહમ એસ્ટેટ નામની બીલ્ડીંગની સામે શાપર ગ્રામ પંચાયતના સર્વે નં.-૨૬ ના પ્લોટ નં.-૦૩ માં ધરતી ઈન્ડ્રસ્ટીઝ નામે ટર્નિંગ એન્ડ ફોર્જિંગનુ કારખાનું હું તથા મારા સગા સાળા ચેતનભાઈ સોલીયા (રહે.રાજકોટ) છેલ્લા ચારેક વર્ષથી ભાગીદારીમાં ચલાવી છીએ. કારખાનામાં કુલ-૧૦ મજુરો કામ કરે છે, જે પૈકી આઠ મજુરો પરપ્રાંતિય છે અને હું તથા મારા સાળા બને રાજકોટથી શાપર સાથે અપડાઉન કરીએ છીએ. મારા કારખાનામાં સવારના આઠથી સાંજના આઠ વાગ્યા સુધીની એક શિફ્ટમાં કામ થતુ હોય છે અને રાત્રીના સમયે કામ બંધ હોય છે.

ફરીયાદીએ જણાવ્યું હતું કે, મારા કારાખાનામાં અમે બહારની કંપનીઓ તરફથી મળતા ઓર્ડર મુજબ એલ્યુમીનીય રોડ પીસમાં ફોર્જિંગ કરી આપતા હોઈ જેથી અમને અલગ અલગ કંપની તરફથી એલ્યુમીનીયમનુ કટીંગ રોડ પીસ પુરૂ પાડવામાં આવતુ હોય છે. જે અમારા કારખાનામાં ફોર્જિંગ કરવા માટે સંગ્રહ કરીને રાખતા હોઈએ છીએ. ગઈ તા.૧૪/૧૨/૨૦૨૫ ના રોજ અમને મેટોડાની કાસ્ટ એન્ડ એલોઇ નામની કંપની તરફથી એલ્યુમીનીય કટીંગમાં ફોર્જિંગ કરી આપવાનો નવો ઓર્ડર મળતા તેઓની કંપનીનુ તથા અમારી કંપનીનુ એલ્યુમીનીયમ કટીંગ સ્ટોર કરીને અમારા કારખાનામાં રાખેલ હતું. બાદ સાંજના આશરે સાતેક વાગ્યે હું તથા મારા સાળા ચેતનભાઈ અમારા કારખાનેથી રાજકોટ અમારા ઘરે જવા માટે નીકળી ગયેલ હતા.

બાદમાં બીજા દિવસે સવારે સાડા સાત વાગ્યે હું તથા મારા સાળા ચેતનભાઈ સોલીયા બંન્ને રાજકોટથી કારખાને જવા માટે નીકળેલ હતા. આઠેક વાગ્યે કારખાને પહોંચતા




શેડની અંદર એલ્યુમીનીયમ કટીંગ રોડ પીસના ત્રણ બાચકાઓ રાખેલ હોય તે કયાંય જોવા મળેલ નહી. જેથી આ બાબતે મેં મારા કારખાનાના મજુરોને પુછતા તેમને આ બાબતે કાંઈ ખબર નહી હોવાનુ જણાવ્યુ હતું. જેથી મને કારખાનામાં ચોરી થયેલ હોવાની શંકા ગયેલ હતી. બાદ અમે કારખાનામાં લગાવેલ સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરતા તા. ૧૫/૧૨/૨૦૨૫ ના રાત્રીના આશરે સવા બે વાગ્યે ત્રણ શખ્સો કારખાનાની દિવાલ કુદી, અંદર પ્રવેશી, કારખાનાની અંદર રાખેલ એલ્યુમીનીયમ કટીંગ રોડ પીસના ત્રણ બાચકાની ચોરી કરી લઈને જતા જોવામાં આવેલ હતા. જે એક બાચકામાં આશરે ૩૫ કીલો ગ્રામ એલ્યુમીનીયમ કટીંગ રોડના પીસ જેની કી.રૂ. ૨૭ હજાર ગણી શકાય તેવા ત્રણ બાચકામાં રહેલ એલ્યુમીનીયમ કટિંગ રોડ પીસ જેનુ કુલ વજન આશરે ૧૦૫ કીલોગ્રામ જેની આશરે કુલ કી.રૂ. ૮૧ હજારની ચોરી કરી ત્રિપુટી નાસી ગઈ હતી. બનાવ અંગે શાપર(વે.) પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કર ત્રિપુટીની શોધખોળ હાથ ધરી હતી.

# ગાંજાના કેસમાં બીહારના મુખ્ય સપ્લાયાર જામીન મુક્ત

## મધુરમ ઈન્ડસ્ટ્રીઝ પાસેથી ૧૨.૭૫૧ કિલોગ્રામ ગાંજાનો જથ્થો એસ.ઓ.જી. એ ઝડપી પાડ્યો હતો

**અબતક, રાજકોટ**

શહેરના મધુરમ ઈન્ડસ્ટ્રીઝ પાસેથી ઝડપાયેલા ૧૨.૭૫૧ કિલોગ્રામ ગાંજાના કેસમાં સંડોવાયેલા બીહારના મુખ્ય સપ્લાયારને જામીન ઉપર મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની હકિકત મુજબ રાજકોટ એસ.ઓ.જી. પોલીસે બાતમી આધારે મધુરમ ઈન્ડસ્ટ્રીઝ પાસેથી અભીજીત પાસવાનને ૧૨.૭૫૧ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી લોધો હતો. ઝડપાયેલા શખ્સની પૂછપરછમાં સપલાયર તરીકે આરોપી અરૂણકુમાર રામેશ્વરપ્રસાદ બંસબહાદુર સિંગ પાસેથી ગાંજાનો જથ્થો લાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે તેની અટકાયત કરી જેલ હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા આરોપી દ્વારા સેસન્સ અદાલતમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજી સુનવણી ઉપર આવતા બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપીને શરતી જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો છે. આરોપોઓ વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહીતભાઈ ઘીયા, મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા અને મીતલબેન ધોકીયા રોકાયા હતા.

# બાર એસોસિએશનની ૧૯મીએ ચૂંટણીમાં મતદાન અંગે ખાસ તાકીદ

## માત્ર પ્રોવિઝનલ સનદ ધરાવતા વકીલ મતદાન કરી શકશે નહીં

**અબતક, રાજકોટ**

રાજકોટ બાર એસોસિએશનની ખાસ યાદીમાં જણાવ્યા મુજબ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કાર્યક્રમને માર્ગદર્શન હેઠળ આગામી તા. ૧૯/ ૧૨/ ૨૦૨૫ના શુક્રવારના રોજ રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી યોજાનાર છે, તેમાં વન બાર વન વોટ મુજબની મતદાર યાદીમાં જેમના નામ હોય તેવા જ એડવોકેટસ અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એઆઈબીઈ)ની એકઝામ પાસ કરેલ હોય તેવા એડવોકેટસ પાસે સનદ અગર તો એનરોલમેન્ટ કે આઈડેન્ટિટી કાર્ડ હોય તેવા તમામ વકીલો મતદાન કરી શકશે, મતદાનના દિવસે મતદાન માટે આવતા યુવા વકીલોએ તેમની ઓલ ઈન્ડિયા બાર કાઉન્સિલની એકઝામ પાસ કર્યા અંગેનુ (૧) સર્ટીફીકેટ, અગર (૨) સનદ, અગર (૩) આઈડેન્ટિટી કાર્ડ મતદાન કરતી વખતે પુરાવા તરીકે સાથે લાવવાનું રહેશે.

તદ ઉપરાત જો ઓલ ઈન્ડિયા બાર કાઉન્સિલની એકઝામ પાસ કર્યા ના કોઈપણ સર્ટિફિકેટમાં આઈડેન્ટિટી પ્રુફ નહી હોય તો તેવા પુરાવા સાથે આઈડેન્ટિટી પ્રુફ અલગથી લાવવાનું રહેશે અન્યથા પ્રોવિઝનલ સનદ ધરાવતા એડવોકેટસનું નામ મતદાર યાદીમાં હોવા છતા કોઈપણ પ્રકારનો મતાધિકાર રહેશે નહી, જેની નોંધ લેવા અનુરોધ છે.

# રેતી કપચીના ધંધા બાબતે સામૂહિક હુમલામાં ૪ આરોપીના આગોતરા જામીન રદ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં રેતી કપચીના ધંધાના ડખા મામલે સિનર્જી હોસ્પિટલ પાસે સરાજાહેર યુવક ઉપર થયેલ હુમલાની ફરિયાદ બાબતે ચાર આરોપીઓએ કરેલી આગોતરા જામીન અરજી અદાલત દ્વારા ફગાવી દેવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટમાં રેતી કપચીના ધંધા બાબતે ડખો થતા ગઈ તા.૧૬/ ૧૧/ ૨૦૨૫ના રોજ સિનર્જી હોસ્પીટલ પાસે પાર્થ ઉર્ફે સોનુ અરવીંદભાઈ ફિચડીયા ઉપર સામૂહિક હુમલો થતા પાર્થભાઈને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતા. અને જે બનાવ સંદર્ભેની ફરીયાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવતા આરોપીઓ પૈકીના પ્રણવ મયુરભાઈ દેવાતકા, સની કિરીટભાઈ દેવાતકા, હીતેશ મેરામણભાઈ મોઢવાડીયા અને કાના જેઠાભાઈ ઓડેદરાએ ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી હતી. જે સંદર્ભે મુળ ફરીયાદી વતી વકીલ પરેશ વી. જોબનપુત્રા સહિતના વકીલોએ આગોતરા જામીન અરજી સામે લેખીત વાંધાઓ રજુ કર્યા હતા, આ ઉપરાંત મદદનીશ સરકારી વકીલે આગોતરા જામીન અરજી રદ કરવા રજુઆત કરી હતી તેમજ આ અંગે ઉંડાણપુર્વકની દલીલો કરી હતી. સેશન્સ કોર્ટે રજુ થયેલ વાંધાઓ તેમજ પોલીસ રિર્પોટ તથા મેડિકલ રિપોર્ટ વગેરે ધ્યાને લઈ ચારે-ચાર આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજુર કરી હતી. હાલના કામમા સરકારી વકીલ અતુલભાઈ જોષી સરકાર તરફે તથા મુળ ફરીયાદી વતી વકીલ પરેશ વી.જોબનપુત્રા, કિશન એસ. રાજાણી, કૃપા કે. રાજાણી, ઝલક આર. ચૌહાણ, સહાયક દર્શીલ જોબનપુત્રા રોકાયા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### દિલ્હી-આગ્રા એક્સપ્રેસ વે...

પછી એવું લાગ્યું જાણે બોમ્બ ફાટ્યો હોય. લોકો બસોના કાચ તોડીને બહાર કૂદી રહ્યા હતા. થોડી જ વારમાં બસો બળીને રાખ થઈ ગઈ. ૧૦ મિનિટ પછી પોલીસ પહોંચી અને બચાવ કામગીરી શરૂ થઈ. અમે બસમાંથી ૮-૯ મૃતદેહો બહાર કાઢ્યા.

ઈજાગ્રસ્તોને ૨૦ એમ્બ્યુલન્સ દ્વારા મથુરા જિલ્લા હોસ્પિટલ અને વૃંદાવન સંયુક્ત જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા. ત્યારબાદ ગંભીર ઈજાગ્રસ્તોને આગ્રા મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા. પોલીસે બસોમાંથી મુશ્કેલીથી મૃતદેહોને બહાર કાઢ્યા. જ્યારે, સીએમ યોગીએ મૃતકોના પરિવારજનો માટે ૨-૨ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી.

સીએમઓ રાધા બલ્લભે જણાવ્યું કે ૨ ટીમ પોસ્ટમોર્ટમ કરશે. મૃતદેહોની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે. પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ રાખવા માટે ૧૭ બેગ પહોંચી છે. તેમાં બળી ગયેલા લોકોના ટુકડા રાખવામાં આવ્યા છે. આ બધા અકસ્માત સ્થળેથી લાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે એક બેગમાં એક મૃતદેહ આવે છે, પરંતુ અકસ્માતમાં આગ લાગી હોવાથી તપાસ પછી જ કંઈક કહી શકાશે.

**લોકોને બહાર નીકળવાનો સમય જ ના મળ્યો**

એક્સપ્રેસ-વે પર ગાઢ ધુમ્મસ હતું. માઈલસ્ટોન ૧૨૭ પર અચાનક સ્લીપર બસની સામે ધુમ્મસ આવી ગયું. આને કારણે ડ્રાઈવરે બ્રેક મારીને સ્પીડ ધીમી કરી. ત્યારબાદ પાછળ ચાલી રહેલી ૬ બસો અને ૪ કારો અથડાઈ ગઈ. ટક્કરથી એસી બસમાં આગ લાગી ગઈ. લોકોને ભાગવાનો પણ મોકો મળ્યો નહીં.

### નિકાસ...

ફાર્માસ્યુટિકલ્સ અને તૈયાર વસ્ત્રો જેવા રોજગાર-સઘન ક્ષેત્રોના મજબૂત પ્રદર્શનને કારણે થયો હતો. દરમિયાન, નવેમ્બરમાં સોનાની આયાતમાં ૫૯ ટકાનો ઘટાડો, પેટ્રોલિયમ આયાતમાં ૧૧ ટકાનો ઘટાડો અને ખાદ્ય તેલની આયાતમાં ૨૦ ટકાનો ઘટાડો થવાને કારણે આયાતમાં ઘટાડો થયો. નવેમ્બરમાં અમેરિકામાં નિકાસમાં ૨૨ ટકાનો વધારો થયો. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે અમેરિકામાં ૫૦ ટકા ટેરિફ અને અન્ય પડકારો હોવા છતાં, આપણી નિકાસ વધી રહી છે.

ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં નવેમ્બરમાં અમેરિકામાં નિકાસમાં પણ ૨૨.૬૧ ટકાનો વધારો થયો. અમેરિકાથી ક્રૂડ ઓઈલની આયાતમાં પણ વધારો થયો, જે બંને દેશો વચ્ચેના વેપાર માટે સારો સંકેત છે. તેમણે જણાવ્યું હતું કે દ્વિપક્ષીય વેપાર કરાર માટે બંને દેશો વચ્ચે છ રાઉન્ડની વાટાઘાટો થઈ છે. બંને દેશો વચ્ચે એફટીએ માળખા પર કરાર ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે. જોકે, આ માટે કોઈ સમયમર્યાદા નક્કી કરી શકાતી નથી. અગ્રવાલે જણાવ્યું હતું કે, ''મને નથી લાગતું કે અમેરિકા ભારતીય ચોખા પર વધુ ટેરિફ લાદશે.''વાણિજ્ય સચિવે જણાવ્યું હતું કે નિકાસ પ્રમોશન મિશનના ત્રણ ઘટકો આ અઠવાડિયે શરૂ થશે. ગયા મહિને, કેબિનેટે રૂ.૨૫,૦૦૦ કરોડના નિકાસ પ્રમોશન મિશનને મંજૂરી આપી હતી.

દરમિયાન, ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટો ઘણા મહિનાઓથી ચાલી રહી છે, જોકે હજુ સુધી કોઈ નક્કર કરાર થયો નથી. એવા સંકેતો મળી રહ્યા છે કે બંને પક્ષો ધીમે ધીમે પોતાના વલણને નરમ બનાવી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર લાદવામાં આવેલા ટેરિફ ઘટાડવાનો સંકેત આપ્યો છે. વોશિંગ્ટનને સંતુલિત કરવા માટે, નવી દિલ્હીએ વેપાર સરપ્લસ ઘટાડવા માટે અમેરિકા પાસેથી તેલ અને ગેસની ખરીદીમાં વધારો કર્યો છે. વધુમાં, ભારત ભવિષ્યમાં અમેરિકા પાસેથી કૃષિ ઉત્પાદનોની ખરીદીમાં વધારો કરે તેવી અપેક્ષા છે.

### પશ્ચિમ એશિયા...

પુનઃનિર્માણમાં મદદ કરશે.

**ઈથોપિયા (આફ્રિકા પ્રવેશદ્વાર):** આફ્રિકામાં ચીનના પ્રભાવ સામે ભારત એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે. અહીં વેપાર વધારવા અને આફ્રિકન યુનિયન સાથે સંબંધો મજબૂત કરવા પર ભાર મુકાશે.

**ઓમાન (સુરક્ષા કવચ):** ભારતની દરિયાઈ સુરક્ષા માટે ઓમાન અત્યંત મહત્વનું છે. 'દુકમ પોર્ટ' દ્વારા ભારત હિંદ મહાસાગરમાં પોતાની પકડ મજબૂત કરશે અને બંને દેશો વચ્ચે મુક્ત વ્યાપાર કરાર થશે.

આ પ્રવાસ દ્વારા ભારત પોતાની 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' જાળવી રાખીને સુરક્ષા અને વેપાર બંને ક્ષેત્રે મજબૂત બનશે.

### એડવાન્સ ટેક્સ...

અંત સુધીમાં સરકારી ખર્ચ વધવાથી બજારમાં પૈસાની પુષ્કળતા વધશે.'' આ કદમથી બેંકિંગ વ્યવસ્થા સરળતાથી કાર્ય કરી શકશે અને અર્થતંત્રને સ્થિરતા મળશે. ઉલ્લેખનીય છે કે બજારમાં પૈસાની તંગી ન સર્જાય તે માટે રિઝર્વ બેન્ક સતત પગલાં લઈ રહ્યું છે. ડિસેમ્બરમાં પણ બે કારણોસર આવી ભીતી સેવાઈ રહી હતી. જેને પગલે રિઝર્વ બેંકે રૂ.૧.૫ લાખ કરોડ માર્કેટમાં ઠાલવવાનું નક્કી કર્યું છે.

### ઈંડાઓમાં ...

જોખમ વધારી શકે છે, સાથે જ લીવર અને કિડનીને પણ નુકસાન પહોંચાડી શકે છે. ઈંડાંની ગુણવત્તા પર હવે તંત્ર અને ગ્રાહકો બંનેએ ધ્યાન આપવું પડશે. આ મુદ્દો માત્ર ખાદ્ય સુરક્ષાનો નહીં, પરંતુ સમગ્ર કૃષિ અને જાહેર આરોગ્ય પ્રણાલીની સંતુલન જાળવવાનો છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### પ્રથમ જીવનો પ્રારંભ...

પાણીનું મહત્વ અને માહાત્મ્ય સમજાવવા ડો. વિશ્વાસે આપેલા તર્કને શ્રાવકો તાળીઓના ગડગડાટથી વારંવાર વધાવી લેતા કથાકારે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. આવતીકાલે ૧૬ ડિસેમ્બરને મંગળવારે તેઓ રામ અને શ્યામના જીવનકવનની તુલનાત્મક વિભાવનાઓ વિવિધ પ્રસંગોના માધ્યમથી કઈ રીતે કરશે તેની આછેરી ઝલક તેઓએ આપી હતી. તેઓએ કથા દરમિયાન યુવાનોને પોતાના પ્રશ્નો ગીરગંગાના માધ્યમથી પૂછવાનું આહવાન કર્યું હતું અને યુવાનોમાં વ્યાપ્ત અસમંજસને દૂર કરવા તેઓએ તમામ પ્રશ્નોના જવાબો આપવાનો કોલ પણ આપ્યો હતો.

ડો. કુમાર વિશ્વાસે પહેલા દિવસની કથાનો પ્રારંભ સુપ્રસિધ્ધ સ્તોત્ર અધરમ્ મધુરમથી કરતાં જ કથાનો માહોલ બંધાઈ ગયો હતો. ડો. કુમાર વિશ્વાસની વાણી પ્રારંભ પૂર્વે તેમની ટીમના જાણીતા કવિ દિનેશજી બાંગરે જોશભેર જલવિષયક કવિતા ગાન કરતા ઉપસ્થિત શ્રોતાઓએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.ત્યારબાદ બાળ ભજનિક બિરેન કુમાર તેમજ ભજનિક અંકિતા શ્રીવાસ્તવએ કૃષ્ણ ભજન ગાનથી લોકોને ભાવવિભોર કર્યા હતા.

### આજી - ન્યારી...

ધ્યાને લેતા, શહેરમાં આગામી ચોમાસાનાં વરસાદ પહેલા આજ તથા ન્યારી જળાશયમાં તા.૩૧.૭.૨૦૨૬ અથવા નવી જળ રાશી ઉપલબ્ધ થવા સુધી દૈનીક ૨૦ મીનીટ પાણી પુરવઠો સુચારૂ રૂપે જાળવી રાખવા માટે સરકારની સૌની યોજના મારફત આજી તથા ન્યારી જળાશયમાં તા.૧ જાન્યુઆરીથી તબક્કાવાર કુલ ૩૧૫૦ એમસીએફટી જળ જથ્થાની આવશ્યકતા રહે.રાજકોટ શહેરમાં દૈનીક ૨૦ મીનીટ પાણી પુરવઠો સુચારૂ રૂપે જાળવી રાખવા માટે આ જળ જથ્થો સૌની યોજના મારફત ઉપલબ્ધ કરાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માંગણી દરખાસ્ત રજૂ કરાઈ છે.

(ચોથા પાનાનું ચાલુ)

### ધનારક કમુરતા...

અને કર્ણ વેધ જેવી વ્યાવસાયિક પ્રવૃત્તિ પણ એકદમ સરળતાથી ધનારક કમુરતામાં થઈ શકે છે. આ સમય દરમિયાન મુસાફરીની તારીખ કમુરતા શરૂ થતા પૂર્વે જ નિર્ધારિત થઈ હોય તો મુસાફરીને પણ શુભ માનવામાં આવે છે. વધુમાં આ એક મહિના દરમિયાન પૂજા પાઠ ઉપાસના અને સારા ગ્રંથોનું વાંચન કરવાને પણ એકદમ મહત્વપૂર્ણ માનવામાં આવ્યું છે.ધનારક કમુરતામાં ધાર્મિક શાસ્ત્રોમાં ઉલ્લેખ થયા અનુસાર તામસી માંસાહારી અને નશાકારક ખોરાક કે પીણાનું સેવન ન કરવું જાઈએ. આ સમય દરમિયાન દરરોજ ત્રાંબાના વાસણમાં સંગ્રહિત દૂધ અને પાણી પીવાને પણ અશુભ અને હાનિકારક માનવામાં આવે છે. આ સમય દરમિયાન જા કોઈ પણ વ્યક્તિ પોતાનો નવો વ્યવસાય શરૂ કરવા માગતા હોય તો તેમણે ધનારક કમુરતા પૂર્ણ થાય ત્યાં સુધી રાહ જાવી જાઈએ.ધનાક કમુરતામાં એક મહિના દરમિયાન જપ ધ્યાન અને દાનના ઘણા ફાયદા સનાતન ધર્મના શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યા છે, તે મુજબ આ સમય દરમિયાન કરવામાં આવેલા પુણ્ય કાર્યોનો લાભ જીવનભર મળતો હોય છે.

આ મહિનામાં તુલસી અને પીપળાના વૃક્ષોની પૂજા ગાયની સેવા સૂર્યની પૂજા ભગવાન વિષ્ણુના નામનો મંત્ર જાપ અને ભાગવત ગીતા રામચરિતમાનસ અને સત્યનારાયણજીનો પાઠ કરવામાં આવે તો પણ તેને એકદમ શુભ ફળદાયી માનવામાં આવે છે.

### બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ...

આ પ્રસંગે હોસ્પિટલના પૂર્વ ચેરમેન ડો. પ્રદીપ કણસાગરાએ પ્રસંગને અનુરૂપ ઉદબોધન કરેલ તેમજ ડો. ભાણજીભાઈ કુડારીયા અમેકરિથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કોન્ફરન્સમાં તબીબી ક્ષેત્રના અગ્રણી અને ઈન્ડિયન મેડીકલ એસોસિએશન, રાજકોટના પ્રેસિડેન્ટ ડો. જયેશ ડોબકરિયાએ વ્યક્તવ્ય આપેલ અને જણાવેલ કે આવી કોન્ફરન્સથી નર્સિંગ વ્યવસાયિકોને નવી સારવાર પદ્ધતિઓ અને નવીનતા વિશે જાણકારી મળતી હોવાથી સમયાંતરે આવી કોન્ફરન્સ યોજવા પર ભાર મૂક્યો હતો.

રાજકોટટની ટ્રસ્ટ સંચાલિત બી.ટી. સવાણી કિડની હોસ્પિટલને નર્સિંગ એક્સેલન્સ ક્ષેત્રે મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. હોસ્પિટલના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડો. વિશાલ ભટ્ટે માહિતી આપી હતી કે ડિસેમ્બર ૨૦૨૫ માં હોસ્પિટલએ નર્સિંગ એક્સેલન્સમાં એન.એ.બી.એચ. નું સર્ટિફિકેશન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. જે સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રથમ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ પેરામેડિકલ અને મેડિડલ સ્ટાફ માટે નિયમિત એકેડેમિક પ્રવૃતિઓ યોજે છે. ભવિષ્યમાં પણ વિવિધ ફેકલ્ટીને સમાવેશ કરતા આવા તાલીમ કાર્યક્રમો સતત યોજાતા રહેશે તેવી જાહેરાત કરેલ અને ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

### બાલભવન...

મહેમાનો - શિક્ષકગણોનાં વરદ્ હસ્તે વિજેતા બાળકોને મેડલ, શિલ્ડ તથા સર્ટિફિકેટ અને ઈનામો એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. બાલભવન રાજકોટનાં ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન) એ દરેક બાળકોને શુભેચ્છા પાઠવી હતી. ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસનાં માર્ગદર્શન હેઠળ સંગીત ખુરશી સ્પર્ધા - કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર પંડયા દ્વારા કરવામાં આવ્યું હતું.

### આત્મન પ્રિ-સ્કુલ...

પ્રસંગે અરવિંદભાઈ મકવાણા (રીટા.પીએસઆઈ) વિમલ કગથરા (આચાર્ય મોદી સ્કૂલ ), રિતેશ શીશાંગિયા, મૂળરાજ સિંહ જાડેજા ,શબ્બીરભાઈ લોખંડવાલા (એડવોકેટ ), કૃપા ચૌહાણ (હરિવંદના કોલેજ ), વિરેન્દ્રસિંહ જાડેજા (પ્રમુખ આલાપ સેન્ચુરી), પ્રદીપસિંહ સરવૈયા, શક્તિસિંહ પરમાર, ઈન્દ્રજીતસિંહ ઝાલા, રઘુરાજસિંહ જાડેજા, હરવિજયસિંહ ઝાલા,ગૌતમ સવાણી, શિવરાજસિંહ ઝાલા કેતન જસાણી,રમેશભાઈ દવે, જયભાઈ ગુર્જર હાજર રહ્યા હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવાં નીલ વિસપરા, દેવ્યાનીબા જાડેજા, સકીના લોખંડવાલા, રિદ્ધિ વિસપરા, રુદ્રરાજસિંહ જાડેજા, પરિધિબા, જાનવીબેન એ જહેમત ઉઠાવી હતી.

### રમેશ ટીલાળા...

કર્યા હતા. આ તકે રાજકોટ દક્ષિણ વિધાનસભા-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહએ પોતાના સંયુકત વકતવ્યમાં પધારેલ વેપારીઓને સ્વદેશી સંકલ્પ પત્ર પ્રતિજ્ઞા લેવડાવી હતી અને વધુને વધુ લોકો સુધી સ્વદેશી ચીજ વસ્તુઓનો ઉપયોગ વધે અને દેશના કારીગરો, ઉધોગોને પ્રોત્સાહન મળે અને દેશની સ્થિતિ વધુ મજબુત થાય અને દેશ આત્મનિર્ભરતા સાથે દેશનો નાગરિક પણ આત્મનિર્ભર બને શકે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપન હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી સુત્રને સાર્થક બનાવીએ.

આ સંમેલનનું સંચાલન વોર્ડ નં.૧૪ ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોષીએ સંભાળ્યુ હતું. આ સંમેલનમાં ઉપસ્થિત અગ્રણી નેતાઓ, વેપારીઓનો આભારવિધિ રાજકોટ શહેર ઉપાધ્યક્ષ અને કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયાએ કરેલ હતી.

(૧૧માં પાનાનું ચાલુ)

### બાર એસો.

રામજીભાઈ માવાણી, રમાબેન માવાણી, પ્રશાંતભાઈ જોષી, જયેશભાઈ જાની, તુલશીદાસ ગોડલીયા, અનિલભાઈ દેસાઈ, હરેશભાઈ દવે, નરેશભાઈ દવે, પિયુષભાઈ શાહ, એન.જે. પટેલ, નલિનભાઈ શુકલ, કમલેશભાઈ શાહ, કિરિટભાઈ પાઠક, અર્જુનભાઈ પટેલ, પી.સી. વ્યાસ, કિશોરભાઈ સખીયા, જી.એલ.રામાણી, સી.એચ. પટેલ, તરૂણભાઈ કોઠારી, નરેન્દ્રભાઈ બુસા, જે.એફ. રાણા, હિતેન્દ્રસિંહ જાડેજા, દિલિપભાઈ જોષી, મનિષભાઈ ખખ્ખર, શ્યામલભાઈ સોનપાલ, દિલેશભાઈ શાહ, સી.એમ. દક્ષીણી, અશ્વિનભાઈ ગોસ્વામી સહિતના સિનિયર જુનિયર અને મહિલા એડવોકેટ દ્વારા સમર્થન આપવામાં આવી રહ્યું છે.

### જિલ્લા કક્ષા

આવ્યા. વિજેતા સ્પર્ધકોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. બાન લેબ અને શ્રી શકિત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજકોટ જિલ્લા કલાઉત્સવ કન્વીનર કરે સોનલબેન કે. ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

આ કલા ઉત્સવના વિજેતા છાત્રોના એકાઉનન્ટસમાં સીધા રોકડ પુરસ્કાર જમા કરાશે.આ વિજેતા બાળકો ઝોનકક્ષાએ પોતાની કલા રજૂ કરીને વિજેતા થય બાદ રાજ્ય કક્ષાએ પોતાની કલાના કામણ પાથરશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લાના બાળ કલાકારોએ દિલ્હી ખાતે પણ પોતાની કલા રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

(૧૨માં પાનાનું ચાલુ)

### અભિજ્ઞાન કુંડુ

સારું પ્રદર્શન કરી રહ્યા છે, જ્યારે કેપ્ટન અયુષ મહાત્રે અને અન્ય બેટ્સમેનોએ પણ ઉપયોગી ભાગીદારી કરી.

મલેશિયા તરફથી મુહમ્મદ અક્રમએ ૫ વિકેટ લીધી, પરંતુ તેમ છતાં તેઓ ભારતીય બેટ્સમેનોને રોકી શક્યા નહીં.

ભારત આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી અજેય છે. તેણે પ્રથમ મેચમાં યુએઈને ૨૩૪ રનથી અને બીજી મેચમાં પાકિસ્તાનને ૯૦ રનથી હરાવ્યું છે, જેના કારણે તે પહેલેથી જ સેમિફાઇનલમાં પહોંચી ગયું છે. મલેશિયા હજુ સુધી એક પણ મેચ જીતી શક્યું નથી અને તેમની ટૂર્નામેન્ટમાંથી બહાર થવાની શક્યતા વધુ છે.

આ મેચમાં ભારતના બોલરો પણ મજબૂત દેખાઈ રહ્યા છે, અને મલેશિયાને આ વિશાળ ટાર્ગેટનો પીછો કરવો મુશ્કેલ લાગે છે. આ જીતથી ભારત ગ્રુપમાં ટોચ પર મજબૂતીથી રહેશે અને સેમિફાઈનલમાં વધુ આત્મવિશ્વાસ સાથે ઉતરશે.

### સૌ.યુનિ.ની આંતર કોલેજ સ્પર્ધા

પ્રભાશંકર અવસ્થા તથા કરાટે ઓફિસિયલોની ટીમ દ્વારા સુપેરે સંભાળવામાં આવ્યું હતું.

વિજેતા ખેલાડીઓને મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને ઓલ ઈન્ડિયા કરાટે સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રથમવાર પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ ખેલાડીઓને અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પ્રદેશ ભાજપ મહામંત્રી...

સંભાવના પક્ષના નેતાઓ વ્યકત કરી રહ્યા હતા પરંતુ જાહેરાત ન થવાના કારણે હવે એવું પણ લાગી રહ્યું છે. કમુરતા ઉતર્યા બાદ સંગઠન માળખું જાહેર કરવામાં આવે જો કે એક માસ સુધી રાહ જોવી કે કેમ તેના પર પણ થોડી અસમંજસ લાગી રહી છે.

સંગઠન માળખામાં સંગઠન મહામંત્રી તરીકે રત્નાકરજીને યથાવત રાખવામાં આવશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. આ ઉપરાંત મહામંત્રીપદ મેળવવા માટે દિલ્હી સુધી લોબીંગ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારના મંત્રી મંડળમાં રાજકોટ શહેરને સ્થાન આપવામાં આવ્યું નથી. આવામાં રાજકોટના કોઈ નેતાને સંગઠનમાં મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવશે. તેવું મનાય રહ્યું છે. સૌરાષ્ટ્રમાંથી કોઈ એક નેતાને મહામંત્રી પદ આપવામાં આવશે. હાલ આ પદ માટે ડૉ. ભરત બોધરા સૌથી પ્રબળ દાવેદાર મનાય રહ્યા છે. આ ઉપરાંત યુવા ભાજપ પ્રમુખ ડો.પ્રશાંત કોરાટ અને ધારાસભ્ય મહેશ કસવાલાનું નામ પણ ચર્ચામાં છે.

### દ્વારકાધીશને...

સમયે અડદીયાનો ભોગ તેમજ બાજરાનો રોટલો, રીંગણાનો ઓળો, નરમ ખીચડી વગેરેનો ભોગ ધરાવવામાં આવે છે. ઉપરાંત શ્રી દ્વારકાધીશને પણ ગરમ વસ્ત્રો જેવા કે બંડી, શાલ તેમજ ગરમ જાકીટ, ઊનનો કોટ સહિતના વસ્ત્રો પરિધાન કરવામાં આવે છે. રાત્રિના સમયે પણ શૃંગાર બડા કરી ગરમ કોટ વુલન કપડાંનો અને કાશ્મીરી પશ્મીના શાલ, સીલ્કની રજાઈ સાથેની સેજા સજાવવામાં આવે છે. આ પ્રકારનો દર્શન ક્રમ ઠંડીના દિવસોમાં આયોજવામાં આવે છે. શયન સમયે ઠાકોરજીને ગરમ સેજા પાથરવામાં આવે છે. જેના પર ઠાકોરજીને વિશ્રામમાં જાય તેવો ભાવ કરવામાં આવે છે. રાત્રે ઓઢાડેલ ગરમ શાલ સવારે મંગલા આરતી સુધી રાખવામાં આવે છે.

### એસઆઈઆર...

લેવલ ઓફિસર અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું જે ૧૦૦ ટકા સફળ રહ્યું છે. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે.

૫.૦૮ કરોડ ફોર્મ પૈકી ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ યાદીમાં ધ્યાને આવેલી ૧૦.૬૯ લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે છે. રાજ્યના કુલ ૩૩ પૈકી ૨૬ જિલ્લાઓની એએસડી યાદીમાં શૂન્ય વિસંગતતાઓ છે. જ્યારે અન્ય ૦૭ જિલ્લાઓમાં મળી માત્ર ૧૧ વિસંગતતાઓના કિસ્સામાં ખરાઈની પ્રક્રિયા પ્રગતિમાં છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના દયેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના




**જુનાગઢ:** મનીષાબેન પીપળીયા ૫૮ તે સુરેશભાઈ વલ્લભભાઈ પીપળીયા ના પત્ની કેતનભાઈ ના ભાભી અને અંકિતભાઈ સુરેશભાઈ પીપળીયા ના માતા નું તારીખ ૧૫ ૧૨ સોમવારે અવસાન થયેલ છે તેમનું બેસણું ૧૯ ૧૨ ૨૫ શુક્રવારે બપોરે ત્રણ થી પાંચ સિદ્ધેશ્વર મહાદેવ મંદિર શાક માર્કેટ જોશીપુરા જુનાગઢ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગીતાબેન ભરતભાઈ દુધરેજીયાનું તા. ૧૫-૧૨ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૮-૧૨ ના ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન નિલકંઠ ટોકીઝ સામેની શેરી, આનંદ નગર, કોલોની કવાર્ટર એલ-૧૭ સંત કુટીર રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પહલગામ આતંકી હુમલો લશ્કર-એ-તોયબાનું ષડયંત્ર પાકિસ્તાની હેન્ડલર સહિત સાત મુખ્ય સૂત્રધાર



## ૨૬ નિર્દોષ મુસાફરોને બેરહેમીથી મોતને ઘાટ ઉતારી દેવાયાની ઘટનામાં રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ચાર્જશીટ દાખલ કરાઈ

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ જમ્મુની સ્પેશિયલ એનઆઈએ કોર્ટમાં પહલગામ આતંકી હુમલા કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે. આ હુમલાના મુખ્ય સૂત્રધાર તરીકે લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર સૈફુલ્લાહ સાજિદ જટ્ટનું નામ આપવામાં આવ્યું છે. એનઆઈએએ આ આતંકવાદી પર રૂપિયા ૧૦ લાખનું ઈનામ પણ જાહેર કર્યું છે.

એનઆઈએએ ચાર્જશીટમાં સાજિદ જટ્ટને હુમલાનો મુખ્ય ષડયંત્રકાર ગણાવ્યો છે. સૈફુલ્લાહ પાકિસ્તાનના પંજાબ રાજ્યના કસૂર જિલ્લાનો રહેવાસી છે. તેને લશ્કર-એ-તૈયબાનો સૌથી સક્રિય કમાન્ડર માનવામાં આવે છે અને સંગઠનમાં તે હાફિઝ સઈદ પછી ત્રીજા ક્રમનો નેતા છે. સાજિદ લશ્કરના પ્રોક્સી સંગઠન ધ રેસિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ)નો વડો છે અને તેણે જ પહલગામ હુમલાને અંજામ આપ્યો હતો. ભારત સરકારે વર્ષ ૨૦૨૩માં ટીઆરએફ સંગઠન પર પ્રતિબંધ લાદ્યો હતો. પહલગામ હુમલા મામલે ધરપકડ કરાયેલા બે સ્થાનિક રહેવાસીઓ, બશીર અહમદ જોથર અને પરવેઝ અહમદ જોથર સામે પણ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. આ બંનેએ હુમલામાં સામેલ ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓને આશ્રય આપ્યો હતો અને લોજિસ્ટિકલ સહાય પણ પૂરી પાડી હતી. ચાર્જશીટ દાખલ કરવાની ૧૮૦ દિવસની સમયસીમા ૧૮ ડિસેમ્બરે પૂરી થઈ રહી હતી, પરંતુ એનઆઈએએ સમયસર ૧૫ ડિસેમ્બરે જ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી દીધી છે.

તપાસ પૂરી કરવા માટે એનઆઈએએ કોર્ટ પાસે ૪૫ દિવસનો વધારાનો સમય પણ મેળવ્યો હતો. એનઆઈએએ આ કેસમાં અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ લોકોની પૂછપરછ કરી છે. ઉલ્લેખનીય છે કે, પહલગામ નજીક બૈસરન ખીણમાં ઘૂસેલા આતંકવાદીઓએ ૨૨ એપ્રિલ-૨૦૨૫ના રોજ પ્રવાસીઓ પર આડેધડ ગોળીબાર કર્યો હતો. આ બર્બર હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. આ હુમલાના જવાબમાં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું અને સેનાએ છેક લાહોર નજીક મુરીદકે, બહાવલપુર, કોટલી જેવા ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો.

# વાઈબ્રન્ટ કોન્ફરન્સ માટે કોર્પોરેશનના ૨૦૦થી વધુ અધિકારીઓને જવાબદારી: સમિતિની રચના

## કલેક્ટર તંત્રને રિઝનલ વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સમાં સહાયરૂપ બનશે કોર્પોરેશનના અધિકારીઓ

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન રિઝનલ વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ યોજાવાની છે. જેમાં વિશ્વભરના ઉદ્યોગપતિઓ રાજકોટના મહેમાન બનવાના છે. ખૂદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ કોન્ફરન્સનું ઉદ્દ્ઘાટન કરવા માટે આવે તેવી શક્યતા જણાઈ રહી છે. કલેક્ટર તંત્રને સહાયરૂપ થવા માટે કોર્પોરેશનના ૨૦૦થી વધુ અધિકારીઓને વાઈબ્રન્ટની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં વિવિધ સમિતિની પણ રચના કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

એરપોર્ટ ટુ એરપોર્ટ રૂટ તથા ઓવરઓલ સુપરવિઝન અને સંકલન સમિતિની રચના નાયબ મ્યુનિસિપલ કમિશનર એમ.એસ.જાનીના અધ્યક્ષતામાં કરવામાં આવી છે. જ્યારે ઝોનલ કક્ષાની કામગીરીનું સુપરવિઝન અને સંકલન સમિતિનું ગઠન નાયબ કમિશનર પી.પી.પટેલને સોંપવામાં આવ્યું છે. ઝોન કક્ષાની કામગીરીનું સુપરવિઝન નાયબ કમિશનર એચ.આર.પટેલ કરશે. રેસકોર્ષ બ્યૂટીફીકેશન સંકલન સમિતિ, સ્વચ્છતા સમિતિ, પર્યાવરણ સ્થળ ઝૂ વ્યવસ્થા સમિતિ, પર્યટન સ્થળ રામવન વ્યવસ્થા સમિતિ, મહાત્મા ગાંધી મ્યુઝિયમ વ્યવસ્થા સમિતિ, પ્રવાસન અંગેની માહિતી આપતી સંકલન સમિતિ, પ્રાણી રંજાડ અંકુશને લગતી કામગીરીની સમિતિ, સુપરવિઝન તથા રિપોર્ટીંગની કામગીરી માટેની સમિતિ, કાર્યક્ષેત્ર હેઠળ આવતા બિલ્ડીંગના સુપરવિઝન માટેની સમિતિ સહિત અલગ-અલગ ૧૯ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી છે. જે કલેક્ટર તંત્રને સહાયરૂપ બનશે.

# મેક્સિકોમાં વિમાન ક્રેશ: ૨ ક્રૂ મેમ્બર સહિત ૧૦ મુસાફરોના મોત



**અબતક, રાજકોટ**

મેક્સિકોના સ્ટેટ ઓફ મેક્સિકોમાં આવેલા સાન માટેઓ એટેન્કોમાં સોમવારે એક દુઃખદ વિમાન દુર્ઘટના બની હતી. એકાપુલ્કોથી ટોલુકા એરપોર્ટ તરફ જઈ રહેલું એક ખાનગી જેટ (સેસ્ના સાઈટેશન) ઈમરજન્સી લેન્ડિંગના પ્રયાસ દરમિયાન ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૧૦ લોકો પૈકી ૮ મુસાફરો અને ૨ ક્રૂ મેમ્બર્સના મોત થયા છે. કોઈ સર્વાઈવર નથી. દુર્ઘટના ટોલુકા ઈન્ટરનેશનલ એરપોર્ટથી લગભગ ૩ માઈલ (૫ કિલોમીટર) દૂર ઔદ્યોગિક વિસ્તારમાં બની હતી. વિમાને નજીકના ફૂટબોલ મેદાન પર ઉતરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે એક વ્યવસાયિક ઈમારતની ધાતુની છત સાથે અથડાયું, જેના કારણે ભીષણ આગ લાગી હતી.

મેક્સિકો સ્ટેટ સિવિલ પ્રોટેક્શન કોઓર્ડિનેટર એડ્રિયન હર્નાન્ડેઝે જણાવ્યું હતું કે દુર્ઘટનાના કલાકો પછી તમામ ૧૦ મૃતદેહો મળી આવ્યા છે. સાન માટેઓ એટેન્કોના મેયર અના મુનિઝે કહ્યું કે આગના કારણે આસપાસના વિસ્તારમાંથી લગભગ ૧૩૦ લોકોને સુરક્ષાના કારણે સ્થળાંતર કરવું પડ્યું હતું.સ્થાનિક ફાયર ડિપાર્ટમેન્ટ, રેડ ક્રોસ અને ઈમરજન્સી ટીમોએ ઘટનાસ્થળે તાત્કાલિક કાર્યવાહી કરી આગને કાબૂમાં લીધી અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું. દુર્ઘટનાના કારણોની તપાસ ચાલુ છે, જેમાં એરક્રાફ્ટની ટેક્નિકલ ફેલ્યોરની શક્યતા તપાસવામાં આવી રહી છે.

## ખાનગી વિમાન લેન્ડિંગ વેળાએ ક્રેશ થતા એક પણ મુસાફર ન બચ્યો

## ખૂન કા બદલા ખૂન

# સેંકડો પ્રેક્ષકોની સામે મેદાનમાં કબડ્ડી પ્લેયરને ઠાર મારી મુસેવાલાની હત્યાનો બદલો લીધો



## પંજાબમાં ગેંગવોર ચરમસીમાએ, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ ઉભા થયાં : ચૌધરી-સગનપ્રીત ગેંગએ હુમલાની જવાબદારી સ્વીકારી

**અબતક, રાજકોટ**

સોમવારે સાંજે મોહાલીમાં એક ટુર્નામેન્ટમાં સેંકડો દર્શકોની સામે એક કબડ્ડી ખેલાડી અને પ્રમોટરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જેના કારણે સ્થળ પર ગભરાટ ફેલાઈ ગયો હતો અને પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉભા થયાં હતા. લોરેન્સ બિશ્નોઈની હરીફ ગેંગે સોશિયલ મીડિયા પર સિદ્ધુ મૂસેવાલાની હત્યાનો બદલો લીધાનું સ્વીકારી હત્યારાઓનું નામ 'મક્કન અમૃતસર અને ડિફોલ્ટર કરને' તરીકે જાહેર કર્યું હતું.


સમગ્ર બનાવની વિગતો મુજબ ૩૦ વર્ષીય કંવર દિગ્વિજય સિંહ ઉર્ફે રાણા બાલાચૌરિયા એક જાણીતા કબડ્ડી પ્રમોટર હતા. તેમના લગ્ન માત્ર ૧૦ દિવસ પહેલા જ થયા હતા. સોહાના કબડ્ડી કપ ચાલી રહ્યો હતો ત્યારે હુમલાખોરો સેલ્ફી માટે બાલાચૌરિયા પાસે ગયા હતા અને પોઈન્ટ બ્લેન્ક રેન્જથી તેમની ગોળી મારીને હત્યા કરી હતી તેમ મોહાલીના સિનિયર એસપી હરમનદીપસિંહ હંસે જણાવ્યું હતું. પોલીસે ગેંગની સોશિયલ મીડિયા પોસ્ટની પુષ્ટિ કરી છે.

પોલીસે જણાવ્યું હતું કે બાલાચૌરિયા મોહાલીના સેક્ટર ૮૨ સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં આયોજિત ટુર્નામેન્ટના આયોજકોમાંનો એક હતો. બે હિટમેન મોટરસાઈકલ પર આવ્યા અને સેલ્ફીના બહાને બાલાચૌરિયા નજીક પહોંચવામાં સફળ રહ્યા હતા. હત્યારાઓએ તેની નજીક આવતાની સાથે જ પિસ્તોલ કાઢી સેંકડો પ્રેક્ષકોની હાજરીમા ગોળીબાર શરૂ કરી દીધો હતો અને હત્યાને અંજામ આપી હવામાં ફાયરિંગ કરી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. હત્યાના થોડા સમય પછી ચૌધરી-શગનપ્રીત ગેંગે હુમલાની જવાબદારી સ્વીકારી દાવો કર્યો હતો કે તેમણે તેમના ભાઈ સિદ્ધુ મૂસેવાલાના મૃત્યુનો બદલો લીધો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ગેંગે લખ્યું કે, આજે મોહાલી સોહાના સાહિબ કબડ્ડી કપમાં રાણા બાલાચૌરિયાની હત્યા કરવામાં આવી હતી અને અમે ડોની બાલ, સગનપ્રીત, મોહબ્બત રંધાવા, અમર ખાબ્બે, પ્રભ દાસુવાલ અને કૌશલ ચૌધરી તેની જવાબદારી લઈએ છીએ. બાલાચૌરિયા અમારા હરીફો જગ્ગુ ખોટી અને લોરેન્સ (બિશ્નોઈ) સાથે સંકળાયેલા હતા. તેમણે સિદ્ધુ મૂસેવાલાના હત્યારાને આશ્રય આપ્યો હતો અને પોતે પણ તેમાં સામેલ હતો. આજે રાણાને મારીને અમે અમારા ભાઈ મૂસેવાલાને બદલો લીધો. આ કૃત્ય અમારા ભાઈઓ મક્કન અમૃતસર અને ડિફોલ્ટર કરને દ્વારા કરવામાં આવ્યું હતું.

જાહેર હત્યાકાંડથી વિરોધ પક્ષો રાજ્યના કાયદો અને વ્યવસ્થા પર સવાલ ઉઠાવી રહ્યા છે. ગુરદાસપુરના સાંસદ અને પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખજિંદર સિંહ રંધાવાએ કહ્યું કે, આ પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની ગંભીર નિષ્ફળતાને ઉજાગર કરે છે. જયારે ગુનેગારો આટલી બેશરમીથી કામ કરે છે ત્યારે જાહેર સલામતી સ્પષ્ટપણે જોખમમાં મુકાય છે. ભગવંત માન સરકારે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ.

# ઓક્ટોબરમાં ૪૮૯ ''પાન'' આધારિત ફેક જીએસટી રજિસ્ટ્રેશન સાથે ત્રણ હજાર કરોડની કરચોરી ઝડપાઈ

## કાર્યવાહી દરમિયાન એપ્રિલથી ઓક્ટોબર સુધી ૧૬ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી



**અબતક, નવી દિલ્હી**

સરકારે જીએસટીમાં થતી મોટા પાયે છેતરપિંડી સામે કડક કાર્યવાહી કરી છે. એપ્રિલથી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના માત્ર છ મહિનામાં ૪૮૯ બનાવટી જીએસટી રજિસ્ટ્રેશનના કેસ ઝડપાયા છે, જેમાં બનાવટી પાન કાર્ડ અને આધાર કાર્ડનો ઉપયોગ કરીને ₹૩,૦૦૦ કરોડથી વધુની ટેક્સ ચોરી કરવામાં આવી હતી. આ માહિતી કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ સોમવારે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આપી હતી.

આ કેસોમાં મુખ્યત્વે પ્રોપ્રાયટરશિપ ફર્મોના રજિસ્ટ્રેશનમાં અનિયમિતતા જોવા મળી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ એનાલિટિક્સ એન્ડ રિસ્ક મેનેજમેન્ટએ રજિસ્ટ્રેશન દરમિયાન આપવામાં આવતી ડિજિટલ માહિતીની તપાસ તીવ્ર કરી છે. ખાસ કરીને પાન અને આધાર જેવી વ્યક્તિગત માહિતીના દુરુપયોગના કેસો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ બનાવટી રજિસ્ટ્રેશનનો ઉપયોગ મુખ્યત્વે બોગસ ઈન્વોઈસ જારી કરીને અયોગ્ય ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે થાય છે, જેનાથી સરકારી તિજોરીને મોટું નુકસાન થાય છે.

આ કાર્યવાહી દરમિયાન એપ્રિલથી ઓક્ટોબર સુધી ૧૬ વ્યક્તિઓની ધરપકડ પણ કરવામાં આવી છે. સરકારે આવા બનાવટી રજિસ્ટ્રેશનને રોકવા માટે અનેક પગલાં લીધાં છે.

આ કાર્યવાહીથી સરકાર જીએસટી વ્યવસ્થાને વધુ મજબૂત અને પારદર્શક બનાવવા પ્રયાસ કરી રહી છે. નિષ્ણાતોના મતે, ડિજિટલ તપાસ અને બાયોમેટ્રિક વેરિફિકેશનથી આવી છેતરપિંડીને નિયંત્રિત કરી શકાશે, પરંતુ સતત દેખરેખ જરૂરી છે. જો તમને પણ તમારા પાન કે આધારનો દુરુપયોગ થયો હોવાની શંકા હોય, તો તાત્કાલિક જીએસટી અધિકારીઓને જાણ કરો.

## મુવાડા પ્રાથમિક શાળાને અપાયો રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ

# દેશની ૭૨૦ માંથી ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાને ગ્રીન સ્કૂલ એવોર્ડ'

## ગ્રીન સ્કૂલ અંગેના ૧૧ નવા વિચારો-પ્રોજેક્ટના અમલીકરણ માટે વિશેષ સન્માન

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગાંધીનગર જિલ્લાની જીવરાજના મુવાડા ગામની સરકારી પ્રાથમિક શાળાએ રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણના જતનની સાથે શિક્ષણ ક્ષેત્રે માત્ર જિલ્લાનું જ નહિ પણ સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ દ્વારા રાષ્ટ્રીય સ્તરે મુંબઈ ખાતે આયોજિત 'ગ્રીન યોર સ્કૂલ પોગ્રામ' હેઠળ ગાંધીનગરની જીવરાજના મુવાડા પ્રાથમિક શાળાને રાષ્ટ્રીય કક્ષાનો 'ગ્રીન સ્કૂલ એવોર્ડ-૨૦૨૫' અપાયો છે. અંદાજે ૧,૨૦૦થી વધુ વૃક્ષ ધરાવતી આ શાળાને રાષ્ટ્રીય સ્તરે ગ્રીન સ્કૂલ અંગેના ૧૧ નવા વિચારો અને પ્રોજેક્ટના અમલીકરણ માટે રૂ. ૦૩ લાખનું પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારના ન્યુ એન્ડ રીન્યુબલ એનર્જી, મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર, વર્લ્ડ ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ, કોન્ફીડેરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી, ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે ગ્રીન બિલ્ડિંગ કોંગ્રેસનું આયોજન જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર, મુંબઈ ખાતે નવેમ્બર-૨૦૨૫માં કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા દર વર્ષે 'ગ્રીન યોર સ્કૂલ પ્રોગ્રામ' અંતર્ગત દેશભરમાંથી સ્કૂલના રજીસ્ટ્રેશન મંગાવવામાં આવે છે. જેમાં આ વર્ષે દેશમાંથી ૭૨૦ સ્કૂલ આ પોગ્રામમાં સહભાગી થઈ હતી. જેમાં પ્રથમ ત્રણ નંબરમાં ગુજરાત, અરુણાચલપ્રદેશ અને પાંડેચરી રાજ્યોની સ્કૂલ પસંદગી કરવામાં આવી હતી.

આ પોગ્રામ અંતર્ગત ગત ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાત સહિત ત્રણ સ્કૂલ દ્વારા જયુરી સમક્ષ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુશન, મુંબઈ, ખાતે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. રાજ્યના સમગ્ર શિક્ષણ વિભાગ, શાળાના આચાર્ય બિપીન ગોસ્વામી તેમજ શિક્ષકોના માર્ગદર્શન દ્વારા તૈયાર કરવામાં આવેલ ગ્રીન સ્કૂલ અંગેના ૧૧ નવા વિચારો અને સ્કૂલમાં ચાલતા પ્રોજેક્ટ અંગે દહેગામ તાલુકાની જીવરાજના મુવાડા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમીત ઠાકોર, યામી ઠાકોર અને શ્રી જીગ્નેશ ઝાલા દ્વારા જયુરી સમક્ષ પ્રભાવી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

આ ગ્રીન એવોર્ડ માટે શાળામાં કુલ ૧૧ આઈડિયા આપવામાં આવ્યા હતા. જેમાં હોમ મેડ જીવા મૃત,પેપર રિસાયકલિંગ, મૂડ પેઈન્ટિંગ ,અર્થેન પોર્ટ એસી વિથ હોમમેડ,પોર્ટેબલ બાયોગેસ પ્લાન્ટ પ્લાસ્ટિક ફ્રી સ્કૂલ, સ્માર્ટ એનર્જી ઓડિટ, ગ્રે વોટર સિસ્ટમ, સોલર વોટર પંપ, નેકી કી દીવાલ, રેડ બુક ડેટા જેવા આઈડિયાનો આગામી સમયમાં અમલ કરવામાં આવશે.

આ ઉપરાંત શાળામાં ઊર્જા, પાણી અને વેસ્ટ મેનેજમેન્ટ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. શાળામાં 'ફ્રી પ્લાસ્ટિક સ્કૂલ, ફ્રી પ્લાસ્ટિક વિલેજ' પર કામ કરવામાં આવી રહ્યું છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪માં કલાઈમેટ ચેન્જનો એવોર્ડ પણ આ શાળાને આપવામાં આવ્યો છે. બાળકો ચોકલેટની જગ્યાએ શાળામાં નાનો છોડ ભેટ આપે છે જે ભણે ત્યાં સુધી તેનું જતન પણ શાળાના બાળકો દ્વારા કરવામાં આવે છે. શાળામાં વિવિધ વેસ્ટ વસ્તુઓમાંથી ફાઈટર પ્લેન, સેટેલાઈટ, પવનચક્કી, પૃથ્વીનો ગોળો, હાઈડ્રોપોનિક સિસ્ટમ જેવા અનેક અવનવા મોડેલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત બટરફલાય ગાર્ડનની માવજત તેમજ કિચન ગાર્ડન જેવી સર્જનાત્મક પ્રવૃતિઓ કરીને નાના વિદ્યાર્થીઓએ શિક્ષણની સાથે પર્યાવરણના જતનનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે.

# વીજચોરી સામે પીજીવીસીએલની લાલ આંખ ૯૮ જોડાણોને રૂ.૩૩ લાખનો દંડ ફટકારાયો

## ૧૦૫૯ જેટલા વીજ જોડાણની ચકાસણી: પીજીવીસીએલની ૪૧ ટીમો મેદાને

**અબતક, રાજકોટ**

છેલ્લાં કેટલાંક સમયથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરીનું દૂષણ એટલું વ્યાપક બની ગયું છે કે પીજીવીસીએલને વર્ષે દહાડે કરોડો રૂપિયાનું નુકસાન ભોગવવાનો વારો આવે છે. નિયમિત ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો પૂરી પાડવાની કટિબદ્ધતા આડે આવા વીજચોરો અંતરાય બનીને ઊભા રહી જાય છે. પરિણામે વીજતંત્રને તેની રોજિંદી કામગીરી ઉપરાંત આવા તત્વો સામે ઝઝૂમવામાં સમય આપવો પડે છે. સરવાળે, નિયમિત ગ્રાહકોને પણ ક્યારેક તેમના કામોમાં સમયનો વિલંબ થતો હોવાનું અનુભવાયા વગર રહેતું નથી. વીજચોરીના આ સામાજિક દૂષણને ડામવા પીજીવીસીએલ દ્વારા સતત આકરી કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ, વધુ વીજલોસ ધરાવતા ફીડરો પર આયોજનબદ્ધ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

પીજીવીસીએલને કરોડોનો ચૂનો લગાવતા આવા વીજચોરો સામે વીજતંત્રે હવે લાલ આંખ કરી છે અને વિવિધ વર્તુળ કચેરીઓના અધિક્ષક ઈજનેરો તેમજ વિભાગીય કચેરીઓના કાર્યપાલક ઈજનેરોની સીધી દેખરેખ હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો-જિલ્લાઓમાં ઈજનેરોની સંખ્યાબંધ ટુકડીઓ દ્વારા સામૂહિક વીજચેકિંગ ડ્રાઈવનું આયોજન કરીને આવા તત્વોને સબક શીખવવામાં આવે છે.

આજ રોજ એટલેકે તા. ૧૫.૧૨.૨૫ સોમવારનાં રોજ આવી જ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ આવતી રાજકોટ શહેર-૧ વિભાગીય કચેરી હેઠળની કોઠારીયા રોડ, આજી-૨ અને આજી-૧પેટા વિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારો જેમકે, જન્ગ્લેશ્વર શેરી નં. ૧ થી ૧૨ અને એકતા કોલોની, મણીનગર, માલધારી સોસાયટી, મનોહર સોસાયટી, બાપા સીતારામ ચોક, ન્યુ શકિત સોસાયટી એન્ડ જંગલેશ્વર શેરી નં. ૧૩ થી ૨૨, આરએમસી આવાસ, ચુનારવાડ, બેડીપરા શ્રમજીવી સોસાયટી, મનહર સોસાયટી, ભાવનગર રોડવગેરે માં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૪૬જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી.આ દરમિયાન રહેણાંક, વાણિજ્યિક વગેરે મળીને કુલ ૧૦૫૯જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૯૮ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂ. ૩૩.૩૩ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.નોંધનીય છે કે એપ્રિલ-૨૫ થી તા. ૦૧.૧૧.૨૫ ના સમયગાળા દરમિયાન રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળ કુલ૩૮૬૬૬વીજજોડાણો ચકાસવામાં આવ્યાં છે, જેમાંથી કુલ૩૫૨૭ વીજજોડાણોમાં વિવિધ ગેરરીતિ સબબ કુલ રૂ. ૧૨૯૯.૮૧ લાખની દંડનીય આકારણીના બિલ આપવામાં આવ્યાં છે. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# એક સમયે પાવરની અછતમાં રહેલું ભારત આજે વૈશ્વિક પાવર હાઉસની સાથે ડેટા સેન્ટર માટે પ્રથમ પસંદગી બન્યું: પિયુષ ગોયલ

## વીજળીની કોઈ અછત નથી, દેશની ૫૦૦ ગીગાવોટ રાષ્ટ્રીય ગ્રીડ માંગમાં અચાનક વધારાને સરળતાથી સંભાળી શકે છે, કેન્દ્રીય મંત્રીએ આપી વિગતો



**અબતક, નવી દિલ્હી**

ભારત ડેટા સેન્ટરો માટે વિશ્વના પસંદગીના સ્થળોમાંનું એક છે. આનું કારણ એ છે કે અહીં વીજળીની કોઈ અછત નથી અને દેશની ૫૦૦ ગીગાવોટ રાષ્ટ્રીય ગ્રીડ માંગમાં અચાનક વધારાને સરળતાથી સંભાળી શકે છે. તેમ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે સોમવારે જણાવ્યું હતું

ઉર્જા ક્ષેત્ર પર એક પત્રકાર પરિષદમાં, અગાઉ વીજળી અને નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી તરીકે સેવા આપી ચૂકેલા ગોયલે ભાર મૂક્યો હતો કે દેશની વીજળી ઉત્પાદન ક્ષમતા સંપૂર્ણપણે પૂરતી છે. ૫૦૦ ગીગાવોટ ગ્રીડ વિશ્વના સૌથી મોટા ગ્રીડમાંનું એક છે. ગોયલે વધુમાં કહ્યું, ''યુરોપમાં રાષ્ટ્રીય ગ્રીડ નથી, ન તો અમેરિકામાં. પરંતુ ભારતમાં છે. તેથી, અમે ડેટા સેન્ટરો માટે એક ઉત્તમ સ્થાન છીએ. આગામી વર્ષોમાં તેમની સંખ્યા વધશે, પરંતુ અમારી પાસે લોકો, ખેડૂતો, ઉદ્યોગો અને વ્યાપારી સંસ્થાઓની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પૂરતી વીજળી હશે. અમે ડેટા સેન્ટરો અને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સની માંગને પણ સરળતાથી પૂરી કરીશું.''

આ દરમિયાન, મોટી ટેક કંપનીઓ ભારતમાં ભારે રોકાણ કરી રહી છે. ઓક્ટોબરમાં, ગુગલે જાહેરાત કરી હતી કે તે આંધ્રપ્રદેશમાં ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટર બનાવવા માટે અદાણી ગ્રુપ સાથે ભાગીદારી કરશે. કંપની આ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હબ વિકસાવવા માટે ૧૫ બિલિયન ડોલર ખર્ચ કરશે.

ગયા અઠવાડિયે, એમેઝોન વેબ સર્વિસીસએ તેલંગાણામાં તેના ડેટા સેન્ટરોના વિસ્તરણ માટે ૭ બિલિયન ડોલરના રોકાણ યોજનાની જાહેરાત કરી હતી. આ ભંડોળ ૧૪ વર્ષમાં ઉપયોગમાં લેવામાં આવશે. આ મહિનાની શરૂઆતમાં, માઈક્રોસોફ્ટે જાહેરાત કરી હતી કે તે ભારતમાં મજબૂત એઆઈ પાયો બનાવવા માટે ૧૭.૫ બિલિયન ડોલરનું રોકાણ કરશે, જે દેશને એઆઈ-સંચાલિત ભવિષ્ય માટે તૈયાર કરશે. રાજ્યસભામાં લેખિત જવાબમાં, વીજળી રાજ્યમંત્રી શ્રીપદ નાઈકે જણાવ્યું હતું કે ડેટા સેન્ટરો માટે દેશની વર્તમાન વીજળીની જરૂરિયાત આશરે ૧ ગીગાવોટ છે. આગામી ડેટા સેન્ટરોને કારણે ૨૦૩૧-૩૨ સુધીમાં આ વધીને ૧૩.૫૬ ગીગાવોટ થઈ જશે.

વીજ કંપનીઓની નાણાકીય સ્થિતિ અંગે ગોયલે જણાવ્યું હતું કે તેમનું દેવું, જે ચાર વર્ષ પહેલાં ૧.૪ લાખ કરોડ હતું, તે હવે ઘટીને માત્ર ૬,૫૦૦ કરોડ થઈ ગયું છે. જેમ જેમ આપણે ૨૦૪૭ માં વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યા છીએ, તેમ તેમ ઊર્જા ક્ષેત્ર સ્કેલ, ગતિ અને ટકાઉપણાના સંયોજનમાં વિશ્વ માટે એક ઉદાહરણ સ્થાપિત કરશે.

### ભાર વગરનું ભણતર કે ભણતર વગરનો ભાર...?

# હવે કોલેજો અને યુનિ.ઓના ભણતરને લઈ ‘‘લાલિયાવાડી’’ નહીં ચાલે

## કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં ’વિકસિત ભારત શિક્ષણ બિલ રજૂ કર્યુઃ દેશભરમાં ઉચ્ચ શિક્ષણનું નિરીક્ષણ કરવા માટે એક ’મુખ્ય કમિશન’ની સ્થાપના કરવામાં આવશે, જેમાં એક અધ્યક્ષ, એક વરિષ્ઠ શિક્ષક-નિષ્ણાંત, કેન્દ્ર સરકારનો પ્રતિનિધિ અને એક સચિવ હશે

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં ’વિકસિત ભારત શિક્ષણ બિલ ૨૦૨૫’ રજૂ કર્યુ છે. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ દેશની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની દેખરેખ અને ગુણવત્તા નિયમન માટે એક મજબૂત માળખું ઊભું કરવાનો છે. આ નવા નિયમો દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા અને ભારતને વૈશ્વિક શૈક્ષણિક કેન્દ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, પરંતુ આ બિલ શૈક્ષણિક સ્વતંત્રતાને લઈને વિવાદમાં પણ છે.

આ કાયદા હેઠળ, દેશભરમાં ઉચ્ચ શિક્ષણનું નિરીક્ષણ કરવા માટે એક ’મુખ્ય કમિશન’ની સ્થાપના કરવામાં આવશે. જેમાં એક અધ્યક્ષ, એક વરિષ્ઠ શિક્ષક/નિષ્ણાત, કેન્દ્ર સરકારનો પ્રતિનિધિ અને એક સચિવ હશે.

કાર્યમાં સંઘર્ષ ટાળવા માટે, કમિશન હેઠળ ત્રણ અલગ-અલગ કાઉન્સિલ કામ કરશે.

**સંભવિત લાભો અને ફેરફારો**

‘‘શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જે વિદ્યાર્થીઓને નોકરીઓ અને કુશળતા મેળવવામાં મદદ કરશે.

‘‘ફરિયાદ નિવારણ પદ્ધતિ મજબૂત બનશે, જેથી વિદ્યાર્થીઓની સમસ્યાઓનું ઝડપી અને અસરકારક નિરાકરણ થાય.

‘‘ બધી કોલેજો અને યુનિવર્સિટીઓ સમાન નિયમો અને પ્રક્રિયાઓ હેઠળ કાર્ય કરશે. નવી કોલેજો ખોલવી સરળ બનશે.



**નિયમનકારી પરિષદનું કામ**

‘‘કોલેજો અને યુનિવર્સિટીઓના યોગ્ય કાર્યનું નિરીક્ષણ કરશે.

‘‘ભંડોળના યોગ્ય ઉપયોગનું નિરીક્ષણ કરશે.

‘‘વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીની ફરિયાદોનું નિરાકરણ કરશે.

‘‘એ પણ સુનિશ્ચિત કરશે કે શિક્ષણ ફક્ત પૈસા કમાવવાનો વ્યવસાય ન બને.

આ કાયદો તમામ કેન્દ્રીય અને રાજ્ય યુનિવર્સિટીઓ, ડીમ્ડ યુનિવર્સિટીઓ, આઈઆઈટી, એનઆઈટી, કોલેજો, ઓનલાઈન અને ડિસ્ટન્સ લર્નિંગ સંસ્થાઓને લાગુ પડશે. જોકે, મેડિકલ, કાયદો, ફાર્મસી અને નર્સિંગ જેવા વ્યવસાયિક અભ્યાસક્રમો સીધા આવરી લેવાશે નહીં, પરંતુ તેમને પણ નવા ધોરણોનું પાલન કરવું પડશે.

બિલમાં કેન્દ્ર સરકારને કમિશનને માર્ગદર્શન આપવા, મુખ્ય હોદ્દાઓ પર નિમણૂક કરવા અને વિદેશી યુનિવર્સિટીઓને મંજૂરી આપવાની સત્તા આપવામાં આવી છે. જો જરૂર પડે તો સરકાર કમિશન કે કાઉન્સિલને વિસર્જન પણ કરી શકે છે. તમામ સંસ્થાઓએ સંસદમાં જવાબ, વાર્ષિક અહેવાલો અને ઓડિટ સબમિટ કરવા ફરજિયાત રહેશે.

# શાંતિ પ્રિય ગુજરાતમાં રોજ ૨૨ મહિલાઓ બને છે દુષ્કર્મ કે અત્યાચારનો ભોગ !!

## છેલ્લા નવ વર્ષમાં મહિલાઓ પર અત્યાચારના ૭૨૪૬૭ ગુના નોંધાયા

**અબતક, રાજકોટ**

છેલ્લા એક સપ્તાહમાં જસદણ, ગાંધીનગર અને ભાવનગરમાં ત્રણ નિર્દોષ માસૂમ બાળકીઓ પર થયેલા ભયાનક દુષ્કર્મની ઘટનાઓ પર ગહન રોષ અને દુઃખ વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, આ ક્રૂર અપરાધો ભાજપ શાસન હેઠળ ગુજરાતમાં કાયદો-વ્યવસ્થાના સંપૂર્ણ પતનને ઉજાગર કરે છે, મહિલાઓ વિરુદ્ધ અપરાધો પર ’ઝીરો ટોલરન્સ’ની વાતો ક્યાં છે? કાયદો-વ્યવસ્થાનું તંત્ર ધરાશાયી થયું છે, જેનાથી આપણી દીકરીઓ અકલ્પ્ય ત્રાસનો ભોગ બની રહી છે. રાજ્ય સરકારની મહિલા સુરક્ષા પરના ખોખલા દાવાઓ ’બેટી બચાઓ, બેટી પઢાઓ’ જેવી યોજનાઓ ખાલી શબ્દો છે જ્યારે માસૂમ બાળકીઓ દિવસ દહાડે ભોગ બની રહી છે. ભાજપની નિષ્ક્રિયતા માત્ર અસમર્થતા નથી, આ તો દરેક ગુજરાતી પરિવાર સાથે વિશ્વાસઘાત છે.

છેલ્લા નવ વર્ષમાં ભાજપ સરકારમાં ૭૨૪૬૭થી વધુ મહિલાને લગતા ગુન્હાઓ નોધાયા છે જે ગુજરાત માટે ખુબ ચિંતાજનક છે. રાજ્યમાં અપહરણ, બળાત્કાર, ઘરેલુ હિંસા, દહેજ મૃત્યુ અને શોષણ, મહિલાઓ પર ઍસિડથી પણ હુમલા, મહિલાઓનું ટ્રાફિકીંગ, મહિલાઓ સાઈબર ક્રાઈમ સહિતના ગુન્હાઓ થઈ રહ્યા છે. ગુજરાતમાં સરેરાશ દર વર્ષે ૮૦૦૦થી વધુ મહિલાને લગતા ગુન્હાઓ નોધાય છે એટલે કે દર મહીને સરેરાશ ૬૭૦થી વધુ અને દરરોજ ૨૨થી વધુ મહિલાઓ ભોગ બની રહી છે. મહિલા સુરક્ષાના તમામ કાયદા હોવા છતાં મહિલાઓ વિરુદ્ધના અપરાધના મામલા વધી રહ્યાં છે.

આ સંકટને વધારે છે દારૂ અને ડ્રગ્સનો બેરોકટોક વેપાર, જે અસામાજિક તત્ત્વોને બળ આપે છે અને અપરાધીઓને હિંમત આપે છે. ગુજરાતમાં નશાબંધીનો કાયદો માત્ર કાગળ પર છે, જે વિશાળ લૂંટ અને ભ્રષ્ટાચારનું આડ પૂરું પાડે છે. બુટલેગર સિન્ડિકેટ્સ અવિચળીત રીતે કાર્યરત છે, ઘણી વખત સત્તાધારી ભાજપના પ્રભાવશાળી રાજકીય બોસોના આશીર્વાદ અથવા સંરક્ષણ હેઠળ. આ શાસન નથી આ તો ગુજરાતના લોકો પર મોટી લૂંટ છે, ગૃહમંત્રીના નેતૃત્વ હેઠળના ગૃહ વિભાગે આવી ભયજનક ઘટના રોકવામાં ભયાનક નિષ્ફળતા દાખવી છે, જેનાથી અસામાજિક નેટવર્ક્સ સમાજ પર હુમલો કરી રહ્યા છે.

કાયદો-વ્યવસ્થાના પતન પર ઉચ્ચસ્તરીય ન્યાયિક તપાસ, જેમાં દારૂ અને ડ્રગ્સ રેકેટમાં રાજકીય સંરક્ષણની ભૂમિકા પણ સામેલ, ગૃહમંત્રીના રાજીનામા અને રાજ્યની પોલીસિંગ સિસ્ટમનું મુલ્યાંકન,સતત પેટ્રોલીંગ કરવામાં આવે ત્યારે જ ગંભીર ગુન્હાઓ પર રોક લાગશે તેવી કોંગ્રેસ પક્ષ તાત્કાલીક કાર્યવાહીની માંગ કરે છે.

# પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશને ભાજપે આસામ વિધાનસભા ચૂંટણીના સહઈન્ચાર્જ બનાવ્યાં !

### તામીલનાડુ અને આસામ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ આરંભતો ભાજપ



**અબતક, રાજકોટ**

ભાજપ દ્વારા તામીલનાડુ અને આસામ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ આરંભી દીધી છે. બન્ને રાજયોની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી ચૂંટણી ઈન્ચાર્જ અને સહઈન્ચાર્જની વરણી કરવામાં આવી છે.

આસામ વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા મધ્યપ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ બૈજાવંત પાંડાની ચૂંટણી ઈન્ચાર્જ તરીકે જયારે જમ્મુ-કાશ્મીરના વિરોધ પક્ષના નેતા સુનીલકુમાર શર્મા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરતના પૂર્વ સાંસદ દર્શનાબેન જરદોશની સહ ઈન્ચાર્જ તરીકે નિયુકિત દર્શનાબેન જરદોશની સહ ઈન્ચાર્જ તરીકે નિયુકિત કરવામાં આવી છે. આ ઉપરાંત તામીલનાડુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ઈન્ચાર્જ તરીકે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ જયારે કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને કેન્દ્રીય મંત્રી મુરલીધર મોહોલની સહ ઈન્ચાર્જ તરીકે નિયુકિત કરવામાં આવી છે.

# દર્શનના નામે બાંકે બિહારીની નીંદર કાં ખરાબ કરો?

## સુપ્રીમ કોર્ટે બાંકે બિહારીમાં દર્શન સમય અને પરંપરાગત ઊંઘ મુદ્દે તપાસ માટે સંમતિ આપી

બાંકે બિહારીજી, જે વૃંદાવનની ગલીઓમાં ભક્તોના દિલમાં વસે છે, તે માત્ર મૂર્તિ નથી. તે ભગવાનને માનનારા ભક્તોની લાગણી છે, જ્યારે ભક્તો મંદિર આવીને પૂજા કરે છે, ત્યારે ભગવાનની ઊંઘ અને આરામ પણ ભક્તિના સમય સાથે જોડાયેલી હોય છે. ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે, શું દર્શનના સમયમાં ફેરફાર ભગવાનની પરંપરાગત ઊંઘ અને આરામમાં ખલેલ પહોંચાડે છે?

સુપ્રીમ કોર્ટે સોમવારે આ મુદ્દા પર તપાસ કરવાનો નિર્ણય લીધો છે. મંદિર વ્યવસ્થાપન સમિતિના વરિષ્ઠ વકીલ શ્યામ દિવાને જણાવ્યું કે સુપ્રીમ કોર્ટની નિયુક્ત ઉચ્ચ સ્તરીય સમિતિ એ મંદિર ખુલવાનો સમય બદલ્યો છે, જેના કારણે મંદિરમાં થઈ રહેલી આંતરિક વિધિઓમાં પણ ફેરફાર આવ્યો છે, જેમ કે ભગવાન ક્યારે જાગે અને ક્યારે સૂઈ જાય. સમિતિના જણાવ્યા અનુસાર, નિયુકત ઉચ્ચ સ્તરીય સમિતિના ૧૯ સપ્ટેમ્બરના નિર્ણયથી દેવતાના સદીઓ જૂના ઊંઘ અને જાગવાના સમય પર અસર થઈ છે અને ભક્તોને વધુ દર્શન આપવા માટે આ પરંપરામાં ફેરફાર કરવો યોગ્ય નથી.સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે ઘણા ભક્તોએ ફરિયાદ કરી છે કે ઊંઘ પહેલા અને પછી અને જાગવાના વિધિઓના નામે, ગોસ્વામીઓ પડદો મૂકી દે છે અને શ્રીમંત અને



પ્રભાવશાળી લોકોને દેવતાઓને દર્શન કરવાની મંજૂરી આપે છે. તો ‘‘વધુ ભક્તોને દર્શન મળે તે માટે દર્શનનો સમય દરરોજ બે કલાક વધારવામાં શું નુકસાન છે? જોકે, સુપ્રીમ કોર્ટે આ મુદ્દાની તપાસ કરવા સંમત થઈ છે અને મથુરા જિલ્લા કલેક્ટર, મથુરા-વૃંદાવન વિકાસ સત્તામંડળ અને યુપી સરકાર પાસેથી જવાબો માંગ્યા છે. સુનાવણી જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં થશે. સુપ્રીમ કોર્ટે સોમવારે એ પણ નક્કી કર્યું કે તે તપાસશે કે દર્શનનો વધારેલો સમય ભગવાનની પરંપરાગત ઊંઘ અને આરામમાં ખલેલ પહોંચાડે છે કે નહીં.

# વૃંદાવનમાં રસોઈયાને પગાર ન મળતા ભગવાન બાંકે બિહારી રહ્યા ભૂખ્યા !!

## વર્ષો જૂની પરંપરા તૂટતા કરોડો ભાવિકોમાં ભારે નારાજગી

**અબતક રાજકોટ**

વૃંદાવનના વિશ્વ પ્રસિદ્ધ શ્રી ઠાકુર બાંકે બિહારી મંદિરમાં સોમવારે એક અભૂતપૂર્વ ઘટના બની હતી. જેના કારણે વર્ષોથી ચાલી આવતી પરંપરા તૂટી ગઈ છે. રસોઈયાને પગારની ચૂકવણી ન થવાના કારણે ભોગ તૈયાર ન થતાં ઠાકુરજીને પહેલીવાર ભોગ ધરવામાં ન આવ્યો ન હતો.આ ઘટનાથી મંદિરના ગોસ્વામીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.જ્યારે મંદિરની વ્યવસ્થા સંભાળતી હાઈ પાવર કમિટી આ મામલે પોતાનો હાથ ખંખેરવાનો પ્રયાસ કરી રહી છે

દેશ-વિદેશમાંથી દરરોજ લાખો શ્રદ્ધાળુઓ શ્રી ઠાકુર બાંકે બિહારીના દર્શન કરવા આવે છે. મંદિરમાં ઠાકુરજીને સવારે બાળ ભોગ અને સાંજે શયન ભોગ અર્પણ કરવાની પરંપરા છે. પરંતુ સોમવારે આ બંને ભોગ ઠાકુરજીને ન લાગતા ભક્તોએ તેમને ભોગ વિના જ દર્શન કર્યા હતા.


શ્રી ઠાકુર બાંકે બિહારી મંદિરની વ્યવસ્થાઓ માટે સુપ્રીમ કોર્ટે એક હાઈ પાવર કમિટીની રચના કરી છે. આ કમિટી હેઠળ ઠાકુરજીના પ્રસાદ અને ભોગની સામગ્રી તૈયાર કરવા માટે રસોઈયાની નિમણૂક કરવામાં આવી છે. રસોઈયાને દર મહિને રૂ.૮૦,૦૦૦ પગાર આપવામાં આવે છે, પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી તેને પગાર ચૂકવવામાં આવ્યો નહોતો. આ કારણે રસોઈયાએ ઠાકુરજી માટે બાળ ભોગ અને શયન ભોગ તૈયાર ન કર્યો. ’શ્રી ઠાકુર બાંકે બિહારીનો ભોગ તૈયાર કરવાની જવાબદારી મયંક ગુપ્તા નામના વ્યકિત પાસે છે. આ વ્યકિત રસોઈયા દ્વારા ઠાકુરજી માટે દિવસમાં ચાર વખત ભોગ તૈયાર કરાવે છેઃ જેમાં સવારે-બાળ ભોગ, બપોરે-રાજભોગ, સાંજે- ઉત્થાપન ભોગ અને રાત્રે, શયન ભોગ. રસોઈયાએ તૈયાર કરેલો ભોગ ઠાકુરજીને અર્પણ કરવામાં આવે છે, પરંતુ સોમવારે આ ભોગ સેવાયતોને મળી શક્યો નહીં.

# બીબીસીએ સ્પીચ સાથે છેડછાડ કરતા રૂ.૮૦૦૦૦ કરોડનો માનહાનીનો ટ્રમ્પનો દાવો

**અબતક,વોશિંગટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટિશ પબ્લિક સર્વિસ બ્રોડકાસ્ટર BBC સામે આશરે ૮૦,૦૦૦ કરોડ રૂપિયા ($10 બિલિયન) નો તોતિંગ માનહાનીનો દાવો માંડ્યો છે. ફલોરિડાના મિયામીમાં ફેડરલ કોર્ટમાં દાખલ કરાયેલા આ મુકદ્દમામાં ટ્રમ્પે આરોપ લગાવ્યો છે કે BBCએ તેમના ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના ભાષણને અત્યંત ગેરમાર્ગે દોરનારી રીતે એડિટ કરીને રજૂ કર્યુ હતું. ટ્રમ્પનો દાવો છે કે BBCએ તેમના ભાષણના અલગ-અલગ હિસ્સાઓને જોડીને એવું ખોટું ચિત્ર ઊભું કર્યું હતું કે જાણે તેઓ પોતાના સમર્થકોને કેપિટોલ હિલ પર હુમલો કરવા માટે ઉશ્કેરી રહ્યા હતા.

ટ્રમ્પની લીગલ ટીમની દલીલ છે કે BBCએ ’પેનોરમા’ નામના કાર્યક્રમમાં પ્રસારિત કરેલી કિલપમાં ટ્રમ્પના ‘‘શાંતિપૂર્ણ વિરોધ‘‘ કરવાની અપીલ કરતા વાક્યને કાપી નાખ્યું હતું. તેના બદલે, તેમણે લગભગ એક કલાકના અંતરે બોલાયેલા બે અલગ વાક્યો- ‘‘કેપિટોલ તરફ કુચ કરો‘‘ અને ‘‘સખત લડાઈ લડો‘‘ને એકસાથે જોડી દીધા હતા. ટ્રમ્પે કહ્યું છે કે આ ચેડાં ઈરાદાપૂર્વક, દ્વેષપૂર્ણ રીતે અને ૨૦૨૪ની ચૂંટણીમાં દખલગીરી કરવાના હેતુથી કરવામાં આવ્યા હતા, જેનાથી તેમની આર્થિક અને સામાજિક પ્રતિષ્ઠાને મોટું નુકસાન થયું છે.અહેવાલો મુજબ, આ ઘટના બાદ BBCના ડાયરેક્ટર જનરલ ટિમ ડેવી અને ન્યૂઝ ચીફ ડેબોરાહ ટર્નેસે રાજીનામાં આપી દીધા છે.




BBCએ અગાઉ આ બાબતે માફી માંગતા સ્વીકાર્યું હતું કે એડિટિંગમાં ‘‘જજમેન્ટની ભૂલ‘‘ થઈ હતી જેનાથી દર્શકોમાં ખોટી છાપ ઊભી થઈ હતી, પરંતુ તેમણે માનહાનીના દાવાને ફગાવી દેતા કહ્યું છે કે તેનો કોઈ કાયદાકીય આધાર નથી. BBCએ આ ડોક્યુમેન્ટરી ફરીથી પ્રસારિત ન કરવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે અગાઉ પણ મીડિયા સંસ્થાઓ સામે કેસ કર્યા છે, જેમાં તાજેતરમાં CBS અને ABC ચેનલોએ તેમની સાથે સમાધાન કર્યું છે.

# ન હોય .... નવેમ્બર મહિનામાં બેરોજગારીનો દર પાંચ ટકાથી નીચે

## ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી ઘટીને નીચા સ્તર પર આવીઃ જેમાં પુરૂષો કરતા મહિલાઓ વધારે

**અબતક દિલ્હી**

આપણો દેશ ભારત યુવાનોથી ભરેલો છે અને તેનું અર્થતંત્ર ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમ છતાં, એક મોટી સમસ્યા જે આપણને સતત પરેશાન કરે છે, તે છે બેરોજગારી. મોટી સંખ્યામાં યુવાનો હોવા છતાં, ભારત આજે પણ પૂરતી અને સારી નોકરીઓ ઊભી કરી શક્યું નથી. પરતું છેલ્લા ૮ મહિનાના રીપોર્ટ પ્રમાણે બેરોજગારીનું દર ઘટ્યું છે. જે ભારત માટે સારા સમાચાર છે. વધારે લોકો કામ માટે તૈયાર થયા છે.

ભારતમાં બેરોજગારી દર નવેમ્બર મહિનામાં ઘટીને છેલ્લા આઠ મહિનાના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે, જે શ્રમ બજાર માટે સારા સમાચાર છે. કુલ બેરોજગારી દર ઓક્ટોબરમાં ૫.૨% હતો, જે નવેમ્બરમાં ઘટીને ૪.૭૫% થયો. એલએફપીઆર એટલે કામ કરતા અથવા કામ શોધી રહેલા લોકોનો ટકાવારી. આ દર વધવો એ દર્શાવે છે કે વધુ લોકો કામ કરવા તૈયાર થઈને શ્રમ બજારમાં જોડાઈ રહ્યા છે.ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી ઘટીને નવા નીચા સ્તરે ૧.૯% પર આવી ગઈ છે. શહેરોમાં બેરોજગારી દર ઘટીને ૬.૫% થયો છે, જે એપ્રિલ મહિનાના સૌથી નીચા સ્તરની બરાબર છે. આ ઘટાડો ગ્રામીણ વિસ્તારોમાં વધુ સ્પષ્ટ છે, જ્યાં પુરુષો અને મહિલાઓ બંનેની બેરોજગારી સૌથી નીચા સ્તરે પહોંચી છે.શહેરી વિસ્તારોમાં પણ ધીમે ધીમે સુધારો જોવા મળી રહ્યો છે. શ્રમ બજારની સ્થિતિ મજબૂત બની રહી છે, જેમાં ગ્રામીણ રોજગારમાં વધારો અને વધુ મહિલાઓનું કામ માટે આગળ આવી છે.

### ચાર વર્ષ જૂનું યુક્રેન-રશિયા યુદ્ધ સમાપ્તિના આરે?

# કિવને સુરક્ષિત રાખવાના અમેરિકાના કોલે શાંતિનો માર્ગ મોકળો કર્યો

## બર્લિનમાં યુક્રેન, અમેરિકા અને યુરોપિય અધિકારીઓ વચ્ચે શ્રેણીબદ્ધ બેઠકો યોજાશેઃ કિવની માંગ છે કે, પશ્ચિમી દેશો જોડાણના સભ્યોને જેવી સુરક્ષા ગેરંટીઓ આપવામાં આવી છે તેવી યુક્રેનને પણ આપવામાં આવે

**અબતક, નવી દિલ્હી**

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં આશરે ચાર વર્ષથી ચાલી રહેલાં યુદ્ધ વચ્ચે હવે યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ પશ્ચિમી દેશોની સુરક્ષા ગેરંટીના બદલામાં નાટોમાં જોડાવાની તેમના દેશની માગણી પડતી મૂકવાની ઓફર કરી હતી.ત્યારે હવે બર્લિનમાં તાજેતરની વાટાઘાટો પછી અમેરિકી અધિકારીઓએ જણાવ્યું છે કે યુએસ યુક્રેનને નાટો જેવી મજબૂત સુરક્ષા ગેરંટી આપવા સંમત થયું છે. આ રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોનો ભાગ છે, જે લગભગ ચાર વર્ષથી ચાલી રહ્યું છે.

બર્લિનમાં યુક્રેન, અમેરિકા અને યુરોપિય અધિકારીઓ વચ્ચે શ્રેણીબદ્ધ બેઠકો યોજવાની છે. ઝેલેન્સ્કી અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે પણ બેઠક યોજે તેવી શક્યતા છે. આ બેઠકો પહેલા પત્રકારોના સવાલનો જવાબ આપતા તેમણે જણાવ્યું હતું કે અમેરિકા અને કેટલાંક યુરોપીય દેશોએ નાટોમાં જોડાવાની યુક્રેનની માગણીને નકારી કાઢી છે. તેથી કિવ અપેક્ષા રાખે છે કે પશ્ચિમી દેશો જોડાણના સભ્યોને જેવી સુરક્ષા ગેરંટીઓ આપવામાં આવી છે તેવી યુક્રેનને પણ



આપવામાં આવે. આવી સુરક્ષા ગેરંટીથી રશિયાના વધુ એક આક્રમણને રોકવામાં મદદ મળશે. નાટોના સભ્યપદ અંગે અમે પહેલાથી સમાધાન કર્યું છે. કોઈપણ સુરક્ષા ગેરંટી કાયદેસર રીતે બંધનકર્તા અને યુએસ સંસદ દ્વારા સમર્થિત હોવી જોઈએ.તેમણે કહ્યું હતું કે તેઓ જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને સંભવતઃ અન્ય યુરોપિયન નેતાઓ સાથે અલગથી મુલાકાત કરશે.

અહીં ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ યુદ્ધનો ઝડપી અંત લાવવા માટે દબાણ કરી રહ્યા છે અને તેમાં વિલંબથી ગુસ્સે પણ થઈ રહ્યાં છે. અમેરિકા ઈચ્છે છે કે યુદ્ધને સમાપ્ત કરવા માટે યુક્રેને ડોનેત્સ્ક પ્રદેશ રશિયાને સોંપી દેવો જોઈએ. આ પ્રદેશનો મોટાભાગનો વિસ્તાર રશિયન દળોના કબજામાં છે. રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિને પણ યુક્રેન શાંતિ માટેની મુખ્ય શરતોમાં આ વિસ્તાર પર રશિયાના કબજાની માગણી કરી છે. જોકે હજુ સુધી ઝેલેન્સ્કી પોતાના વિસ્તાર છોડી દેવા તૈયાર નથી.

# બાર એસો.ની ચૂંટણીમાં વકીલોના પ્રશ્નોને વાચા આપવા સમરસ પેનલ કટીબધ્ધ


## ક્રિમિનલ, રેવન્યુ, ક્લેઈમ, ફેમિલી, કન્ઝયુમર, લેબર, સિવિલ, કોર્પોરેટ, બેકીંગ, ટેક્સેશન ક્ષેત્રે પ્રેક્ટીસ કરતા વકીલોને સમરસ પેનલને જબરૂ સમર્થન

**અબતક, રાજકોટ**

બાર એસો. ની આગામી તારીખ ૧૯ ને શુક્રવારના રોજ ચુંટણી યોજાનાર છે. જેમાં લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલનુ નેતૃત્વ સુરેશ ફળદુ અને સાથે જોમ જુસ્સાથી ઉપપ્રમુખ પદે સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી પદે મેહુલ મેહતા, જોઈન્ટ સેક્રેટરી પદે સંદિપ વેકરીયા, ટ્રેઝરર પદે રેખાબેન લીંબાસીયા(પટેલ), લાઈબ્રેરી સેક્રેટરી પદે સાગર હપાણી, કારોબારી સભ્ય(મહીલા અનામત) માટે અરૂણાબેન(અલ્કાબેન) પંડયા, મીતાબેન રાવ, હીરલબેન જોષી કારોબાદરી સભ્ય પદના ઉમેદવારો અમિત વેકરીયા, કષપ ઠાકર, દિપ વ્યાસ, જતીન ઠકકર, યશ ચોલેરા, કેતન જેઠવા, રણજીત મકવાણા ઉમેદવારી નોંધાવી છે.



વકીલોના પ્રશ્નોને વાચા આપવા માટે કટીબધ્ધ છે. ટીમ દ્વારા એડવોકેટ ભવન, નોટરીઓને ઈસ્ટેમ્પીંગના લાઈસન્સ ઈસ્યુ કરાવવા સબંધેનો પ્રશ્ન, નવી કોર્ટ બિલ્ડીંગમા વકીલઓ માટેની અનેક સુવિધાઓનો અભાવ, ટ્રીબ્યુનલ સબંધીત પ્રશ્નો, જેલ સબંધીત સમસ્યાઓ, ગેઝેટ ઓફીસના પ્રશ્નો, સબરજીસ્ટ્રાર કચેરી તથા પ્રાંત કચેરીની અસુવિધાઓ, પોલીસ કે અન્ય ઓથોરીટી ધ્વારા વકીલોનું માન સન્માન જળવાઈ રહે તે પ્રકારના વાતાવરણનું





નિર્માણ સહીતના અનેક પ્રશ્નો માટે યોગ્ય સત્રે રજુઆત કરી નિરાકરણ કરવા માટે સક્ષમ ટીમ બનવા જઈ રહી છે. વર્ષ દરમ્યાન જુનીયર વકીલોને જ્ઞાનમા વધારો થાય તે પ્રકારના વિષયો સાથે સેમીનાર યોજવા જેમાં તજણ વકતાઓ, નિવૃત્ત ન્યાયધીશો, રાજકોટના સીનીયર મોસ્ટ ધારાશાસ્ત્રીઓ વિગેરેને આમંત્રીત કરી યુવા વકીલોને જ્ઞાન વૃધ્ધી માટેના સતત પ્રયાસો કરશે. સમરસ પેનલ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર ચાલી રહયો છે, જેમા રાજકોટમા વિવીધ ક્ષેત્રો જેવા કે ક્રીમીનલ, રેવન્યુ, ક્લેઈમ, ફેમીલી, કન્ઝયુમર, લેબર, સીવીલ, કોર્પોરેટ, બેકીંગ, ટેક્સેશન મળી તમામ ક્ષેત્રે પ્રેકટીસ કરતા વકીલોમા સમરસ પેનલને જબરૂ સમર્થન મળી રહયુ છે. સમરસ પેનલના ઉમેદવારો પ્રચાર મા વકીલો પાસે થી ભવિષ્યના વકીલો અંગેના સારા કાર્યો અંગે સતત સુચનો અને માર્ગદર્શન મળી રહેલ છે. સમરસ પેનલની યુવા ટીમ રાજકોટ બારનુ સુકાન સંભાળવા આગળ આવી છે, વકીલોને યોગ્ય સુવિધાઓ અને વકીલોનો સર્વાંગી વિકાસ થાય તે પ્રકારે કામગીરી કરવાનો અનુભવ અને હેતુ ધરાવે છે. સમરસ પેનલને સીનીયર વકીલો વિજય ભવઃના શુભાશીષ સાથે પ્રેરણા કરી છે.

રાજકોટના સીનીયર, જુનીયર, મહીલા અને યુવા વકીલ પ્રથમ અને બીજી વખત મતદાન કરવા જઈ રહ્યા છે, સમરસ પેનલના તમામ ઉમેદવારોને પેનલ ટુ પેનલ જંગી મતદાન કરી ભારે બહુમતી સાથે વિજેતા બનાવવા જબરો માહોલ જોવા મળી રહયો છે.લીગલ સેલની સતત કાર્યશીલ સીનીયર, જુનીયર, યુવા, મહીલા વકીલોની વચ્ચે રહીને પ્રશ્નોના નિરાકરણ લાવે છે. આ પ્રચાર અભિયાનમાં સિનીયર ધારાશાસ્ત્રીઓ લલિતસિંહ જે. શાહી, ગીરીશભાઈ ભટ્ટ,

(અનુ. આઠમા પાને)

# જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં છાત્રોની કલા ખીલી ઉઠી





**ચિત્ર સ્પર્ધા, વાદન, બાળકવિ અને ગાયન કલામાં રાજકોટ જિલ્લાનાં ૧૨૯ બાળ સ્પર્ધકોએ લીધો ભાગ**

રીપોર્ટરઃ અરૂણ દવે
કેમેરામેનઃ દર્શન વાડોલીયા

**અબતક,રાજકોટ**

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય અને જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટ આયોજિત રાજકોટ જિલ્લાકક્ષાનો કલાઉત્સવ આજ પૃથ્વીરાજ ચૌહાણ પ્રા. શાળા નંબર ૪૮ ખાતે ભવ્ય આયોજન કરાયું હતું. જેમાં સમગ્ર રાજકોટ જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ૧૨૯ બાળ કલાકારોએ ભાગ લીધો હતો. જેમાં ચિત્ર સ્પર્ધામાં ૩૨ બાળકલાકારો, ગાયન સ્પર્ધામાં ૩૩ બાળકલાકારો, વાદન સ્પર્ધામાં ૩૩ બાળકલાકારો અને બાળકવિમાં ૩૧ બાળકલાકારોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષીત પટેલ, શાસનાધિકારી, કિરીટસિંહ પરમાર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટના પ્રાચાર્યલા સંજયભાઈ મહેતા, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, અશોક વાણવી, રાજકોટ જિલ્લાનાં વિવિધ પ્રાથમિક, માધ્યામિક અને ઉચ્ચતાર માધ્યમિકના વિવિધ શિક્ષક સંગઠનોનાં હોદેદારોની પ્રેરક ઉપસ્થિતિમાં તમામ બાળ કલાકારોએ પોતાની કલાના કામણ પાથરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમના અંતે યોજાયેલ સન્માન સમારોહમાં તમામ મહાનુભાવોના હસ્તે ભાગ લેનાર તમામ બાળ કલાકારોને શિલ્ડ, પ્રમાણપત્રો અને શૈક્ષણિક કિટ આપીને સન્માનિત કરવામાં

(અનુ. આઠમા પાને)

## બાળકોની છુપી કલાને પ્રોત્સાહન મળ્યું છેઃ સોનલબેન ચૌહાણ

દર વર્ષે યોજાતા કલા ઉત્સવમાં વિદ્યાર્થીઓમાં રહેલી છુપી કલાને પ્રોત્સાહન મળે તે હેતુથી આ આયોજન કરાય છે,તેમ અબતક સાથેની વાતચિતમાં ડાયેટ રાજકોટના પ્રાધ્યાપક અને સ્પર્ધા સંચાલક સોનલબેન ચૌહાણે જણાવ્યું હતુ . આજે ભાગ લેનાર તમામ સ્પર્ધકોને શૈક્ષણીક કિટ આપીને પ્રોત્સાહીત કરાયા હતા.




# આજના યુગમાં સ્વચ્છંદતા અને વિદેશી કલ્ચરનું અનુકરણ જ સમસ્યાનું મુળ

## માનવ તસ્કરી, બાળમજૂરી અને યુવાનોમાં વ્યસન અંગે જાગૃતિની જરૂરિયાતઃએન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ

**અબતક, રાજકોટ**

સમાજમાં વધતી જતી લાચારી, મજબૂરી, મોજ-શોખ અને વિદેશી કલ્ચરના અનુકરણને કારણે જાતીય વ્યવહારો અને માનવ તસ્કરી જેવી સમસ્યાઓ વધી રહી છે. અબતકના સાથેની મુલાકાતમાં રાજકોટના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઈ ભાર્ગવસિંહે ઝણકાટે જણાવ્યું હતું કે ,હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની મુખ્ય કામગીરી ૧૮ વર્ષથી નીચેના ગુમ થયેલા બાળકોને શોધવાની છે. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થયા પછી જો તપાસમાં સફળતા ન મળે તો કેસ એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને સોંપવામાં આવે છે. સ્પા અને હોટલમાં સ્પાના આડમાં ચાલતા દેહવેપાર જેવા ધંધાઓ વિરુદ્ધ સરપ્રાઈઝ ચેકિંગ અને ડમી વ્યક્તિઓ મોકલીને કાર્યવાહી કરવામાં આવે છે. હોટલમાં કાર્યરત દલાલો અને સ્ત્રીઓને દેહવેપાર કરાવીને આર્થિક લાભ મેળવતા તત્વો વિરુદ્ધ ગુના દાખલ કરવામાં આવે છે.ભિક્ષુકો માટે વિશેષ કાસ્ટ ફોર્સ બનાવવામાં આવી છે, જેમાં મહિલા અને પુરુષ ભિક્ષુક ગૃહની વ્યવસ્થા છે. જાહેર રસ્તાઓ પર બાળમજૂરી કરતા બાળકોને મુક્ત કરીને ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કરવામાં આવે છે. કારખાનાઓ, ચાની લારીઓ અને હોટલોમાં બાળમજૂરી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. શાળાઓમાં જાગૃતતા કાર્યક્રમો યોજવામાં આવે છે અને શહેરમાં આવા કિસ્સાઓ માટે ૧૧૨ નંબરનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે.અન્ય રાજ્યોમાંથી કામ માટે આવતા કામદારો (કારખાના કે સ્પા) માટે નજીકના પોલીસ સ્ટેશનમાં રજિસ્ટ્રેશન ફરજિયાત છે. જો માલિક દ્વારા આ ન કરવામાં આવે તો તેમના વિરુદ્ધ ગુનો દાખલ થઈ શકે છે. આ માહિતી અપરાધોની તપાસમાં મદદરૂપ બને છે.માતા-પિતાએ બાળકો પર ધ્યાન રાખવું અને તેમને સક્ષમ બનાવવા જોઈએ જેથી તેઓ સારા-નરસા વચ્ચે ભેદ પારખી શકે. ભીડવાળી જગ્યાએ એકલા ન જવું, એકાંતમાં ન જવું અને અજાણી જગ્યાએ કોલ્ડ્રિંક્સ ન પીવું જેવી સલાહ આપવી જોઈએ. કોઈ બનાવ બને તો ૧૧૨ અથવા એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને જાણ કરીને સમાજમાં જાગૃતતા લાવી શકાય છે.જાહેર રસ્તાઓ, કારખાનાઓ, ચાની લારીઓ અને હોટલોમાં બાળમજૂરી કરતા બાળકોને મુક્ત કરાવીને તાત્કાલિક ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કરવામાં આવે છે, બાળમજૂરી અને માનવ તસ્કરીના જોખમો વિશે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં સમજણ કેળવવા માટે શાળાઓમાં જાગૃતતા કાર્યક્રમો યોજવામાં આવે છે. ભિક્ષુકોના પુનર્વસન અને વ્યવસ્થાપન માટે વિશેષ કાસ્ટ ફોર્સ ની રચના કરવામાં આવી છે, જેમાં ભિક્ષુકોને આશ્રય આપવા માટે મહિલા અને પુરુષ ભિક્ષુક ગૃહની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. પોલીસ સ્ટેશનમાં તેમનું રજિસ્ટ્રેશન કરાવવું માલિક માટે ફરજિયાત છે. જો માલિક દ્વારા આ રજિસ્ટ્રેશન ન કરવામાં આવે, તો તેમના વિરુદ્ધ કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવશે. આ નિયમ અપરાધીઓની ઓળખ કરવામાં અને કાયદો વ્યવસ્થા જાળવવામાં અત્યંત મદદરૂપ થાય છે માતા-પિતાએ પોતાના બાળકો પર પૂરતું ધ્યાન આપવું, તેમની પ્રવૃત્તિઓ પર નજર રાખવી અને તેમને સમાજમાં સક્ષમ નાગરિક બનાવવા માટે યોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન પૂરું પાડવું.





**શહેરને સુરક્ષિત જ નહીં પરંતુ ગુનેગારોને પકડવા, ગુમ થયેલા બાળકોને શોધીને તેમના પરિવાર સાથે પુનઃસ્થાપિત કરવા માટે પણ રાત-દિવસ કાર્યરતઃએન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ**

### યુવાનો વ્યસનના ભરડામાં સ્માર્ટફોનનો ગેરઉપયોગ અને પ્રાચીન શિક્ષણ પદ્ધતિનો અભાવ

ભાર્ગવ સિંહે યુવાનોની વર્તમાન સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે, દેશની તાકાત યુવાનો છે પરંતુ તેઓ વ્યસન અને અસામાજિક કાર્યો તરફ દોરાઈ રહ્યા છે. પ્રાચીન કાળમાં બાળકોને વિદ્યાપીઠમાં મોકલીને ગુરુના આશ્રમમાં રાખવામાં આવતા હતા, પરંતુ અત્યારે માતા-પિતા તરફથી જ મંજૂરી આપવામાં આવે છે. સ્માર્ટફોનનો ગેરઉપયોગ પણ વધી રહ્યો છે. એસઓજી દ્વારા શાળા-કોલેજ બહાર ડ્રગ્સ વેચાણ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવે છે.

### માત્ર જાહેર સ્થળ જ નહીં, પરંતુ સ્પા સેન્ટરો અને હોટેલમાં અનૈતિક કાર્યોને ડામવા જરૂરી

માનવ તસ્કરી અને અનૈતિક જાતીય વ્યવહારો માત્ર જાહેર સ્થળો પૂરતા સીમિત નથી. બાતમીના આધારે, યુનિટ દ્વારા સ્પા સેન્ટરો અને હોટેલોમાં પણ સઘન તપાસ અને કાર્યવાહી કરવામાં આવે છે. આ તપાસનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે, યુવાનો અને સગીરો કોઈ પણ સંજોગોમાં આવા ગુનાહિત અને અનૈતિક કાર્યોનો ભોગ ન બને અથવા તેમાં સામેલ ન થાય. એ એચ.ટી.યુ આવા ગેરકાયદેસર વ્યવહારોને ડામવા માટે સતત સક્રિય છે.

### ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીરો માટે ''પોક્સો એક્ટ'' માતા-પિતા દ્વારા જાતીય શિક્ષણ અનિવાર્ય

સગીરોને જાતીય શોષણ અને તેના ગંભીર પરિણામોથી બચાવવા માટે પોક્સો કાયદો અને બાળકોમાં જાતીય શિક્ષણનું મહત્વ અનિવાર્ય છે. ૧૮ વર્ષથી નાના છોકરા-છોકરીઓ વચ્ચેના જાતીય સંબંધો માટે આ કાયદો લાગુ પડે છે, જેમાં ગંભીર ગુના માટે ૧૦ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા થઈ શકે છે .આવા કિસ્સાઓમાં માત્ર કાયદાકીય જોખમ જ નહીં, પરંતુ એઈડ્સ જેવી જીવલેણ બીમારીઓનું જોખમ પણ રહેલું છે માતા-પિતાએ તેમના બાળકોને નિઃસંકોચપણે જાતીય શિક્ષણ આપવું જોઈએ અને તેમને આ બાબતે યોગ્ય માહિતીથી સજ્જ કરવા જોઈએ શાળાઓમાં બાળકોને 'સારા સ્પર્શ' અને 'ખરાબ સ્પર્શ' વચ્ચેનો તફાવત સ્પષ્ટપણે શીખવવો જોઈએ. જો બાળકોને કોઈ અયોગ્ય અનુભવ થાય, તો તેમણે તરત જ શિક્ષક કે માતા-પિતાને જાણ કરવી જોઈએ તેવી હિંમત પૂરી પાડવી.સગીરોને કાયદાકીય મુશ્કેલી અને સ્વાસ્થ્યના જોખમોથી બચાવવા માટે માત્ર કાયદાનું કડક પાલન જ નહીં, પરંતુ પારિવારિક સ્તરે જાગૃતિ અને શિક્ષણ ફેલાવવું તે સમયની માંગ છે

### સુરક્ષા, નૈતિકતા અને કાયદો-વ્યવસ્થા હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ પ્રતિબધ્ધ

રાજકોટ શહેર પોલીસનું એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ શહેરની સુરક્ષા, નૈતિકતા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં નિર્ણાયિક દ્વારા વિવિધ વ્યૂહાત્મક અને કાયદાકીય પગલાં લેવામાં આવી રહ્યા છે., જાતીય વ્યવહારો અને માનવ તસ્કરી જેવી સમસ્યાઓને ઉત્તેજન આપતા મુખ્ય સામાજિક પરિબળો ખાસ કરીને ગ્રામીણ અને પછાત વિસ્તારોમાંથી આવતા લોકો, આર્થિક સંકડામણના કારણે સરળ શિકાર બની જાય છે. શિક્ષણનો અભાવ, પારિવારિક તકરારો, અને અસુરક્ષિત વાતાવરણ મહિલાઓ અને બાળકોને આ દૂષણ તરફ ધકેલે છે. આધુનિકતાના નામે ઝડપી અને વૈભવી જીવન જીવવાની લાલસા યુવાનોને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ તરફ આકર્ષે છે, જે આ નેટવર્કને બળ આપે છે માત્ર ગુનેગારોને પકડવા પૂરતી સીમિત નથી, પરંતુ તે સમાજમાં નૈતિકતા અને માનવીય ગરિમાનું રક્ષણ કરવાની એક સામાજિક પહેલ છે.

# સ્પોર્ટ્સ અબતક

# આઈપીએલ પણ જેન્ટલમેનની ગેમ બની જશે: ટીમની જર્સી નવા કલર-લોગા સાથે લોન્ચ થશે

## છેલ્લા કેટલાક વર્ષોથી ડ્રીમ૧૧ ઘણી આઈપીએલ ટીમોની જર્સી પર મુખ્ય સ્પોન્સર તરીકે જોવા મળતી હતી, પરંતુ હવે તેની જગ્યાએ પરંપરાગત અને લેગસી બ્રાન્ડસ આવશે

**અબતક, નવી દિલ્હી**

આઈપીએલની ફ્રેન્ચાઈઝીઓ આગામી સિઝન માટે નવા સ્પોન્સરની જાહેરાત કરવાની તૈયારીમાં છે. આ ફેરફારનું મુખ્ય કારણ છે ફેન્ટસી ગેમિંગ કંપની ડ્રીમ૧૧નું બહાર થવું. છેલ્લા કેટલાક વર્ષોથી ડ્રીમ૧૧ ઘણી આઈપીએલ ટીમોની જર્સી પર મુખ્ય સ્પોન્સર તરીકે જોવા મળતી હતી, પરંતુ હવે તેની જગ્યાએ પરંપરાગત અને લેગસી બ્રાન્ડ્સ આવી રહી છે.૨૦૨૫માં ભારત સરકારે 'પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલ' પસાર કર્યો, જેના કારણે રિયલ મની ગેમિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાગુ થયો. આનાથી ડ્રીમ૧૧ જેવી કંપનીઓના મુખ્ય આવકના સ્ત્રોત પર અસર પડી અને તેમણે તમામ સ્પોન્સરશિપ કરારોમાંથી બહાર નીકળવું પડ્યું. આ જ કારણે ડ્રીમ૧૧ ભારતીય ક્રિકેટ ટીમની જર્સીના સ્પોન્સર તરીકે પણ બહાર થઈ ગઈ હતી, અને તેની જગ્યાએ અપોલો ટાયર્સ આવી.

આ પ્રતિબંધની અસર આઈપીએલ પર પણ પડી, કારણ કે ડ્રીમ૧૧ અગાઉ ગુજરાત ટાઈટન્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, કોલકાતા નાઈટ રાઈડર્સ, પંજાબ કિંગ્સ, દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ જેવી ટીમોની પ્રિન્સિપલ સ્પોન્સર હતી. હવે નવા કલર અને નવા લોગો સાથે આઈપીએલ પણ જેન્ટલમેનની ગેમ બની જશે.ઉદ્યોગ નિષ્ણાતોના મતે, આ ફેરફાર આઈપીએલની મજબૂત વ્યાપારિક આકર્ષણને દર્શાવે છે. રાઈઝ વર્લ્ડવાઈડના હેડ નિખિલ બાર્ડિયાએ કહ્યું કે,આઈપીએલની મુખ્ય તાકાતની પુષ્ટિ થઈ રહી છે - તે ભારતની સૌથી મહત્વાકાંક્ષી અને વિકાસલક્ષી બ્રાન્ડ્સને આકર્ષવાનું ચાલુ રાખે છે.આગામી આઈપીએલ સિઝનમાં નવી જર્સી અને નવા બ્રાન્ડ્સ જોવા મળશે, જે ક્રિકેટ ચાહકો માટે રસપ્રદ રહેશે. આ ફેરફારો આઈપીએલને વધુ વૈવિધ્યસભર અને મજબૂત બનાવશે.

### આઈપીએલ માર્ચથી શરૂ થશે

આઈપીએલની ૧૯મી સીઝન માર્ચના ત્રીજા સપ્તાહથી શરૂ થઈ શકે છે. ટુર્નામેન્ટની તારીખો હાલમાં ફાઈનલ થઈ નથી, પરંતુ તે માર્ચથી મે મહિનાની વચ્ચે જ રમાશે.

### ઓક્શનને હોસ્ટ કરતી મલ્લિકા સાગર કોણ છે?



મુંબઈમાં એક બિઝનેસ પરિવારમાં ૩ ઓગસ્ટ ૧૯૭૫માં જન્મેલી મલ્લિકા જ્યારે ૬ વર્ષની હતી ત્યારે તેણીએ એક પુસ્તક વાંચ્યું હતું અને તેમાં એક મહિલા પાત્ર ઓક્શનર હતી. ત્યારથી મલ્લિકાએ નક્કી કરેલું કે પોતે પણ એક દિવસ ઓકશનર બનશે. અમેરિકામાં ભણેલી મલ્લિકાએ ૨૦૦૧માં ઈન્ટરનેશનલ ઓકશન હાઉસ ક્રિસ્ટીઝમાં ઓક્શનર તરીકે શરૂઆત કરેલી અને તે વખતે તે ભારતની પહેલી મહિલા ઓકશનર હતી. ૨૦૨૧માં મલ્લિકાએ કબડ્ડી લીગ અને વુમન્સ ચેમ્પિયનીશપમાં હરાજીનું કામ સંભાળ્યું હતું.૨૦૨૪ના આઈપીએલ ઓક્શન તેમજ આજના મીની ઓક્શનમાં પણ મલ્લિકા સાગર જ ઓક્શનર રહેશે.

### ૨૫.૨૦ કરોડ ખર્ચી કેમરૂન ગ્રીનને કેકેઆરે ખરીદ્યો: મિલર બેઈઝ પ્રાઈઝ સાથે દિલ્હીમાં જોડાયો

ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન આઈપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘો વિદેશી ખેલાડી બની ગયો છે. તેને મંગળવારે અબુ ધાબીમાં ચાલી રહેલા મિની ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો.

પહેલા સેટમાં કુલ ૬ ખેલાડીઓ ઓક્શન પૂલમાં લાવવામાં આવ્યા હતા, જેમાંથી માત્ર ૨ જ ખેલાડીઓ વેચાયા. ડેવિડ મિલરને દિલ્હી કેપિટલ્સે ૨ કરોડ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કર્યા. જેક ફ્રેઝર-મેકગર્ક, ડેવોન કોનવે, સરફરાઝ ખાન અને પૃથ્વી શો અનસોલ્ડ રહ્યા છે, તેમના પર કોઈ ટીમે બોલી લગાવી નથી.

ઓક્શન ઈતિહાસના સૌથી મોંઘા ખેલાડી ભારતીય વિકેટકીપર રિષભ પંત છે. તેને ગયા વર્ષે મેગા ઓકશનમાં લખનઉ સુપર જાયન્ટ્સે ₹૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ૧૦ ટીમ પાસે મળીને કુલ ₹૨૩૭.૫૫ કરોડ રૂપિયા છે. સૌથી વધુ રકમ કોલકાતા નાઈટ રાઈડર્સ પાસે છે, જ્યારે સૌથી ઓછી રકમ મુંબઈ ઈન્ડિયન્સ પાસે છે.

**અંડર ૧૯ એશિયા કપ**

# અભિજ્ઞાન કુંડુની બેવડી સદી: ભારતે મલેશિયાને ૪૦૯ રનનો ટાર્ગેટ આપ્યો

## કુંડુ સિવાય વેદાંત ત્રિવેદીના ૯૦ અને વૈભવ સૂર્યવંશીની ૫૦ રનની વિસ્ફોટક ઈનિંગ: મલેશિયા તરફથી મુહમ્મદ અક્રમએ ૫ વિકેટ લીધી, પરંતુ તેમ છતાં ભારતીય બેટ્સમેનોને રોકી શક્યા નહીં



**અબતક, નવી દિલ્હી**

દુબઈના સેવન્સ સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેન્સ અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૫ની ગ્રુપ એની મેચમાં ભારતીય અંડર-૧૯ ટીમે મલેશિયા સામે વિશાળ સ્કોર બનાવ્યો છે. મલેશિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી હતી, અને ભારતે ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૪૦૮ રનનો સ્કોર ખડકી દીધો છે. આ સ્કોરના કારણે મલેશિયાને જીત માટે ૪૦૯ રનનો ટાર્ગેટ મળ્યો છે.જો કે સસ્તામાં જ મલેશિયાએ એક વિકેટ ગુમાવી દીધી છે.

ભારતીય ઈનિંગ્સના મુખ્ય હીરો રહ્યા વિકેટકીપર-બેટ્સમેન અભિજ્ઞાન કુંડુ, જેમણે માત્ર ૧૨૫ બોલમાં અણનમ ૨૦૯ રનની તોફાની ઈનિંગ્સ રમી. આ તેમની કારકિર્દીની પ્રથમ ડબલ સેન્ચુરી છે અને યુથ ઓડીઆઈમાં ભારત તરફથી પ્રથમ ડબલ સેન્ચુરી પણ છે. તેમણે આ ઈનિંગ્સમાં બાઉન્ડ્રી અને સિક્સરનો વરસાદ કર્યો હતો, જેના કારણે ભારતનો સ્કોર ૪૦૦ની આસપાસ પહોંચ્યો.અન્ય મહત્વના યોગદાનમાં વેદાંત ત્રિવેદીના ૯૦ રન અને વૈભવ સૂર્યવંશીના ૫૦ રનનો સમાવેશ થાય છે. વૈભવે ટૂર્નામેન્ટમાં સતત

(અનું.આઠમાં પાને)

### અભિજ્ઞાન કુંડુએ ૨૦૯ રનની અણનમ ઈનિંગ રમી ઈતિહાસ રચ્યો

અભિગ્યાન કુંડુએ અંડર-૧૯ એશિયા કપમાં મલેશિયા સામે અણનમ ૨૦૯ રનની ઈનિંગ રમીને ઈતિહાસ રચ્યો છે. આ સાથે તે યુથ વનડેમાં ડબલ સેન્ચુરી ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યો છે.અભિગ્યાન કુંડુની ઐતિહાસિક ડબલ સેન્ચુરીએ ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે, કુંડુએ દુબઈમાં મલેશિયા સામે અણનમ ૨૦૯ રન ફટકાર્યા હતા, જેના કારણે તે યુથ વનડેમાં ડબલ સેન્ચુરી કરનાર પ્રથમ ભારતીય અને મીલાકતે બીજો ખેલાડી બન્યો છે. આ વિકેટકીપર-બેટ્સમેને નંબર પાંચ પર બેટિંગ કરતાં ૧૨૫ બોલમાં ૧૯ ફોર અને ૭ સિક્સર સાથે ભારત અંડર-૧૯ને ૪૦૮ના વિશાળ સ્કોર સુધી પહોંચાડ્યું.

# શ્રીલંકાને વર્લ્ડકપ જીતાડનાર અર્જુના રણતુંગા ભ્રષ્ટાચાર કેસમાં જેલ હવાલે?

**અબતક, નવી દિલ્હી**



શ્રીલંકાના વિશ્વ કપ વિજેતા ક્રિકેટ ટીમના સુકાની અર્જૂન રણતુંગાના મોટાભાઈ તથા શ્રીલંકાના પૂર્વ ક્રિકેટર ધમ્મિકા રણતુંગાની ભ્રષ્ટાચાર વિરોધી પંચ દ્વારા ધરપકડ કરાઈ હતી. બાદમાં તેને સોમવારે જામીન પર મુક્ત કરાયા હતા. લાંચ કે ભ્રષ્ટાચારની તપાસ માટેના પંચ (સીઆઈએબીઓસી)ના મતે ૬૩ વર્ષીય ધમ્મિકા રણતુંગાની ૨૦૧૭માં સરકારી રિફાઈનરી સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશન (સીપીસી) વતી ક્રૂડ ખરીદીના ટેન્ડરમાં ગેરરીતિ બદલ ધરપકડ કરાઈ હતી.પંચે ઉમેર્યું કે, ધમ્મિકાના અયોગ્ય પ્રભાવને લીધે પીએસયુ ઓઈલ કંપની સીપીસીને ૮૦ કરોડ શ્રીલંકન રૂપિયાનું નુકસાન થયું હતું. સીઆઈએબીઓસી કોલંબો મેજીસ્ટ્રેટ કોર્ટને જણાવ્યું હતું કે, ધમ્મિકાના નાના ભાઈ અને પૂર્વ ક્રિકેટર અર્જૂન રણતુંગા આ કેસમાં બીજો આરોપી છે.

તે વિદેશમાં હોવાથી તેની ધરપકડ કરી શકાય નથી. અર્જૂન રણતુંગા તે સમયે પેટ્રોલિયમ ઉદ્યોગ મંત્રી પદે હતા. ધમ્મિકા ૧૯૮૯ અને ૯૦માં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ બે ટેસ્ટ રમ્યો હતો અને બાદમાં તે શ્રીલંકા ક્રિકેટનો સીઈઓ બન્યો હતો.

# વિજય હજારે ટ્રોફી રમશો તો જ ટીમમાં સ્થાન મળશે

## બોર્ડે તમામ વર્તમાન રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓને વિજય હજારે ટ્રોફીમાં ઓછામાં ઓછી બે મેચ રમવાનો નિર્દેશ આપ્યો

**અબતક, નવી દિલ્હી**

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ઘરેલુ ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે એક મોટો નિર્ણય લીધો છે.બોર્ડે તમામ વર્તમાન રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓને વિજય હજારે ટ્રોફીમાં ઓછામાં ઓછી બે મેચ રમવાનો નિર્દેશ આપ્યો છે.આ ટુર્નામેન્ટ ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ થી શરૂ થશે અને ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચાલશે.જોકે ટીમ ઈન્ડિયાના એક ખેલાડીને આ આદેશમાંથી મુક્તિ આપવામાં આવી છે.આ ખેલાડીને વિજય હજારે ટ્રોફીમાં ભાગ લેવાની જરૂર રહેશે નહીં.

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે આ આદેશ દક્ષિણ આફ્રિકા સીરિઝ દરમિયાન આવ્યો છે. આ હેઠળ,ઓડીઆઈ અને ટી૨૦ ટીમો માટે પસંદ કરાયેલા ખેલાડીઓએ કોઈપણ સંજોગોમાં આ ટુર્નામેન્ટ રમવી આવશ્યક છે. દક્ષિણ આફ્રિકા શ્રેણી પછી, ન્યુઝીલેન્ડ સામેની ઓડીઆઈ શ્રેણી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થશે.બોર્ડ માને છે કે સિનિયર ખેલાડીઓ આ વિરામનો ઉપયોગ ઘરેલુ ક્રિકેટમાં જોડાઈને પોતાની શાર્પનેસ જાળવી રાખવા માટે કરી શકે છે. આ નિર્ણય ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સીરિઝમાં નબળા પ્રદર્શન સાથે પણ જોડાયેલો છે, જેના કારણે ઘરેલુ ક્રિકેટ પર વધુ ભાર મૂકવાની ભલામણ કરવામાં આવી હતી.

આ નિયમ હેઠળ, વિરાટ કોહલી, રોહિત શર્મા, શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ, કેએલ રાહુલ, હાર્દિક પંડ્યા અને સૂર્યકુમાર યાદવ જેવા સિનિયર ખેલાડીઓ તેમના રાજ્ય ટીમો માટે રમશે.

કોહલીએ પહેલાથી જ તેમની ઉપલબ્ધતાની પુષ્ટિ કરી દીધી છે. જોકે, શ્રેયસ ઐયરને બાકાત રાખવામાં આવી છે.

તાજેતરના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ઐયરને ઈજા થઈ હતી, જેના કારણે તે રમતથી દૂર રહ્યો છે. તે હાલમાં સ્વસ્થ થઈ રહ્યો છે, જેના કારણે બીસીસીઆઈ એ તેને આરામ આપ્યો છે.

# શેફાલી વર્માએ આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થ એવોર્ડ જીત્યો

**અબતક, નવી દિલ્હી**



ભારતની ઓપનર શેફાલી વર્માને આઈસીસી પ્લેયર ઓફ ધ મન્થનો એવોર્ડ જીત્યો છે. તેણે આ સન્માન માટેની રેસમાં રહેલી થાઈલેન્ડની થિપાત્ચા પુટ્થાવોંગ અને યુએઈની એશા ઓઝાને પાછળ છોડીને સૌપ્રથમ વખત આઈસીસીનું આ સન્માન મેળવ્યું છે. ગત મહિને વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ ફાઈનલમાં ભારતના વિજયમાં શેફાલીની નોંધપાત્ર ભૂમિકા રહી હતી.ભારતની નિયમિત ઓપનર પ્રતિકા રાવલ ઈજાગ્રસ્ત થતા શેફાલીને સેમિફાઈનલ અને ફાઈનલ મેચમાં રમવાની તક મળી હતી. શેફાલીએ દક્ષિણ આફ્રિકા વિમેન્સ સામેની ફાઈનલમાં ૮૭ બોલમાં ૭૮ રનની ઈનિંગ્સ રમી હતી જે વિમેન્સ વર્લ્ડ કપ ફાઈનલમાં ભારતીય બેટરની સર્વાધિક ઈનિંગ્સ રહી હતી. તેણે સાથી ઓપનર સ્મૃતિ મંધાના સાથે ૧૦૪ રનની ભાગીદારી નોંધાવીને વિશાળ સ્કોર માટે પાયો નાંખ્યો હતો. ૨૧ વર્ષીય શેફાલીએ જણાવ્યું કે, મારો પ્રથમ આઈસીસી વિમેન્સ વર્લ્ડ કપનો અનુભવ અપેક્ષા મુજબ નહતો રહ્યો પરંતુ તેનો અંત ક્યારેય કલ્પના પણ ના કરી હોય તેવો રહ્યો હતો. ટીમની સફળતામાં મારું યોગદાન આપી શકી તે બદલ હું આભારી છું. ઘરઆંગણે રમતા ભારતન ઐતિહાસિક વર્લ્ડ કપ જીતનો હું હિસ્સો બની તે બદલ ગૌરવ અનુભવું છું.

# જય શાહે મેસ્સીને ટી૨૦ વર્લ્ડકપ બેટ અને ટિકિટની ભેટ આપી



**અબતક, નવી દિલ્હી**

આર્જેન્ટિનાના દિગ્ગજ ફૂટબોલર લાયોનેલ મેસ્સી તેની ગોટ ઈન્ડિયા ટુરના અંતિમ પડાવમાં નવી દિલ્હી પહોંચ્યો હતો. અરુણ જેટલી સ્ટેડિયમમાં ઈન્ટરનેશલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના ચેરમેન જય શાહે મેસ્સીને ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ભારત અને યુએસએની પ્રારંભિક મેચની ટિકિટ ભેટમાં આપી હતી. આ ઉપરાંત તેમણે ભારતીય ક્રિકેટર્સના ઓટોગ્રાફ સાથેનું ફ્રેમ કરેલું બેટ મેસ્સીને આપીને તેનું સન્માન કર્યું હતું. મેસ્સી તેના સાથી ખેલાડીઓ રોડ્રિગો ડી પોલ અને લુઈસ સુઆરેઝ સાથે દિલ્હીની મુલાકાતે આવ્યો હતો.

# અક્ષર પટેલ આફ્રિકા સામેની બાકી રહેલી બે ટી૨૦ મેચ ગુમાવશે

**અબતક, નવી દિલ્હી**



ભારતીય ટીમનો ઓલરાઉન્ડર અક્ષર પટેલ બીમાર પડતાં તે વર્તમાન દક્ષિણ આફ્રિકા સામેની ટી૨૦ સિરીઝમાં બાકીની બે મેચ ગુમાવશે. બીસીસીઆઈએની પસંદગી સમિતિએ અક્ષરના સ્થાને શાહબાઝ અહેમદને ટીમમાં સામેલ કર્યો છે. અક્ષર પટેલ પ્રથમ બે ટી૨૦માં ટીમનો હિસ્સો હતો પરંતુ તે બીમાર પડતાં રવિવારે ધરમશાલામાં ત્રીજી ટી૨૦માં તે ટીમમાં રમ્યો નહતો. તેના સ્થાને કુલદીપ યાદવને તક આપવામાં આવી હતી. ભારતીય ટીમ પ્રવાસી આફ્રિકા સામે બાકીની બે ટી૨૦ ક્રિકેટ મેચ લખનૌ (૧૭ ડિસે.) અને અમદાવાદ (૧૯ ડિસે.)માં રમશે. બીસીસીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું કે, અક્ષર પટેલ બીમાર થતાં તે ટી૨૦ સિરીઝમાંથી બહાર થઈ ગયો છે. હાલમાં તે ટીમ સાથે લખનૌમાં છે જ્યાં તેની વધુ સારવાર થશે.ભારતના પ્રવાસે આવી રહેલી ન્યૂઝીલેન્ડની ટીમ આગામી વર્ષે ભારત સામે જાન્યુઆરીમાં પાંચ ટી૨૦ ક્રિકેટ મેચ રમશે. કિવિઝ સામેની ટી૨૦ સિરીઝ માટેની ભારતીય ટી૨૦ ટીમ તથા આગામી ફેબ્રુઆરીમાં યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમની જાહેરાત એકસાથે કરાશે. જાન્યુઆરીના મધ્યમાં ભારતીય ટી૨૦ ટીમ જાહેર થઈ શકે છે. કિવિઝ સામેની ટીમ જ ટી૨૦ વર્લ્ડ કપ માટેની ટીમ રહેશે તેમ સૂત્રએ વધુમાં જણાવ્યું હતું.

# સૌ.યુનિ.ની આંતર કોલેજ સ્પર્ધામાં ૧૦૦થી વધુ ખેલાડીઓએ કરાટેના દાવ પેંચ ખેલ્યાં

## ટ્રાયલ બેઝ પર યોજાયેલી સ્પર્ધામાં ભાઈઓમાં ૯ અને બહેનોમાં ૧૨ કોલેજોએ ભાગ લીધો: બહેનો માટે ૬ અને ભાઈઓ માટે ૭ વેઈટ કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાઈ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ તથા શ્રીજી એચ. ગોસરાણી કોમર્સ એન્ડ ડી.ડી. નાગડા બીબીએ કોલેજ, જામનગરના સંયુક્ત આયોજન હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પ્રથમવાર આંતર કોલેજ કરાટે ભાઈઓ-બહેનોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાયલ બેઝ પર યોજાયેલી

આ સ્પર્ધામાં ભાઈઓમાં ૯ અને બહેનોમાં ૧૨ કોલેજોએ ભાગ લીધો હતો. બહેનો માટે ૬ અને ભાઈઓ માટે ૭ વેઈટ કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાઈ હતી.

બહેનોના વિવિધ વેઈટ કેટેગરીના પરિણામ મુજબ -૪૫ કિ.ગ્રા.માં જિલ મકવાણા (સ્વામિનારાયણ ગુરુકુલ) પ્રથમ, -૫૦ કિ.ગ્રા.માં પારમાર આશા





(જી.કે. અને સી.કે. બોસામિયા કોલેજ, જેટપુર) પ્રથમ, -૫૫ કિ.ગ્રા.માં સોનલ ડાંગર (ગ્રેસ કોલેજ) પ્રથમ, -૬૧ કિ.ગ્રા.માં કૃપા બુહેચા (ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન) પ્રથમ, -૬૮ કિ.ગ્રા.માં સંઘાણી બંસી (એમ.પી. શાહ ગવર્મેન્ટ મેડિકલ કોલેજ) પ્રથમ તથા ૬૮ કિ.ગ્રા.થી વધુ કેટેગરીમાં જોશી ખુશી (ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ) પ્રથમ સ્થાને રહી હતી.

સ્પર્ધાના ઉદઘાટન કાર્યક્રમમાં ઓસવાલ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન જયંતીભાઈ હરિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા, જીટીયુના સ્પોર્ટ્સ ડાયરેક્ટર ડો. આકાશ ગોહિલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન ડો.

(અનું.આઠમાં પાને)

# થોરાળામાં ભાઈના સાસરાના ઘર પાસે યુવાન પર છરી વડે હુમલો

## પાડોશી દંપતી ઝઘડો કરતા હોય તેને સમજાવા જતા પાંચ શખ્સોએ માર માર્યો

**અબતક, રાજકોટ**

મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમાં રહેતા યુવાન ગઈકાલે ભાઈના સસરા ના ઘરે થોરાળામાં પ્રસંગમાં ગયો હતો જ્યાં પાડોશમાં રહેતા દંપતિ ઝઘડામાં સમજાવવા જતા પાંચ શખ્સોએ છરી અને લોખંડ ચમચા હિચકારો હુમલો કરતા યુવાનને ગંભીર રીતે માથામાં ઈજાઓ થતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ મોરબી રોડ સેટેલાઈટ ચોકમાં રહેતા સન્ની ઉર્ફે લાલો અશોકભાઈ મકવાણા ઉંમર વર્ષ ૨૮ વર્ષે યુવાન ગત ૧૪ તારીખ રાત્રે ૧૧:૦૦ વાગ્યા આસપાસ પોતાના ભાઈના સસરાના ઘરે થોરાળામાં લગ્ન પ્રસંગમાં ગયેલ હોય જ્યાં પાડોશમાં રહેતા દંપતી ઝઘડો કરતા હોવાથી સમજાવવા ગયો હતો ત્યારે સામેવાળા ગાળો આપવાનો અને ઝઘડો કરતા થોડી જ વારમાં અવેશ ઉર્ફે અવલો ઓડિયા, અનીશ ઓડીયા, સબીર ઉર્ફ બોદુ ઓડિયા, વિપુલ ઉર્ફે રાજા પરમાર, અને તેમની પત્ની સહિતના શખ્સો દ્વારા હુમલો કર્યો હતો જેમાં છરી અને લોખંડ ચમચા યુવાનના માથામાં ઘા મારતા સની ને ગંભી રીતે બીજાઓ પહોંચતા સારવાર અર્થે પ્રથમ ખાનગી હોસ્પિટલમાં અને ગઈકાલે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો આ અંગે ઈજાગ્રસ્ત સની પોતે પોતાના ભાઈ રવિ ના સસરાના ઘરે પરિવાર સાથે લગ્નમાં ગયો હતો ત્યાં તેમના ભાઈ રવિ સહિતનાઓ પોતાના ઘરની પાસે ઉભા હતા ત્યારે પાડોશમાં દંપતી ઝઘડો કરતા હતા જેથી સમજાવવા જતા સામેવાળા શખ્સો ઉશ્કેરાયા હતા જેમાં પાંચ શખ્સો દ્વારા છરી વડે હિચકારો હુમલો કર્યો હતો આ અંગે માલવયા પોલીસે ૫ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવાની તપાસની તજવીજ હાથ ધરી છે.

# તબીબ પિતાના પગલે ધો.૧૨ પાસ શખ્સે ક્લિનિક ધમધમાવ્યું: ધરપકડ

## પડધરીના ખોડાપીપર ગામમાં રૂરલ એસઓજી ટીમનો દરોડો: મૂળ રાજકોટનો શખ્સ બે વર્ષથી મેડિકલ ડિગ્રી વગર લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો'તો



## અગાઉ પણ મેડિકલ પ્રેક્ટિસ કરતા ઝોલાછાપ તબીબ ઝડપાયો'તો : મેડિકલ સાધનો-દવા સહિતનો અડધા લાખનો મુદામાલ જપ્ત

**અબતક, રાજકોટ**

પડધરીના ખોડાપીપર ગામમાં રૂરલ એસઓજી ટીમે દરોડો પાડી લોકોના આરોગ્ય સાથે છેડા કરતાં બોગસ તબીબને ઝડપી લીધો હતો.તબીબ પિતા પાસેથી અનુભવ મેળવી ધો.૧૨ પાસ શખ્સે દવાખાનું ખોલી નાંખ્યું હતું. પોલીસે મેડિકલ સાધનો-દવા સહિતનો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એફ.એ. પારગીની રાહબરીમાં ટીમ પીએસઆઈ પી.બી.મિશ્રા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ નૈમિષભાઈ મહેતા, અનિરૂધ્ધસીંહ જાડેજા અને કોન્સ્ટેબલ વિપુલભાઈ ગોહિલ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પડધરીના ખોડાપીપર ગામની પ્રા.શાળા પાસે ચોરાની બાજુમા આવેલ ગરસોંદીયા (બ્રહ્માણી) માતાજીના મઢની બાજુ માં પીંતાબરભાઈ હંસરાજભાઈ ગરસોંદીયાના રહેણાંક મકાનમાં ભૌમીકસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી નામનો શખ્સ કોઈપણ મેડીકલ ડીગ્રી ધરાવતો ન હોવા છતા ગેરકાયદેસર રીતે માફ્તી કલીનીક ચલાવતો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે મેડિકલ ઓફિસરને સાથે રાખી ટીમે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન રહેણાંક મકાનના ફળીયામાં દોરી વડે આડસ (પડદો) રાખી ક્લિનિક ચાલતું જોવા મળ્યું હતું. ત્યાં સ્ટેથોસ્કોપ સાથે બેઠેલ શખ્સનું નામ પુછતા પોતે પોતાનુ નામ ભૌમીકસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી (ઉ.વ.૩૧, ધંધો, મેડીકલને લગતો, રહે.હાલ ખોડાપીપર ગામ, પડધરી, મુળ રાજકોટ કુષ્નનગર -૯ માધાપર, જામનગર રોડ) હોવાનુ જણાવેલ હતું, તે શખ્સ પાસે ડોકટર તરીકેની કે મેડીકલ પ્રેકટીશને લગતી કોઈ ડીગ્રી ન હોવાથી તેની અટક કરી પૂછતાછ કરતાં છેલ્લા બે વર્ષથી પોતે આ જગ્યાએ કોઈ નામઠામ વગરનુ કલીનીક ચલાવતો હોવાનુ જણાવેલ હતું. પોલીસે કલીનીકમાં તપાસ કરતા ટેબ્લેટસ, ઈન્જેકશનો, બાટલાઓ, સીરીજ, નીડલ તથા વાયલ સહિતના મેડીકલ પ્રેકટીશને લગતા અન્ય સાધનો તથા દવાઓ મળી આવતાં રૂ.૫૫ હજારના મુદામાલ સાથે બોગસ તબીબની ધરપકડ કરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સે ધો.૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે અને તેને તેના તબીબ પિતા પાસેથી અનુભવ મેળવી દવાખાનું શરૂ કરી દીધુ હતું. આરોપી અગાઉ પણ લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો ઝડપાઈ ચુક્યો છે.

# રેસકોર્સમાં બે કહેવાતી સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સરે ફિનાઈલ ગટગટાવ્યું

## ઈન્સ્ટાગ્રામ લાઈવમાં બેફામ વાણી વિલાસ કરી ચારેક શખ્સોએ ધમકી આપતાં પગલું ભર્યું: અનીશા અને તેની સહેલી પ્રિયા ઉર્ફે પિહુ સારવાર હેઠળ



**અબતક, રાજકોટ**

ઘણા સોશિયલ મીડિયામાં ઈન્ફલુએન્સરો દ્વારા ઈન્સ્ટા ગ્રામ અને ફેસબુકના માધ્યમથી વિડીયો અપલોડ કરી અથવા લાઈવમાં ઝઘડો કરી બેફામ વાણી વિલાસ કરતાં જોવા મળી રહ્યા છે. જેની સામે કોઈ ગંભીર કાર્યવાહી ન થતાં રિલમાં હિરો અને મોડલ સમજતાં લોકો બેફામ બની રહ્યાં છે. ત્યારે મોરબી અને રાજકોટની બે કહેવાતી સોશિયલ મીડિયા ઈનફલુએન્સરે દંપતી સહીત ચારના ત્રાસથી કંટાળી રેસકોસ ગ્રાઉન્ડમાં ફિનાઈલ પી લેતા સારવારમાં ખસેડવામાં આવી હતી. જે અંગે પોલીસે પણ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ મોરબીના વાવડી રોડ પર રહેતી અનીશાબેન શાહમદાર (ઉ.વ.૩૬) અને તેની સહેલી પ્રિયાબેન મેહુલભાઈ ચૌહાણ (ઉ.વ.૩૩) બંનેએ રેસકોર્સ ગ્રાઉન્ડમાં ફિનાઈલ પી લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરતાં પોલીસ દોડી ગઈ હતી.

વધુમાં બંને સહેલીઓએ જણાવ્યું હતું કે, અમે ત્રણ દિવસ પહેલા મુંબઈ ગયા હતા ત્યારે એક વિડીયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કર્યો હતો. જે વિડીયોમાં બેફામ વાણી વિલાસ કરાયો હતો અને આ વિડીયો સોનુ ઉર્ફે દિદુએ જોયો હતો. તેમાં બોલેલા અપશબ્દને લઈને સોનુએ ફોન કરી તમે પાકિસ્તાની છો, તમે ગુજરાતનું ખરાબ બોલ્યું છે, કહી બોલાચાલી કરી હતી. આથી આ વિડીયો અમે ડીલીટ કરી નાખ્યો હતો. એમ છતાં વોટ્સએપ કોલ અને નોટ મોકલી લાઈવમાં આવવા દબાણ કર્યું હતું. અને અમે લાઈવમાં આવતા અપશબ્દો તેણીએ અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. સોનુ ઉર્ફે દિંદુ સાથે સુરતની અંકિતા પટેલ લાઈવમાં ફોન કરી બધાને વાતો સંભળાવતી હતી. કે સોનુ અમારી સામે ન આવી જોઈ બાકી ઉપાડી લેશું. કહી. છેલ્લા કેટલાક દિવસથી ત્રાસ આપતી હતી. અમે આ ચારમાંથી કોઈને ઓળખતા નથી, અનીશા મારી બહેનપણી હોવાથી આ લોકોને તકલીફ પડી રહી છે. કહી આક્ષેપો કર્યા હતા.

બનાવની જાણ થતાં પ્ર. નગર પોલીસ મથકના પીઆઈ વી.આર.વસાવા અને ટીમે તોપાસ આદરી હતી. જોકે હાલ યુવતીઓએ ફરીયાદ નોંધવાની ના પાડતાં પોલીસે નિવેદન નોંધ્યા હતા.

# હેમુગઢવી હોલ નજીક ઓનલાઈન આઈડી મારફતે જુગાર રમતો રેલનગરનો વેપારી ઝબ્બે

## દસ દી' પૂર્વે જીલ ધડુક પાસેથી આઈડી મેળવ્યાની કેફીયત : ક્રાઈમ બ્રાન્ચનો દરોડો

**અબતક, રાજકોટ**

શહેરના હેમુ ગઢવી હોલ પાસે શેરીમાં મોબાઈલ આઈડી મારફત ઓનલાઈન જુગાર રમી રહેલા રેલનગર પાસે રહેતા વેપારીને ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લીધો હતો. પોલીસે આ શખસ પાસેથી મોબાઈલ કબજે કરી પુછતાછ કરતા આઈડી આપનાર તરીકે જીલ ધડુકનું નામ ખુલ્યું હતું. જેથી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ડાંગર, ઉમેશભાઈ ચાવડા, કનકસિંહ સોલંકી સહિતનો સ્ટાફ રાત્રીના પેટ્રોલિંગમાં હતો દરમિયાન મળેલી બાતમીના આધારે ટાગોર રોડ પર હેમુ ગઢવી હોલવાળી શેરીમાં એક શખસ મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહ્યો હોય પોલીસે આ શખસ પાસેથી મોબાઈલ ફોન લઈ તપાસ કરતા આ શખસ મોબાઈલમાં એચકેડી ૭૭૭ નામની આઈડી મારફત તીનપત્તી ગેમ્સમાં જુગાર રમતો હોવાનું માલુમ પડ્યું હતું. મોબાઈલની સઘન તપાસ કરતા અલગ અલગ પોઈન્ટની કુલ ચાર બાજી લગાવેલ હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે રૂ. ૫,૦૦૦ ની કિંમતનો આ મોબાઈલ ફોન કબજે કર્યો હતો.

પોલીસે આ શખસની સઘન પૂછતાછ કરતા તેણે આ આઈડી ૧૦ દિવસ પૂર્વે જીલ ધડુક પાસેથી મેળવી હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે બંને શખસો સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આઈડી આપનાર જીલ ધડુકને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# વાલ્મિકીવાડીનો કુખ્યાત સાવન ઉર્ફે લાલી પાસાના પાંજરે પુરાયો

## પ્ર.નગર પોલીસે પાસા વોરંટની બજવણી કરી વડોદરા જેલ ખાતે ધકેલવા તજવીજ આદરી



**અબતક, રાજકોટ**

દુષ્કર્મ, ફરજમાં રુકાવટ, રાયોટ સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ શખ્સ કુખ્યાત સાવન ઉર્ફે લાલીને પાસાના પાંજરે પુરવામાં આવ્યો છે. પોલીસે પાસા વોરંટની બજવણી કરી પાસા અટકાયતીને વડોદરા જેલ ખાતે ધકેલવા તજવીજ આદરી હતી.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી બી જે ચૌધરી દ્વારા શરીર સંબંધી ગુના કરવાની ટેવ ધરાવતા શખ્સો વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી અટકાયતી પગલા લેવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી આર વસાવા દ્વારા વારંવાર શરીર સંબંધી ગુના આચરતા શખ્સ સાવન ઉર્ફે લાલી સંજયભાઈ વાઘેલા (ઉવ ૩૧ રહે. વાલ્મિકી વાડી શેરી નં.-૩, જામનગર રોડ, રાજકોટ) વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજૂરીની મહોર લગાવવામાં આવતા સાવન ઉર્ફે લાલીને વડોદરા જિલ્લા જેલ ખાતે ધકેલી દેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખની છે કે પાસા અટકાયતી સાવન ઉર્ફે લાલી વિરુદ્ધ દુષ્કર્મ, ફરજમાં રૂકાવટ, રાયોટ સહિતની ગંભીર કલમો હેઠળ પાંચ ગુના નોંધાઈ ચૂક્યાનું પોલીસની તપાસમાં સામે આવ્યું હતું.

આ કામગીરીમાં પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી આર વસાવા, પીએસઆઈ જે બી રાણીગા, એએસઆઈ રવિભાઈ વાઘેલા, ઈમ્તિયાઝભાઈ યુસુફભાઈ, હેડ કોન્સ્ટેબલ જેન્તીભાઈ વાવડીયા, મયુરરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ સાગરભાઈ મનસુખભાઈ, ચાપરાજભાઈ ખવડ, તૌફીક મંધરા, રિયાઝભાઈ ભિપૌત્રા, વનરાજભાઈ બોરીચા, તોફીકભાઈ જુણાચ અને ધર્મેશભાઈ મોણપરા રોકાયા હતા.

# ઓપરેશન મ્યુલ હન્ટ: કમિશનની લ્હાયમાં એકાઉન્ટ ભાડે આપનાર વધુ ૧૦ શખ્સો સામે કાર્યવાહી

## બે હજારથી દસ હજાર રૂપિયાના કમિશનની લાલચમાં એકાઉન્ટ હોલ્ડર ફસાયા : સાયબર ક્રાઈમ સહિતના પોલીસ મથકોમાં અનેક ગુના નોંધાયા

**અબતક, રાજકોટ**

ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત પૈસાની લાલચમાં સાયબર ફ્રોડ માટે પોતાના બેન્ક એકાઉન્ટ ભાડે આપનારાઓ ઉપર પોલીસે આકરી કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ અને ભક્તિનગર પોલીસે આ અંગે ગુના દાખલ કર્યા હતા.

સાયબર ક્રાઈમ પોલીસે અંકુર કિરીટ સંચાણિયા (રહે. અરવિંદ મણિયાર શેરી નં.૨૪, હુડકો)એ રૂ. ૫ હજારની લાલચમાં પોતાના ઓળખીતા યશપાલ વાસુદેવ નિમાવતને પોતાનું બેન્ક એકાઉન્ટ આપી દીધું હતું. જેમાં સાયબર ફ્રોડના રૂ. ૧ લાખ જમા થયા હતા. જેથી બંને આરોપીઓ સામે ગુનો દાખલ કરાવાયો છે.

જ્યારે અન્ય એક ગુનામાં આરોપી રણજિત જયંતીલાલ ખંડવી (રહે. મહાત્મા ગાંધી પ્લોટ શેરી નં.૨, પારેવડી ચોક) કડિયાકામની મજુરી કરે છે. જેણે મિત્ર હિરેન સોલંકીને પોતાનું બેન્ક એકાઉન્ટ માત્ર રૂ.૪ હજારનાં કમિશનની લાલચમાં આપી દીધું હતું. જે બેંક એકાઉન્ટમાં ગેમિંગ અને ફ્રોડના રૂ.૧૯.૨૬ લાખ જમા થયા હતા. જેથી આ બંને આરોપીઓ સામે પણ ગુનો નોંધાવાયો છે.

તેમજ ભક્તિનગર પોલીસે સાગર પ્રફુલ રાવરાણી (રહે. વિવેકાનંદનગર, કોઠારીયા રોડ) અને અમૃત અશોકભાઈ રાવલ (રહે. સત્યમ પાર્ક, ૮૦ ફૂટ રોડ) સામે ગુનો દાખલ કરી જણાવ્યું છે કે, સાગરના બેંક ખાતામાં અમૃતે ગેમિંગના રૂ. ૩.૬૨ લાખ અને ૧૪,૯૦૦ નાખ્યા હતા. જે તેણે ઉપાડી અમૃતને આપી દીધા હતા. જેમો તેને ૨૫૦૦નું કમિશન મળ્યું હતું.

ઉપરાંત સાયબર ક્રાઈમની ટીમે હિતેષ હસમુખલાલ માંડલીયા (રહે. કરણપરા) અને સ્મીત મુકેશભાઈ ઝીંઝુવાડીયા (રહે. રૈયા રોડ નજીક)ની સામે ગુનો નોંધ્યો છે. જેમાં જણાવ્યું કે, ખાતા ધારક હિતેષના બેંક ખાતામાં આવેલા ૨૨ લાખ ઉપાડી તેણે સ્મીતને આપતા તેને ૧૦ હજાર મળ્યા હતા.

તેમજ વધુ એક પોલીસ કાર્યવાહીમાં અલીઅસગર ગુલામહુશેન શેખ (ઉ.વ.૨૨, રહે. લક્ષ્મીનો ઢોરો) અને અમન નામના શખ્સ સામે ગુનો દાખલ કરાયો છે. જેમાં જણાવ્યુ કે, સાયબર ફ્રોડના રૂ.૫ લાખ બેંક ખાતામાં મેળવી વિડ્રો કરી લીધા હતા.સાયબર ક્રાઈમ પોલીસના સૂત્રોએ જણાવ્યું કે અત્યાર સુધીમાં આ સંબંધે ૨૪ ગુના દાખલ કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં વધુ ફરિયાદો નોંધાશે.

# પૂષ્કરધામ પાસે યુવાને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## રવિવારે રાતે બે વાગ્યા પોતાના ઘરે પગલું ભર્યું ખાનગી હોસ્પિટલમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવા રોડ પાસે પુષ્કરધામ મેન રોડ પર ક્રિષ્ના. પાર્ક માં રહેતા ૧૯ વર્ષીય યુવાને ગત ૧૫ તારીખે રાત્રે બાર વાગે આસપાસ પોતાના ઘરે ઝેરી દવા પી જતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેનું ટૂંકી સારવાર માં દમ તોડતા તબીબે મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા ઘટના સ્થળે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ના એએસ આઈ જીતુભાઈ બાળા સહિત નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો .આ અંગે મળતી માહિતી મુજબ કાલાવડ રોડ પર પુષ્કર ગામ ક્રિષ્ના પાર્કમાં રહેતા સુરેશકુમાર કરણરાય ચાવડા ઉંમર વર્ષ ૧૯ વર્ષીય યુવાને ગત ૧૫ ના રાત્રે બે વાગ્યા આસપાસ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેનું ટૂંકી સારવાર માં દમ તોડતા તબીબે યુવાને મૃત જાહેર કરતા યુનિવર્સિટી પોલીસના એએસઆઈ જીતુભાઈ બાળા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે યુવાને દવા પી આપઘાત કરવા પાછળનું કારણ હજુ સુધી અકબંધ છે આ અંગે યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મટુકી રેસ્ટોરન્ટ પાસે યુવતીએ ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

## ખાનગી હોસ્પિટલમા ફરજ બજાવતી નર્સએ મંગેતર સાથે વાત કર્યા બાદ ભર્યું પગલું

**અબતક, રાજકોટ**

શહેરના મટુકી રેસ્ટોરન્ટ ની પાસે ગોવિંદ રત્ન ગ્રીન સિટી ૪ માં રહેતી મંગેતર ગઈકાલે પોતાના ઘરે રૂમમાં ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી ૧૦૮ ની ટીમ દ્વારા પરણીતાને મૃત જાહેર કરતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના ૮૦ રિંરોડ પર આવેલ મટુકી રેસ્ટોરન્ટ ની બાજુમાં ગોવિંદ રત્ન ગ્રીન સિટી ૪ માં રહેતી મિતલબેન મનુભાઈ બાંભણિયા ઉંમર વર્ષ ૨૨ વર્ષીય મંગેતરએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ઘરે ફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરાઈ હતી જેમાં તબીબ દ્વારા મંગેતરને મૃત જાહેર કરતા ઘટના સ્થળે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતાના મંગેતર સાથે વાત કર્યા બાદ પગલું ભર્યું હતું મૃતકની સગાઈ થોડા સમય પહેલા સગાઈ થઈ હતી અને ગીર સોમનાથ ની વતની હોય અને અહીં રાજકોટમાં નર્સ તરીકે નોકરી કરતી હોય અને દિવસમાં કપડાના શો રૂમમાં પણ નોકરી કરતી હતી અને બે બહેન ૧ ભાઈમાં મોટી હતી આપઘાત કરવાનું કારણ હજુ સુધી અકબંધ છે પરિવારમાં શોખનું મોજુ ફરી વળ્યું હતું આ અંગે રાજકોટ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશિપમાં યુવાને ફિનાઈલ પી કર્યો આપઘાત

## રેલનગર વિસ્તારના યુવકે ભરેલા પગલાથી પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગરમાં શામજી કૃષ્ણ વર્મા ટાઉનશિપમાં રહેતા યુવાને ગઈ કાલ સાંજે ચાર વાગે આસપાસ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફીનાઈલ પી જતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા જ યુવાને તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે પ્રનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના મરણ ચિંતાજનગ રીતે વધી રહ્યા છે ત્યારે માણસ પોતે સહન શકિત ગુમાવી બેઠો છે અને નાની નાની બાબતે આપઘાત કરે છે આ અંગે મળતી માહિતી મુજબ રેલ નગરના શામજી કૃષ્ણ વર્મા ટાઉનશિપમાં રહેતા નિલેશભાઈ વસંતભાઈ ચાવડા ઉંમર વર્ષ ૩૫ વર્ષે યુવાને પોતાના ઘરે અગમ્ય કારણોસર ફીનાઈલ પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું ટૂંકી સારવાર દરમિયાન દમ તોડતા તબીબે મૃત જાહેર કર્યો હતો ઘટનાની જાણ થતા પ્રનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકના આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે આ અંગે પ્રનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# નવાગામે બાઈક સ્લીપ થતા યુવાનનું મોત

## કરિયાણું લેવા જતી વેળાએ સર્જાયો અકસ્માત, સારવાર દરમિયાન દમ તોડ્તા પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

શહેરમાં નવાગામ પાસે રહેતો યુવાન શનિવારે મોટરસાયકલ લઈને કરિયાણું લેવા જતો હોય એ વેળાએ પોતાનું બાઈક સ્લીપ થઈ જતા માથાના ભાગે ગંભીર જાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનુ સારવાર દરમિયાન આજે મોત નીપજતા તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે કુવાડવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ નવાગામમાં રહેતો યુવાન શનિવારે સાંજે સાત વાગ્યા આસપાસ મોટરસાયકલ લઈ અને કરિયાણું લેવા જતો હતો અત્યારે પોતાનું બાઈક અચાનક સ્લીપ થઈ જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર આવશે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું આજે સારવાર દરમિયાન મોત નીપજતા ઘટના સ્થળ પર કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક કરિયાણું લેવા જતી વેળા અકસ્માત સર્જાયો હતો મૃતક પોતે કડિયાકામ કરતો હોય અને મૂળ એમપીના ધાર જીલ્લાનો વતની હોય અને ત્રણ ભાઈ માં નાનો અને ચાર પુત્રોએ પિતાનું છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનુ મોજુ ફરિવળ્યું હતું આ અંગે કુવાડવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પરાપીપળિયાના પાટીયા પાસે પરિણીતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

**અબતક રાજકોટ**

શહેરના પરાપીપળીયાના પાટીયા પાસે ૨૫ વારીયા માં રહેતી પરણીતાએ આજે સવારે ૧૧:૦૦ વાગ્યા આસપાસ અગમ્ય કારણોસર પોતાના ઘરે ચુંદડી વડે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરતા સારવાર મળે તે પહેલા જ તબીબે પરણીતાને મૃત જાહેર કરતા ઘટના સ્થળ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના પરાપીપળીયાના પાટીયા પાસે ૨૫ વરિયામાં રહેતી ગીતાબેન ભીખાભાઈ ભાટી ઉંમર વર્ષ ૩૫ વર્ષીય પરણીતા પોતાના ઘરે આજે સવારે ૧૧:૦૦ વાગ્યા આસપાસ અગમ્ય કારણોસર ચૂંદડી વડે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલ ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી જેમાં તબીબે પરણીતાને ઘટના સ્થળ પર મૃત જાહેર કરતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકનો આપઘાત કરવા પાછળનું કારણ હજુ સુધી અકબંધ છે મૃતક પરણીતાના પતિ શ્રમિક કામ કરતા હોય અને પોતે એકલી હોય અને થોડા સમયથી માનસિક સ્થિતિ સારી ન હોય જેથી આપઘાત કર્યાનું પતિ જણાવ્યું હતું અને સંતાનમાં ૨ પુત્ર અને ૨ પુત્રી માતાની મમતા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# પ્રદેશ ભાજપ મહામંત્રી પદ માટે સૌરાષ્ટ્રના ત્રણ નેતાઓના નામ ચર્ચામાં

## ડો.ભરત બોઘરા ફ્રન્ટ રનર: યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડો. પ્રશાંત કોરાટ અને ધારાસભ્ય મહેશ કસવાલા પણ દાવેદારોના લીસ્ટમાં

**અબતક, રાજકોટ**



ભાજપ હાઈકમાન્ડ દ્વારા હવે ગમે ત્યારે ગુજરાતનું સંગઠન માળખું જાહેર કરવામાં આવે તેવી શકયતા જણાય રહી છે. પ્રમુખ અને સંગઠન મહામંત્રી પદ પછી સૌથી મહત્વપૂર્ણ મનાતા એવા મહામંત્રીના પદ માયે સૌરાષ્ટ્રના ત્રણ નેતાઓનાં નામો ચર્ચામાં હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ પ્રદેશમાં ઉપાધ્યક્ષ તરીકેની જવાબદારી વહન કરી રહેલા ડો. ભરતભાઈ બોઘરા ફ્રન્ટ રનર મનાય રહ્યા છે. આ ઉપરાંત પ્રદેશ ભાજપના યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનું નામ પણ ચર્ચામાં છે.ભાજપ દ્વારા હવે કમુરતા પછી નવી ટીમ જાહેર કરવામાં આવે તેવી શકયતા જણાય રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજી ગત શનિવારે રાત્રે અચાનક દિલ્હી દોડી ગયા હતા. રવિવારે રાગ સુધીમાં સંગઠન માળખું જાહેર થઈ જાય તેવું લાગી રહ્યું હતુ. પરંતુ કોઈ કારણોસર જાહેરાત થઈ શકી ન હતી. દરમિયાન આજથી ધનારક કમુરતાનો આરંભ થઈ રહ્યો હોય સોમવાર રાત્રી સુધીમાં ટીમ વિશ્વકર્માની જાહેરાત થવાની પ્રબળ

(અનુ. આઠમા પાને)

### કમુરતામાં ભાજપ સંગઠન માળખું જાહેર કરશે કે એક માસ રાહ જોશે?

ધનારક કમુરતાનો આજથી આરંભ થઈ ચૂકયો છે. આવામાં સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા કમુરતામાં સંગઠન માળખાની જાહેરાત કરવામાં આવશે કે પછી હવે એક મહિનો ખેંચી કાઢવામાં આવશે તેના પર કાર્યકરોની મીટ મંડાયેલી છે. મંગળવારથી કમુરતા શરૂ થઈ રહ્યા હોય ભાજપ સોમવારે રાત્રિના ૧૨ વાગ્યા સુધીમાં સંગઠન માળખુ જાહેર કરી દેશે તેવી આશા સાથે અનેક આગેવાનોએ ગઈકાલે રાત ઉજાગરા કર્યા હતા.

# ન હોય... રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટમાં માછીમારીથી વિકાસની ઉંચાઈને આંબવાનો તખ્તો !

## વીજીઆરસીમાં ગુજરાતની સ્માર્ટ રિવોલ્યુશન ક્ષમતા રજુ કરાશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ૮૦ ટકાથી વધુ લોકો શાકાહારી છે. બીજી તરફ દેશોની સૌથી મોટો ૧૬૦૦ કી.મી.નો દરિયા કાંઠા વિસ્તાર ધરાવતા ગુજરાતમાં માછમારી ઉદ્યોગ પણ ધમધમી રહ્યો છે. રાજકોટમાં આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સમાં માછીમારી થકી વિકાસની ઉંચાઈને આંબવાનો તખ્તો તૈયાર કરવામાં આવ્યા છે.

આવતા મહિને રાજકોટમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સમિટમાં ગુજરાતનું મત્સ્યઉદ્યોગ ક્ષેત્ર વ્યાપક જાળ ફેલાવી રહ્યું છે, જ્યાં રાજ્યના દરિયાઈ પાવરહાઉસ - સૌરાષ્ટ્ર અને કચ્છ - ધ્યાન કેન્દ્રિત કરશે. એકસાથે, બંને પ્રદેશો રાજ્યના વાર્ષિક માછલી ઉત્પાદનમાં લગભગ ૮૦% હિસ્સો ધરાવે છે. સમિટ ગુજરાતના દરિયાઈ ઉત્પાદનના સ્કેલ અને દરિયા કિનારા પર રાહ જોઈ રહેલી તકો બંને પ્રદર્શિત કરશે. ભારત હવે વિશ્વનો બીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે, જે વૈશ્વિક ઉત્પાદનમાં ૮% હિસ્સો ધરાવે છે, રાજ્ય વાદળી અર્થતંત્રમાં પોતાને વધુ મજબૂત બનાવવા માંગે છે.

આ ક્ષેત્ર આંતરિક અને દરિયાઈ માછીમારી, જળચરઉછેર, સીફૂડ પ્રોસેસિંગ, નિકાસ, માર્કેટિંગ, સંશોધન અને શિક્ષણનો સમાવેશ કરે છે, જે સામૂહિક રીતે દેશભરના લગભગ ૩૦ મિલિયન લોકોને ટેકો આપે છે. છેલ્લા ચાર વર્ષમાં સરેરાશ વાર્ષિક ઉત્પાદન આશરે ૯.૩૦ લાખ મેટ્રિક ટન સાથે, ગુજરાત દરિયાઈ માછલી ઉત્પાદનમાં રાષ્ટ્રીય સ્તરે બીજા ક્રમે છે. ૨૦૨૫-૨૬ માટે, રાજ્યએ ૧૧,૭૧,૩૫૩ મેટ્રિક ટનનું મહત્વાકાંક્ષી ઉત્પાદન લક્ષ્ય નક્કી કર્યું છે, જેમાં ૮,૪૦,૦૬૯ મેટ્રિક ટન દરિયાઈ માછલી અને ૩,૩૧,૨૮૪ મેટ્રિક ટન આંતરિક ઉત્પાદનનો સમાવેશ થાય છે.

સૌરાષ્ટ્રના આઠ દરિયાકાંઠાના પ્રદેશો રાજ્યના કુલ ઉત્પાદનમાં સામૂહિક રીતે ૭૦% થી વધુ ફાળો આપે છે, જ્યારે રાજ્યનો સૌથી મોટો ભૌગોલિક જિલ્લો કચ્છ લગભગ ૯% ફાળો આપે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, રાજ્યનું દરિયાઈ ઉત્પાદન ૭,૬૪,૩૪૩ મેટ્રિક ટન હતું, જેમાં સૌરાષ્ટ્રનો ફાળો ૫,૪૨,૩૩૩ મેટ્રિક ટન અને કચ્છનો ફાળો ૬૭,૫૪૭ મેટ્રિક ટન હતો.

આધુનિક યુગના માછીમારી બંદરો હવે માત્ર નૌકાઓના અવરજવર માટેના સ્થિર માળખા નથી. તેઓ દરિયાઈ આજીવિકા, નિકાસ, સમુદાય સમૃદ્ધિ અને રાજ્યના બ્લુ ઈકોનોમીને મજબૂત બનાવી રહ્યા છે. ગુજરાત સ્માર્ટ, ટકાઉ અને સામાજિક રીતે સમાવિષ્ટ બ્લુ હાર્બર્સના વિકાસમાં દેશને માર્ગદર્શન આપી રહ્યું છે, જેના દ્વારા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મજબૂત બનશે અને વૈશ્વિક સીફૂડ બજારમાં ભારતનું નેતૃત્વ પ્રબળ થશે.

ગુજરાતના પશ્ચિમ દરિયાકિનારા પર કચ્છ જિલ્લામાં સ્થિત જખૌ બંદર, રાજ્યના સૌથી મહત્વપૂર્ણ મત્સ્યઉદ્યોગ કેન્દ્રોમાંનું એક છે જેનું સંચાલન મત્સ્યઉદ્યોગ કમિશનર દ્વારા કરવામાં આવે છે. અહીં માછલી ઉતરાણથી લઈને જહાજોના મરામત, સંગ્રહ પ્રણાલીઓ અને જુદી જુદી જેટી સુવિધાઓ સુધીનું આધુનિક માળખું વિકસાવવામાં આવ્યું છે. બ્લુ રિવોલ્યુશન પહેલ હેઠળ જખૌ બંદરના આધુનિકીકરણથી દરિયાઈ કાર્યક્ષમતા વધશે અને રાજ્યના બ્લુ ડેવલોપમેન્ટ વિઝનને વધુ મજબૂતી મળશે.

ગુજરાતની દરિયાકાંઠા પ્રગતિ અને દરિયાઈ ઉદ્યોગોને વૈશ્વિક મંચ પર રજૂ કરવા માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવી બીજી આવૃત્તિ જાન્યુઆરી ૨૦૨૬ના બીજા અઠવાડિયામાં રાજકોટમાં યોજાશે, જેમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશોની દરિયાકાંઠા શકિત અને માછીમારી કેન્દ્રિત સંભાવનાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# શિયાળાનો અલગ જ રંગ: ૮ શહેરોમાં લઘુતમ તાપમાન ઘટયું, ૧૦માં વધ્યું !

## નલિયા ૧૧.૨ ડિગ્રી સાથે રાજયનું સૌથી ઠંડુ શહેર: રાજકોટનું તાપમાન બે ડિગ્રી જેટલુ ઉંચકાયુ

**અબતક, રાજકોટ**

આ વર્ષ શિયાળો જાણે રમતે ચડયો હોય તેવું લાગી રહ્યુ છે. શિયાળાનો વિચિત્ર માહોલ જોવા મળી રહ્યો છે. એક દિવસ લઘુતમ તાપમાનમાં ઘટાડો થાય છે તો બીજી દિવસે તાપમાન ઉંચકાય જાય છે. આજે પણ કચ્છનું નલિયા ૧૧.૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતુ આજે આઠ શહેરોમાં લઘુતમ તાપમાન ઘટયું હતુ. જયારે ૧૦ શહેરોમાં લઘુ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

હવામાન વિભાગના સુત્રોના જણાવ્યાનુસાર આજે અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૫.૪ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતુ. આ ઉપરાંત અમરેલીનું તાપમાન ૧૨.૬ ડિગ્રી, બરોડાનું લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૧૮ ડિગ્રી, ભુજનું તાપમાન ૧૪.૪ ડિગ્રી, ડિસાનું તાપમાન ૧૪ ડિગ્રી, દિવનું તાપમાન ૧૬.૪ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૯.૨ ડિગ્રી ગાંધીનગરનું તાપમાન ૧૩ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૭ ડિગ્રી, નલીયાનું લઘુતમ તાપમાન ૧૧.૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૧.૩ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૨.૯ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૧૫.૩ ડિગ્રી, સુરતનું તાપમાન ૧૮.૯ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૧૮.૧ ડિગ્રી અને જૂનાગઢનું તાપમાન ૧૩.૪ ડિગ્રી નોંધાયું હતુ. આજે ભાવનગર, ભૂજ, દમણ, દિવ, દ્વારકા, કંડલા, ઓખા, રાજકોટ, સુરત અને જૂનાગઢ એમ ૧૦ શહેરોમાં લઘુતમ તાપમાનનો પારો ઉંચકાયો હતો. જયારે અમદાવાદ, અમરેલી, બરોડા, ડિસા, ગાંધીનગર, પોરબંદર, નલીયા અને વેરાવળના તાપમાનમાં ઉછાળો નોંધાયો હતો. રાજકોટના લઘુતમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો નોંધાયો છે.

## દ્વારકાધીશને ચાંદીની અંગીઠીનું તાપણું: કાશ્મીર પશ્મી શાલ ઓઢાડાઇ



ભગવાનશ્રી દ્વારકાધીશને ધનુર્માસમાં કાતીલ ઠંડીના દિવસોમાં ઠાકોરજીની સેવાનો પ્રકાર, વસ્ત્ર પરિધાન, આભુષણો, શૃંગાર, ભોગ ઈત્યાદિ મૌસમને અનુરૂપ કરવામાં આવે છે.

આ અંગે દ્વારકાધીશ મંદિરના પ્રણવ પુજારીના જણાવ્યા મુજબ શિયાળાની કાતિલ ઠંડીના સમયમાં ઠાકોરજીને અભિષેક બાદ ઠાકોરજીની સેજામાં સૌભાગ્ય સૂંઠ જેમાં સૂંઠ, ઘી, ગોળ, મરી, તજ, કેશર, કાળી મુસલી, ધોળી મુસલી, બદામ પીસ્તા કાજુ ઠાકરોજીને ધરાવવામાં આવે છે. ચાંદીના વાસણમાં સૌભાગ્ય સૂંઠ તથા કેશરયુક્ત ગરમ દુધ અર્પણ કરી ઠંડી ઓછી પડે તેવો ભાવ વ્યક્ત કરવામાં આવે છે. શિયાળાના સમયમાં ભગવાન શ્રી દ્વારકાધીશને સોનાનાં દાગીના પરિધાન કરાવવામાં આવે છે.

ભગવાનને ધરાવવામાં આવતા ભોગમાં રાજભોગ (અનુ. આઠમા પાને)

# ચીકીના વેપારીઓ કોર્પોરેશનની ઝપટે ચાર સ્થળેથી આઠ નમૂના લેવાયા

## સદરમાં સંગમ વેરાયટી સ્ટોર, ઓમ સિઝન સ્ટોર અને ચુનારાવાડ ચોક સ્થિત ભાવના ફૂડ્સમાંથી વિવિધ ફ્લેવર ચીકીના સેમ્પલ લઈ પરિક્ષણમાં મોકલાયા

**અબતક, રાજકોટ**



શિયાળાની સિઝનમાં ચીકીનું વેંચાણ વધુ માત્રામાં થતું હોય છે. વધુ નફો કમાવવાની લાલચમાં વેપારીઓ હલકી ગુણવત્તાની ચીજવસ્તુઓનો ઉપયોગ કરી ચીકી બનાવતા હોય છે. આ ઉપરાંત ભેળસેળ પણ થતી હોવાની શંકાના આધારે કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ચીકીના ત્રણ ધંધાર્થીઓને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આઠ ચીકીના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

શહેરના સદર બજાર મેઈન રોડ પર સંગમ વેરાયટી સ્ટોરમાંથી લૂઝ શીંગ ચીકી અને લૂઝ શીંગ માવા ચીકી ઉપરાંત રોઝ પેટલ શીંગ ચીકી તથા દાળીયાની ચીકીના નમૂના લેવામાં આવ્યા હતા. જ્યારે ઓમ સિઝન સ્ટોર્સમાંથી લૂઝ શીંગની ચીકી અને તલનું કચરીયુંના સેમ્પલ લેવાયા છે. ચુનારાવાડ ચોક સ્થિત લાખાજીરાજ ઉદ્યોગનગર-૬માં આવેલા ભાવના ફૂડ્સમાંથી શીંગની ચીકી અને તલની ચીકીના સેમ્પલ લઈ પરિક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે.

આ ઉપરાંત પ્રેમ મંદિર તથા કિડની હોસ્પિટલ પાછળ ખાણીપીણીની ૧૯ દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. સ્થળ પર ૧૭ ખાદ્ય સામગ્રીના નમૂના ચેક કરવામાં આવ્યા હતા. જ્યારે ચામુંડા મેગ્ગી સેન્ટર, બાલાજી છોલે-ભટૂરે, સ્વાતિ મદ્રાસ કાફે, ક્રિષ્ના સ્નેક્સ, રાધે જ્યુસ સેન્ટર અને દિલખુશ પાણીપુરીને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટીસ આપવામાં આવી છે. આજે લેવામાં આવેલા ચીકીના નમૂનાના પરિક્ષણ રિપોર્ટ આવતા મહિનાઓ નીકળી જશે ત્યાં સુધીમાં રાજકોટવાસીઓ હજ્જારો કિલો ચીકી આરોગી ચુક્યા હશે. કોઈપણ ખાદ્ય સામગ્રીના નમૂના લીધા બાદ તેના રિપોર્ટ ઝડપી આવી જાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

# એસઆઈઆર અંતર્ગત ૧૦.૬૯ લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણ

## ૩૩ પૈકી ૨૬ જિલ્લામાં વિસંગતતાઓ શૂન્ય: હવે ૭ જિલ્લામાં માત્ર ૧૧ કિસ્સામાં ખરાઈ કરવાનું બાકી

**અબતક, રાજકોટ:** એસઆઈઆર ઝુંબેશ અંતર્ગત ૧૦.૬૯ લાખ વિસંગતતાઓની ચકાસણી કામગીરી પૂર્ણ થઈ જવા પામી છે. માત્ર ૭ જિલ્લામાં ૧૧ કિસ્સામાં વિસંગતતાની ખરાઈ કરવાનું કામ બાકી છે.

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત ૨૭ ઓક્ટોબરથી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશનો ગણતરીના તબક્કાની ખુબ અસરકારક કામગીરી જોવા મળી છે.

એસઆઈઆરની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં ૫.૦૮ કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ જે નાગરિકોના અવસાન, કાયમી સ્થળાંતર, ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બૂથ (અનુ. આઠમા પાને)





